RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 30-08-2026 I VOL : 12 I Issue : 165 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

સુવિચાર

સમય સાથે નહીં, સમયથી આગળ ચાલો. હિંમત રાખો, રસ્તો ખુદ બની જશે.


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3

માત્ર એક જ મહિનામાં નવો ડામર રોડ ધોવાયો, સ્ટેચ્યૂ ઓફ યુનિટી જતા હજારો...

4


ગુજરાત પોલીસના ઇતિહાસનો સૌથી કાળો અધ્યાય...

6

યશ સાથેના બોલ્ડ સીનને લઈને હવે ટ્રોલ થઈ અભિનેત્રી કિયારા અડવાણી

7

પેનલ્ટી શૂટઆઉટમાં બેલ્જિયમ સામે ભારત હાર્યું

## એક નજર...

### એક્ટ્રેસ નિકિતા શર્માનો ટ્રેડિશનલ લૂક વાયરલ થયો



તાજેતરમાં અભિનેત્રીએ ઈન્સ્ટાગ્રામ પર કેટલીક બોલ્ડ તસવીરો શેર કરી છે જેણે સોશિયલ મીડિયા પર તાપમાન વધારી દીધું છે. નિકિતા શર્મા આ પરંપરાગત દક્ષિણ ભારતીય લુકમાં અત્યંત આકર્ષક, ભવ્ય અને સાચે જ મનમોહક લાગી રહી છે. કેમેરા સામે સુંદર પોઝ આપતી નિકિતાની આ કાતિલ અદાઓ અને સ્માઈલ સોશિયલ મીડિયા પર ફેન્સનું દિલ જીતી રહી છે.

## NEWS TRACK

### કેનેડામાં ભારતીય યુવાનોને મોટી રાહત: વર્ક પરમિટ માટે હવે મળશે 90 દિવસ

કેનેડામાં રોજગાર મેળવી રહેલા ભારતીય અને પંજાબી યુવાનો માટે આશ્વાસન આપતા મોટા સમાચાર આવ્યા છે. કેનેડાના ઈમિગ્રેશન વિભાગે 'ઈન-કેનેડા વર્ક પરમિટ' વિસ્તારવાની પ્રક્રિયા હેઠળ મળતો સમયગાળો 60 દિવસથી વધારીને 90 દિવસ કરી દીધો છે. જે યુવાનોનો વર્ક પરમિટ પૂરો થવાના આરે છે અને તેમના એમ્પ્લોયરે તેમના માટે લેબર માર્કેટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ(LMIA)ની અરજી પહેલાથી જ જમા કરાવી દીધી છે, તેમને હવે વર્ક પરમિટ એક્સટેન્શનની પ્રક્રિયા પૂરી કરવા માટે 30 દિવસનો વધારાનો સમય મળશે. કેનેડામાં ભણતર પૂરું કર્યા પછી મોટી સંખ્યામાં પંજાબ અને ભારતભરના યુવાનો અસ્થાયી વર્ક પરમિટ પર નોકરી કરી રહ્યા છે. આ ફેરફારથી તેમને સીધો ફાયદો થશે. અનેક યુવાનો પોતાના વર્તમાન માલિક સાથે નોકરી ચાલુ રાખવા માગે છે અને ભવિષ્યમાં સ્થાયી નિવાસ (PR) તરફ આગળ વધી રહ્યા છે. ભૂતકાળમાં LMIA પ્રક્રિયામાં થતાં વિલંબના કારણે વર્ક પરમિટ સમાપ્ત થવાનો અને રોજગાર ગુમાવવાનો ભય સતત રહેતો હતો.

### જોબ છૂટતાં જ રાતોરાત અમેરિકા છોડવું પડશે! ટ્રમ્પના નવા પ્રસ્તાવથી ભારતીય પરિવારોમાં ફફડાટ

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસને H-1B અને અન્ય વિદેશી પ્રોફેશનલ્સ માટે નોકરી છૂટી ગયા પછી મળતા 60 દિવસના 'ગ્રેસ પીરિયડ'(છૂટની મુદત)ને નાબૂદ કરવાના પ્રસ્તાવની સમીક્ષા પૂર્ણ કરી લીધી છે. હોમલૅન્ડ સિક્યોરિટી વિભાગ(DHS) દ્વારા 6 ઑગસ્ટે વ્હાઈટ હાઉસના ઑફિસ ઑફ ઈન્ફોર્મેશન ઍન્ડ રેગ્યુલેટરી અફેર્સને સોંપાયેલા આ પ્રસ્તાવને 27 ઑગસ્ટે કેટલાક સુધારા સાથે સંમતિ આપવામાં આવી છે. આ નિર્ણયથી અમેરિકામાં કાર્યરત હજારો ભારતીય કર્મચારીઓ અને તેમના પરિવારજનો પર અનિશ્ચિતતાના કાળા વાદળો ઘેરાયા છે. હાલના નિયમો અનુસાર, નોકરી ગુમાવનારા H-1B, L-1 અને O-1 વિઝાધારક કર્મચારીઓને 60 દિવસ સુધી અમેરિકામાં રહેવાની છૂટ મળે છે. આ સમયગાળા દરમિયાન તેઓ નવો સ્પોન્સર શોધી શકે છે, પોતાના વિઝા સ્ટેટસમાં ફેરફાર કરી શકે છે અથવા સ્વદેશ પરત ફરવાની તૈયારી કરી શકે છે. H-1B વિઝા મેળવનારાઓમાં ભારતીયોની સંખ્યા સૌથી વધુ છે.

### આજના કૌભાંડોની અસર શિક્ષણ પર પડી છે

# સરકાર પોતે કૌભાંડોમાં ફસાયેલી છે: ડો. મુરલી મનોહર જોશી

## ભાજપના વરિષ્ઠ નેતા ડૉ. મુરલી મનોહર જોશીનો કેન્દ્ર સરકારની નીતિઓ પર આકરા પ્રહાર

નવી દિલ્હી

ભારતીય જનતા પાર્ટીના સંસ્થાપકોમાંથી એક, પૂર્વ કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી અને 'માર્ગદર્શક મંડળ'ના સભ્ય ડૉ. મુરલી મનોહર જોશીએ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારની શિક્ષણ નીતિ, બજેટ અને વહીવટી પ્રાથમિકતાઓ પર તીખા સવાલો ઊભા કર્યા છે. એક



ખાનગી ઈન્ટરવ્યૂમાં ડૉ. જોશીએ પેપર લીક, શિક્ષણનું વ્યાપારીકરણ, બજેટમાં કાપ અને 'વિકસિત ભારત'ના દૃષ્ટિકોણ પર સરકારની નીતિઓ પર સીધો વાર કર્યો છે. 'દરેક ક્ષેત્રમાં પૈસાની બોલબાલા, શિક્ષકોની નિમણૂકો લાંચ આપીને' પેપર લીકની ઘટનાઓને માત્ર પરીક્ષા પ્રણાલીની નિષ્ફળતા માનવાને બદલે, ડૉ. જોશીએ તેને સમાજ અને શાસનમાં વધી રહેલા ભ્રષ્ટાચાર સાથે જોડી. તેમણે કહ્યું કે જ્યારે વિદ્યાર્થીઓ જુએ છે કે શિક્ષકોની નિમણૂકો લાંચ આપીને થઈ રહી છે અને દરેક ક્ષેત્રમાં પૈસાનો બોલબાલા છે, તો તેઓ પણ ખોટો રસ્તો અપનાવવામાં સંકોચ કરતા નથી.

વાજપેયી કાર્યકાળ સાથે સરખામણી કરતાં ડૉ. જોશીએ કૌભાંડો અંગે કહ્યું કે-હું ખૂબ નમ્ર ભાવે પૂછું છું કે વાજપેયીજીના સમયમાં પેપર લીક કેમ નહોતા થતા?' આજે બૅંકો અને વેપારમાં કૌભાંડો થઈ રહ્યા છે, સરકાર પોતે કૌભાંડોમાં ફસાયેલી છે, તો તેની અસર શિક્ષણ અને વિદ્યાર્થીઓ પર પણ પડે છે.

### BJPમાં આંતરિક ડખો: કેન્દ્રીય મંત્રીનો આરોપ- મને હટાવવા પાર્ટીના જ નેતાઓએ ષડ્યંત્ર રચ્યું, હાથ કાપી નાંખીશ

કેન્દ્રીય આદિવાસી બાબતોના મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા જુએલ ઓરામે પોતાની જ પાર્ટીના નેતાઓ સામે મોરચો ખોલ્યો છે. ઓડિશાના રાઉરકેલામાં સંગઠિત ગુનાખોરીના કેસમાં તેમના અત્યંત નજીકના સહયોગી રાકેશ પાસવાનની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવ્યા બાદ આ આખો વિવાદ શરૂ થયો છે. રાકેશ પાસવાન પર સરકારી ગેસ્ટ હાઉસમાં ગુનેગારોને આશરો આપવાનો આરોપ છે. જોકે પાસવાને આ આરોપોને ફગાવી દીધા છે. શરૂઆતમાં ઓરામે કાયદાને પોતાનું કામ કરવા દેવાની વાત કરી હતી, પરંતુ ત્યારબાદ તેમણે પોતાની જ પાર્ટીના વિરોધી જૂથ પર આકરા પ્રહારો કર્યા હતા. સુંદરગઢ લોકસભા બેઠક પરથી 6 વખત સાંસદ રહી ચૂકેલા જુએલ ઓરામે ગંભીર આરોપ લગાવ્યો છે કે પાર્ટીના જ કેટલાક નેતાઓ તેમને બદનામ કરવા માટે પાણીની જેમ પૈસા વહાવી રહ્યા છે. આ નેતાઓ એવું માને છે કે જો તેમને કેન્દ્રીય મંત્રીમંડળમાંથી હટાવી દેવામાં આવે તો તેમને મંત્રી પદ મળી જશે.

### નેપાળ પૂરમાં મૃત્યુઆંક 676 થયો:

# 287 ભારતીયો સહિત 3000 ગુમ

નવી દિલ્હી

નેપાળ-તિબેટમાં 26 ઓગસ્ટે આવેલા પૂરને કારણે મૃત્યુઆંક 676 પર પહોંચી ગયો છે. લગભગ 3,000 લોકો હજુ પણ ગુમ છે. જેમાં 287 ભારતીયો પણ સામેલ છે. આ વિનાશના ત્રણ દિવસ પછી ગ્લેશિયર તૂટવાનો વીડિયો સામે આવ્યો છે. તિબેટમાં એક ટૂર ગાઈડ ગ્રુપે ઊંચાઈ પરથી તેને રેકોર્ડ કર્યો હતો. વીડિયોમાં બરફ અને ખડકોથી બનેલો લગભગ 800 મીટર લાંબો ગ્લેશિયરનો ભાગ તૂટીને ખીણમાં પડતો દેખાઈ રહ્યો છે. ગ્લેશિયર તૂટ્યા પછી મોટા પાયે કાટમાળ અને પાણી નીચેની તરફ વહેવા લાગ્યું. આ સાથે ભૂસ્ખલન થયું અને અચાનક આવેલા પૂરે નેપાળ-તિબેટ સરહદને અડીને આવેલા વિસ્તારોમાં ભારે તબાહી મચાવી. પૂર પછી નેપાળ અને ચીનમાં રાહત અને બચાવ અભિયાન ચાલુ છે. તિબેટ નજીક નેપાળમાં હિમસ્ખલનની ઘટના કેમેરામાં કેદ થઈ. ટૂર ગાઈડ અને હાઈકર્સનું એક ગ્રુપ બુધવારે સવારે તિબેટમાં એક ઊંચી જગ્યાએ પહોંચ્યું હતું. અહીંથી નેપાળની સરહદ પાર બરફથી ઢંકાયેલા પહાડો અને ગ્લેશિયર સ્પષ્ટ દેખાય છે. હાઈકર્સે હિમસ્ખલન પહેલા અને પછીના વીડિયો બનાવ્યા. તેમાં સ્પષ્ટ દેખાય છે કે ગ્લેશિયરનો બરફ અને ખડકોનો મોટો ભાગ તૂટીને નીચે ખીણમાં પડી ગયો.જ્યારે ગ્રુપ નીચે ઉતર્યું ત્યારે રસ્તા બંધ મળ્યા. આ પછી તેમને ખબર પડી કે હિમસ્ખલન પછી વિસ્તારમાં પૂર આવ્યું અને મોટા પાયે નુકસાન થયું.

### અનામત મુદ્દે મોદી સરકારમાં વિખવાદ!

# ક્રીમી લેયર માંગનારા મંત્રી રાજીનામું આપે: પાસવાન

લખનઉ

અનુસૂચિત જાતિ અનામતમાં ક્રીમી લેયર અને સબ-કેટેગરાઈઝેશનના મુદ્દે NDA ના બે મહત્ત્વના સાથી પક્ષો વચ્ચે મોટો રાજકીય ટકરાવ શરૂ થયો છે. લોક જનશક્તિ પાર્ટી(રામવિલાસ)ના રાષ્ટ્રીય પ્રમુખ અને કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને મોદી કેબિનેટમાં પોતાના સાથી મંત્રી જીતનરામ માંઝીનું રાજીનામું માંગી લીધું છે. આ સાથે તેમણે બિહાર સરકારમાં મંત્રી તથા માંઝીના પુત્ર સંતોષ સુમનને પણ ખુરશી છોડવા કહ્યું છે. શનિવારે પટનામાં મીડિયા સાથે વાત કરતાં ચિરાગ પાસવાને જણાવ્યું હતું કે હિન્દુસ્તાન અવામ મોરચાના વડા જીતનરામ માંઝી જો દલિત અનામતમાં પેટા-વર્ગીકરણ અને ક્રીમી લેયરની તરફેણ કરતાં હોય, તો સૌથી પહેલાં તેમણે પોતે અને તેમના પુત્રએ મંત્રી પદ પરથી રાજીનામું આપવું જોઈએ.



ચિરાગ પાસવાને જણાવ્યું કે અનુસૂચિત જાતિના તમામ વર્ગો અને જ્ઞાતિઓમાં એકતા છે એટલે જ તેમની સામાજિક શક્તિ ટકી રહી છે. જો SC વર્ગમાં ભાગલા પાડવામાં આવશે તો અનામત વ્યવસ્થા જ ધીમે-ધીમે સમાપ્ત થઈ જશે. જ્યારે અગાઉ દલિત અને મહાદલિત વચ્ચે ભાગલા પાડવાનો પ્રયાસ થયો હતો, ત્યારે પણ મેં તેની સામે અવાજ ઉઠાવ્યો હતો.

### તહેવારો સમયે જ મિલાવટ અને ભેળસેળીયાઓ બેફામ થઈ જાય છે

# ભેળસેળ કરે વેપારી, રેપિડ ટેસ્ટ કરવાનો ગ્રાહકે તો ફૂડ વિભાગ શું કરશે?

## ફૂડ વિભાગના અધિકારીઓ એસી કેબીનમાં બેસીને સબ સલામતીની ચર્ચાઓ જ કરશે

અમદાવાદ

તહેવારોની સિઝન શરૂ થતાં જ મીઠાઈ અને ડેરી પ્રોડક્ટ્સમાં થતી ભેળસેળ સામે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગે ચેકિંગ સહિતની કાર્યવાહી તરફ ધ્યાન આપવાનું ફરી શરૂ કર્યું છે. એવું નથી કે આ વિભાગ કામ નથી કરતો પણ તેની ઈરાદાપૂર્વકની કામગીરીને કારણે તરત



ધ્યાને આવે છે. તહેવારો આવે ત્યારે જ ખાદ્યપદાર્થોમાં ભેળસેળ કે મિલાવટ શોધવા નિકળી પડનારા વિભાગનો લીધેલા શંકાસ્પદ નમૂનાઓનો રિપોર્ટ તહેવારો પતી ગયા પછી આવે છે અને ત્યાં સુધી સેંકડો લોકો જેતે મિઠાઈ, ફરસાણ કે અન્ય ખાદ્યપદાર્થ હજમ કરી ગયા હોય છે અને કેટલાક બીમાર પણ પડી ગયા હોય છે.

મિઠાઈમાં સૌથી વધારે ભેળસેળ થતી હોય છે અને શુદ્ધ ઘીના નામે પણ મિલાવટવાળુ ઘી પધરાવી દેવામાં આવે છે. ભ્રષ્ટ અધિકારીઓ વહિવટના નામે 'મિઠાઈ' લઈને બિન્ધાસ્તપણે ભેળસેળ કે મિલાવટ થતી હોય તો પણ પગલાં લેવાનું વિચારતા નથી.

તેમાં કોઈ શંકા નથી કે જન્માષ્ટમી અને દિવાળી સહિતના તહેવારો દરમિયાન મીઠાઈની માંગમાં વધારો થતો હોવાથી ભેળસેળવાળી અથવા અખાદ્ય સામગ્રીનું વેચાણ અટકાવવા રેપિડ ટેસ્ટ કીટનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. આ કીટની મદદથી ફૂડ સેફ્ટી ટીમો સ્થળ પર જ વિવિધ ખાદ્ય પદાર્થોની પ્રાથમિક તપાસ કરી શકે છે.

- **શહેરમાં માવા સહિતની મિઠાઈઓમાં અને શુધ્ધ ઘીના નામે પધરાવાતું નકલી ઘી**
- **ભ્રષ્ટ અધિકારીઓને ત્યાં 'મિઠાઈ' પહોંચી જાય પછી નાગરિકો ખરીદે એ મિઠાઈમાં ભેળસેળ જ નિકળે**
- **રેપિડ ટેસ્ટ કીટના નામે વેપારી અને ગ્રાહકો વચ્ચે તકરાર વધશે**

આ અંગે મળતી માહિતી અનુસાર AMCની વિવિધ ટીમો દ્વારા શહેરના અલગ-અલગ મ્યુનિ. ઝોનમાં પહોંચીને મીઠાઈ, ફરસાણ, પનીર, ચીઝ અને અન્ય ખાદ્ય એકમોની તપાસ કરે છે. આ રેપિડ ટેસ્ટ કીટથી અખાદ્ય રંગો, માવામાં સ્ટાર્ચ, ઘીમાં વેજિટેબલ ફેટ, કૃત્રિમ કેસર તેમજ કાજુ કતરી જેવી મીઠાઈ પર લગાવવામાં આવતા વરખની પ્રાથમિક ચકાસણી શક્ય બનશે. અગાઉ લેબોરેટરી ટેસ્ટના પરિણામ માટે લાંબો સમય રાહ જોવી પડતી હતી, જ્યારે રેપિડ ટેસ્ટથી સ્થળ પર જ શંકાસ્પદ સામગ્રી અંગે પ્રાથમિક સંકેત મળી શકે છે.

હવે તહેવારોને ધ્યાનમાં રાખીને મીઠાઈ અને ફરસાણના એકમો પર ખાસ નજર રાખવામાં આવી રહી છે. ગ્રાહકો માટે આ કાર્યવાહી મહત્વપૂર્ણ છે, કારણ કે મીઠાઈ ખરીદતી વખતે માત્ર દેખાવ પરથી તેની ગુણવત્તા નક્કી કરવી મુશ્કેલ હોય છે. બીજી તરફ વેપારીઓ માટે પણ માન્ય કાચા માલ, મંજૂર ફૂડ કલર અને જરૂરી સ્વચ્છતા ધોરણોનું પાલન કરવું હવે વધુ મહત્વનું બનશે.

અમદાવાદમાં મીઠાઈની ભેળસેળ સામે AMCની રેપિડ ટેસ્ટ કીટ આધારિત કાર્યવાહીથી હવે ચેકિંગ વધુ ઝડપી બનવાની શક્યતા છે. કાજુ કતરીના વરખથી લઈને માવા અને અન્ય ખાદ્ય સામગ્રી સુધીની તપાસ તહેવારો દરમિયાન ચાલુ રહેશે.

આગામી દિવસોમાં કેટલા વધુ એકમોમાંથી ભેળસેળ અથવા નિયમભંગ સામે આવે છે અને AMC દ્વારા તેમની સામે શું કાર્યવાહી થાય છે તેના પર નજર રહેશે.

### કાજુકતરીએ કકળાટ મચાવ્યો, ચાંદીને બદલે અન્ય ધાતુ નિકળી

AMCની તાજેતરની તપાસ દરમિયાન કાલુપુર વિસ્તારમાં એક મીઠાઈ એકમમાં કાજુ કતરી પર લગાવવામાં આવેલા વરખની રેપિડ ટેસ્ટ કીટથી ચકાસણી કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં વરખ ચાંદીના બદલે અન્ય ધાતુનું હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ સંબંધિત એકમને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન આ કાજુ કતરી જે ઉત્પાદન એકમમાંથી આવતી હતી તે બાપુનગરના ગુજરાત હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં હોવાનું સામે આવતા ત્યાં પણ કાર્યવાહી કરવામાં આવી હતી. જોકે, વરખના નમૂનાને અંતિમ પ્રયોગશાળા પરીક્ષણ માટે મોકલવામાં આવ્યો છે, તેથી અંતિમ નિષ્કર્ષ લેબોરેટરી રિપોર્ટ બાદ જ સ્પષ્ટ થશે.

### માવામાં મિલાવટ મળતા સીલ મારી દેવાયું

જ્યારે શહેરના કોટ વિસ્તારમાં આવેલા દરિયાપુર ખાતે એક માવા એકમના ગોડાઉનમાં લાઈસન્સ અને સ્વચ્છતા સંબંધિત ખામીઓ મળી આવતા તેને પણ સીલ કરવામાં આવ્યું હતું. AMCના ફૂડ વિભાગે સ્પષ્ટ કર્યું છે કે તહેવારો દરમિયાન મીઠાઈ, ફરસાણ, માવા તથા અન્ય ખાદ્ય પદાર્થો બનાવતા અને વેચતા એકમોની તપાસ ચાલુ રહેશે અને ખાદ્ય સુરક્ષા નિયમોનો ભંગ જણાશે તો કાર્યવાહી કરવામાં આવશે.

### AMC ના અધિકારીઓના ઈરાદાઓ નેક છે કે પછી...?

રેપિડ ટેસ્ટ કીટનો મુખ્ય હેતુ માત્ર વેપારીઓ સામે કાર્યવાહી કરવાનો નથી, પરંતુ તહેવારો દરમિયાન ગ્રાહકો સુધી સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત ખાદ્ય સામગ્રી પહોંચે તે સુનિશ્ચિત કરવાનો છે. ખાસ કરીને મીઠાઈમાં વપરાતા અખાદ્ય રંગો, માવામાં સ્ટાર્ચ અને નકલી વરખ જેવી ભેળસેળ આરોગ્ય માટે ચિંતાનો વિષય બની શકે છે. AMC દ્વારા હાલમાં સાત ટીમોને રેપિડ ટેસ્ટ કીટથી સજ્જ કરવામાં આવી છે અને શહેરના વિવિધ વિસ્તારોમાં સ્થળ પર તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

### ભેળસેળ સામે ગ્રાહકોએ પણ જાગૃત બનવું પડશે

AMCની આ કાર્યવાહી એવા સમયે થઈ રહી છે જ્યારે તહેવારોમાં મીઠાઈ અને ફરસાણની ખરીદીમાં સામાન્ય દિવસોની સરખામણીમાં નોંધપાત્ર વધારો થાય છે. તેથી માત્ર નમૂના લઈને લેબોરેટરી રિપોર્ટની રાહ જોવાને બદલે શંકાસ્પદ ખાદ્ય પદાર્થની સ્થળ પર જ પ્રાથમિક તપાસ કરવાનો અભિગમ ઝડપી કાર્યવાહી માટે મદદરૂપ બની શકે છે. જોકે, રેપિડ ટેસ્ટ પ્રાથમિક તપાસનું સાધન છે અને અંતિમ કાયદેસરની કાર્યવાહી માટે જરૂરી હોય ત્યાં સત્તાવાર લેબોરેટરી પરીક્ષણ મહત્વપૂર્ણ રહેશે. ટૂંકમાં ભેળસેળ સામે ગ્રાહકોએ પણ જાગૃત બનવું પડશે તે નક્કી છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## વધુ ખાંડ, ચરબી કે મીઠું હશે તો લાલ રંગમાં છપાશે ચેતવણી!

# સુપ્રીમ કોર્ટની કડક ફટકાર બાદ FSSAIનો મોટો નિર્ણય: હવે ખાદ્ય પદાર્થોના પેકેટ પર 'રેડ સિગ્નલ'

અમદાવાદ

પેક્ડ ફૂડ અને જંક ફૂડ ખાનારા કરોડો ગ્રાહકોના સ્વાસ્થ્ય હિતમાં એક અત્યંત મહત્વનો અને ક્રાંતિકારી નિર્ણય સામે આવ્યો છે. દેશમાં વધી રહેલી ડાયાબિટીસ, હૃદયરોગ અને બીપી જેવી ગંભીર બીમારીઓ વચ્ચે ખાદ્ય સુરક્ષા સંસ્થા FSSAI (ફૂડ સેફ્ટી એન્ડ સ્ટેન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા) એ સુપ્રીમ કોર્ટની આકરી ફટકાર બાદ કડક વલણ અપનાવ્યું છે.

FSSAIએ દેશની સર્વોચ્ચ અદાલતમાં ૬ પાનાનું સોગંદનામું (Affidavit) રજૂ કરીને પેક્ડ ફૂડ કંપનીઓ માટે નવા અને કડક નિયમોની જાહેરાત કરી છે.



નવા નિયમો મુજબ, જો કોઈ ખાદ્ય પદાર્થ (જંક ફૂડ, બિસ્કિટ, ચિપ્સ, કોલ્ડ ડ્રિંક્સ કે પેક્ડ આઈટમ) માં નક્કી કરેલા માનકો કરતાં વધુ માત્રામાં ખાંડ, ચરબી (ફેટ) કે મીઠું (સોડિયમ) હશે, તો કંપનીઓએ પેકેટની સામેના ભાગે જ સ્પષ્ટ દેખાય તે રીતે લાલ રંગમાં ચેતવણી છાપવી પડશે.

પેકેટ કે ડબ્બા પર લાલ રંગમાં 'હાઈ શુગર' (High Sugar), 'હાઈ ફેટ' (High Fat) અને 'હાઈ સોલ્ટ' (High Salt) લખવું ફરજિયાત રહેશે. આ ચેતવણી સામાન્ય ચોરસ કે ગોળમાં નહીં, પરંતુ ષટ્કોણ (Hexagon) આકારના ચિહ્નમાં છાપવાની રહેશે. એટલું જ નહીં, આ લખાણ અન્ય વિગતો કરતાં ૧ પોઈન્ટ મોટા ફોન્ટમાં રાખવું પડશે જેથી ગ્રાહકની નજર સૌથી પહેલા તેના પર પડે.

ખાદ્ય ઉદ્યોગને પેકેજિંગ બદલવાનો સમય આપવા માટે આ કાયદાકીય નિયમોને ૨ તબક્કામાં (Two Phases) દેશભરમાં અમલી બનાવવામાં આવશે.

FSSAIએ પોતાના સોગંદનામામાં સ્પષ્ટતા કરી છે કે પ્રોસેસ્ડ અને જંક ફૂડ માટે આ નિયમો કડક રહેશે, પરંતુ કુદરતી અને પરંપરાગત આહારને આમાંથી રાહત આપવામાં આવી છે:

શુદ્ધ ઘી, ખાદ્ય તેલ, ગોળ અને મધ જેવા કુદરતી તથા અપ્રક્રિયાકૃત (Unprocessed) ખાદ્ય પદાર્થોને આ લાલ ચેતવણી દર્શાવવામાંથી મુક્તિ આપવામાં આવી છે.

અત્યાર સુધી મોટાભાગની કંપનીઓ પેકેટની પાછળ નાના અક્ષરોમાં ન્યુટ્રિશન ફેક્ટ્સ લખીને ગ્રાહકોને અંધારામાં રાખતી હતી.

અજાણતામાં બાળકો અને યુવાનો વધુ પડતી ખાંડ અને મીઠું ધરાવતા પદાર્થો આરોગીને ગંભીર બીમારીઓનો ભોગ બનતા હતા.

હવે પેકેટ પર જ છપાયેલું ષટ્કોણ આકારનું લાલ નિશાન ગ્રાહક માટે 'ડેન્જર સિગ્નલ' તરીકે કામ કરશે. ખરીદી કરતી વખતે ગ્રાહક એક જ નજરમાં સમજી શકશે કે આ ખોરાક તેમના શરીર માટે કેટલો નુકસાનકારક છે.

સુપ્રીમ કોર્ટની મધ્યસ્થતા બાદ FSSAIએ નિયમો તો બનાવી દીધા છે, પરંતુ મુખ્ય પ્રશ્ન એ છે કે શું મોટા કોર્પોરેટ બ્રાન્ડ્સ અને જંક ફૂડ બનાવતી કંપનીઓ સામે આ નિયમોનું કડક પાલન કરાવાશે?

પાક્કો ગુજરાત ન્યૂઝ આ મુદ્દા પર સતત નજર રાખશે. દેશના નાગરિકોના આરોગ્ય સાથે ખીલવાડ કરતી કોઈપણ બેદરકારી સામે આ અહેવાલો સતત અવાજ ઉઠાવતા રહેશે.

## વસ્ત્રાપુરની મારૂતિ ગુજરાતી થાળી રેસ્ટોરન્ટમાં કાયદાના લીરેલીરા: ચોથા માળેથી યુવકે છલાંગ લગાવી જીવ ગુમાવ્યો,

અમદાવાદ

અમદાવાદના વસ્ત્રાપુર જેવા વીઆઈપી વિસ્તારમાં આવેલા એક હાઈરાઈઝ કોમ્પ્લેક્ષના ચોથા માળેથી અચાનક ૩૫ થી ૪૦ વર્ષના એક અજાણ્યા યુવકે છલાંગ લગાવીને જીવન ટૂંકાવી લેતાં સમગ્ર વિસ્તારમાં ભારે સન્સનાટી મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. જોકે, આ ગોઝારી ઘટના પાછળનું સાચું કારણ અને સમય જાણવા માટે જ્યારે 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ની ટીમ સ્થળ તપાસ અર્થે બિલ્ડિંગના ઉપરના માળે આવેલી 'મારૂતિ ગુજરાતી થાળી રેસ્ટોરન્ટ'માં પહોંચી ત્યારે જે સત્ય સામે આવ્યું તે ચોંકાવનારું હતું. ઘટના સમયે શું બન્યું હતું અને યુવક ક્યાંથી આવ્યો હતો તેની તપાસ કરવા જ્યારે CCTV ફૂટેજ મેળવવાનો પ્રયાસ કરાયો, ત્યારે જાણવા મળ્યું કે આ રૂફટોપ રેસ્ટોરન્ટમાં એક પણ સીસીટીવી કેમેરો કાર્યરત નથી! આટલું જ નહીં, પ્રાથમિક તપાસમાં એ પણ સામે આવ્યું કે હજારો ગ્રાહકોની અવરજવર ધરાવતી આ રેસ્ટોરન્ટ પાસે કોઈ પણ જાતનું ફાયર NOC (No Objection Certificate) નથી. કાયદા અને પ્રશાસનની આંખમાં ધૂળ નાખીને ચાલી રહેલી આ રૂફટોપ રેસ્ટોરન્ટ સંપૂર્ણપણે 'રામ ભરોસે' ધમધમી રહી છે. જાહેરમાં ધમધમતી રેસ્ટોરન્ટમાં સીસીટીવી ન હોવા એ ગુનાહિત પ્રવૃત્તિઓને ખુલ્લું આમંત્રણ આપવા સમાન છે. જો આ રૂફટોપ પર કોઈ આગ કે અણધારી હોનારત સર્જાય, તો નિર્દોષ ગ્રાહકોના જીવનો જવાબદાર કોણ?

## બુલેટ ટ્રેન પ્રોજેક્ટની ગતિ પર સવાલ: એક મહિનામાં માત્ર 1% કામ આગળ વધ્યું, 2026ની ડેડલાઇન સચવાશે?

અમદાવાદ


દેશના પ્રથમ મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટને લઈને ચોંકાવનારા સરકારી આંકડા સામે આવ્યા છે. કેન્દ્ર સરકારના સાંખ્યિકી અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા તાજેતરના રિપોર્ટ મુજબ, અબજો રૂપિયાના ખર્ચે બની રહેલા બુલેટ ટ્રેન પ્રોજેક્ટની ભૌતિક પ્રગતિ અત્યંત ધીમી ગતિએ આગળ વધી રહી છે. સરકારી ચોપડે જ નોંધાયેલા આ આંકડાઓએ પ્રોજેક્ટની કામગીરીની ઝડપ સામે અનેક પ્રશ્નાર્થો ઊભા કર્યા છે. મંત્રાલયના અહેવાલ મુજબ, જૂન મહિના સુધીમાં આ પ્રોજેક્ટની કુલ કામગીરી ૬૧ ટકા પૂર્ણ થઈ હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. ત્યારબાદ એક મહિના પછી જાહેર કરાયેલા નવા રિપોર્ટમાં કામગીરી માત્ર એક ટકો વધીને ૬૨ ટકા પર પહોંચી છે. અર્થાત્ ૫૦૮ કિલોમીટર લાંબા આ હાઈ-સ્પીડ કોરિડોરમાં એક આખા મહિના દરમિયાન માત્ર ૧ ટકા જ ભૌતિક કામગીરી થઈ શકી છે. આ પ્રોજેક્ટના આર્થિક અને સમયગાળાના મહત્વપૂર્ણ આંકડા નીચે મુજબ છે: કુલ અંદાજિત ખર્ચ: મૂળ રૂ. ૧.૦૮ લાખ કરોડ. અત્યાર સુધી થયેલો ખર્ચ: રૂ. ૬૦,૯૬૬.૯૦ કરોડ. હાલની સ્થિતિ: ૬૨ ટકા કામગીરી પૂર્ણ. નક્કી કરેલી ડેડલાઈન: ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬. મૂળ યોજના મુજબ આ પ્રોજેક્ટ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જોકે, વર્તમાન સમયમાં જે ઝડપે કામગીરી થઈ રહી છે તેને જોતાં નિર્ધારિત સમયમર્યાદામાં પ્રોજેક્ટ પૂરો કરવો તંત્ર માટે મોટો પડકાર બની રહેશે.

## પૂર્વ CM શંકરસિંહ વાઘેલાનો સરકાર પર તીખો પ્રહાર!

### અખબાર ખોલો એટલે જાહેરાતોનો વરસાદ થાય છે, કરોડો રૂપિયા પ્રચાર પાછળ વાપરવા કરતા પ્રજાના વિકાસ પાછળ વાપરો

અમદાવાદ

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને વરિષ્ઠ નેતા શંકરસિંહ વાઘેલા (બાપુ) એ વર્તમાન રાજ્ય સરકારની પ્રચાર નીતિ સામે સીધો મોરચો માંડ્યો છે. તેમણે સરકારની કામગીરી અને સરકારી નાણાંના વ્યય સામે વિરોધ નોંધાવતા કહ્યું છે કે, 'સવારે અખબાર ખોલો એટલે માત્ર અને માત્ર સરકારી જાહેરાતોનો જ વરસાદ જોવા મળે છે. સરકાર પોતાની નાની-મોટી સિદ્ધિઓ બતાવવા માટે પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા પાણીની જેમ વહાવી રહી છે. આટલી જંગી રકમ પ્રચાર પાછળ બગાડવા કરતાં જો પ્રજાના પાયાના વિકાસકામો પાછળ વાપરવામાં આવે તો રાજ્યના અનેક પ્રશ્નો ઉકેલાઈ જાય.' બાપુએ સરકારની નીતિઓ સામે આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, માધ્યમોમાં પોતાની વાહવાહ અને સ્વ-પ્રશંસા કરાવવા માટે સરકારી




તિજોરીમાંથી કરોડો રૂપિયાની હોર્ડિંગ્સ, ટીવી અને અખબારી જાહેરાતો આપવામાં આવે છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે રાજ્યની જનતા આજે પણ મોંઘવારી, બેરોજગારી અને બિસ્માર રસ્તાઓથી પરેશાન છે. શંકરસિંહ વાઘેલાએ સરકાર સામે અનેક વેધક સવાલો પણ ઊભા કર્યા છે. પ્રાથમિક સુવિધાઓની ઉપેક્ષા: હોસ્પિટલોમાં ડૉક્ટરો અને દવાઓ નથી, શાળાઓમાં શિક્ષકોની અછત છે, ગામડાઓના રસ્તાઓ જર્જરિત છે, તો પછી પ્રચાર પાછળ કરોડો રૂપિયા વેડફવાનો શો અર્થ? સરકારી પ્રચાર પાછળ થતા ખર્ચ પર મર્યાદા આંકવામાં આવે અને તે રકમનો ઉપયોગ આરોગ્ય, શિક્ષણ અને ગ્રામીણ વિકાસ પાછળ કરવામાં આવે. પૂર્વ મુખ્યમંત્રીના આ ધડાકાભેર નિવેદન બાદ રાજ્યના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. સામાન્ય નાગરિકો પણ બાપુના આ અવાજ સાથે સહમતી દર્શાવી રહ્યા છે કે, સરકારે કાગળ પર કે અખબારી જાહેરાતોમાં વિકાસ બતાવવાને બદલે જમીની સ્તરે કામ કરીને બતાવવું જોઈએ. જો સરકાર પ્રચાર પાછળ થતો આ બિનજરૂરી ખર્ચ રોકે, તો તે રકમથી રાજ્યના હજારો યુવાનો અને ખેડૂતોને સીધો આર્થિક લાભ પહોંચાડી શકાય તેમ છે.

## ગોઝારીયા–પાટણ હાઇવે NH-68 પર નિર્માણધીન ઓવરબ્રિજની કામગીરીમાં લોટ-પાણીને લાકડો

મહેસાણા

મહેસાણા જિલ્લાના અત્યંત મહત્વપૂર્ણ ગણાતા ગોઝારીયા-પાટણ નેશનલ હાઈવે (NH-68) પર આવેલી રેલવે ફાટક પર હાલમાં ઓવરબ્રિજનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. પરંતુ આ બ્રિજના બાંધકામમાં વપરાતા મટીરીયલ અને કામગીરીની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. સ્થાનિક રહીશો અને વાહનચાલકોના જણાવ્યા મુજબ, કોન્ટ્રાક્ટર દ્વારા ટેકનિકલ ધોરણોને બાજુ પર મૂકીને અત્યંત હલકી કક્ષાનું કામ કરવામાં આવી રહ્યું છે. હાઈવે પરથી રોજના હજારો નાના-મોટા વાહનો અને ભારે વાહનવ્યવહાર પસાર થાય છે. આવા સંવેદનશીલ અને વ્યસ્ત માર્ગ પર બનતા ઓવરબ્રિજમાં જો મજબૂતાઈ અને ગુણવત્તા જળવાય નહીં, તો ભવિષ્યમાં કોઈ મોટી હોનારત સર્જાવાની પૂરેપૂરી શક્યતા છે. કન્સ્ટ્રક્શન કંપની દ્વારા યોગ્ય સુપરવિઝન વગર જ કામ પતાવવાની ઉતાવળ કરાઈ રહી હોય તેમ સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે. પ્રજાના પરસેવાના નાણાંથી બનતા આ ઓવરબ્રિજના કામમાં ભ્રષ્ટાચાર કે બેદરકારી સામે સ્થાનિક લોકપ્રતિનિધિઓ અને નાગરિકોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે. લોકોની સ્પષ્ટ માંગ છે કે: માર્ગ અને મકાન વિભાગ તેમજ નેશનલ હાઈવે ઓથોરિટીના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક સ્થળ તપાસ કરે.

## ભાગ્યેશ પટેલે કહ્યું- 'AMCનો કોઇ સંબંધ નથી' : નાના ચિલોડા ડિમોલિશન વિવાદમાં AMC એક્શનમાં

અમદાવાદ

નાના ચિલોડામાં થયેલા વિવાદાસ્પદ ડિમોલિશનના મામલે હવે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી મહત્વનું નિવેદન સામે આવ્યું છે. સમગ્ર ઘટનાને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે AMCની ટાઉન પ્લાનિંગ કમિટીના ચેરમેન ભાગ્યેશ પટેલે સ્પષ્ટતા કરી છે કે અમદાવાદ કોર્પોરેશને આ ઘટનાને ગંભીરતાથી લીધી છે અને સિક્યુરિટી એજન્સી સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. નાના ચિલોડામાં ડિમોલિશનની કામગીરી દરમિયાન સર્જાયેલી પરિસ્થિતિ બાદ સમગ્ર મામલો ચર્ચાના કેન્દ્રમાં આવ્યો હતો. ઘટનાને લઈને અનેક સવાલો ઊભા થયા હતા અને ખાસ કરીને ડિમોલિશન કામગીરીમાં સંકળાયેલી સિક્યુરિટી એજન્સીને લઈને પણ ચર્ચા શરૂ થઈ હતી. TP કમિટીના ચેરમેન ભાગ્યેશ પટેલે જણાવ્યું કે સમગ્ર ઘટનાને AMC દ્વારા ગંભીરતાથી લેવામાં આવી છે.

તેમની સ્પષ્ટતા મુજબ, સંબંધિત સિક્યુરિટી એજન્સી સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. આ નિવેદન બાદ હવે પોલીસ ફરિયાદના આધારે તપાસમાં શું બહાર આવે છે તેના પર સૌની નજર રહેશે. સાથે જ ડિમોલિશનની સમગ્ર પ્રક્રિયા, તેમાં સંકળાયેલા લોકો અને એજન્સીની ભૂમિકા અંગે પણ સવાલો ઊભા થયા છે.

## BRTS બસમાં સોનાની ચેઇન સ્નેચિંગ કરનાર શાતિર ચોર ઇસનપુર પોલીસની જાળમાં

અમદાવાદ

અમદાવાદના ઈસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પસાર થતી બી.આર.ટી.એસ (BRTS) બસમાં મુસાફરી કરી રહેલા નિર્દોષ પેસેન્જરને નિશાન બનાવી સોનાની ચેઈન સ્નેચિંગ કરવાની ઘટના સામે આવી હતી. બસમાં ભીડભાડનો ગેરફાયદો ઉઠાવીને શાતિર તસ્કરે નજર ચૂકવી સેકંડોના ભાગમાં સોનાની ચેઈન સેરવી લીધી હતી અને ફરાર થઈ ગયો હતો. ઘટના અંગે ભોગ બનનાર નાગરિકે તાત્કાલિક ઈસનપુર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. BRTS જેવી જાહેર બસમાં બનેલી સ્નેચિંગની આ ઘટનાને ઈસનપુર પોલીસે અત્યંત ગંભીરતાથી લીધી હતી. ઘટનાની ગંભીરતા જોઈ પી.આઈ. ની સૂચના હેઠળ સર્વેલન્સ સ્ક્વોડ અને ડી-સ્ટાફની અલગ-અલગ ટીમો બનાવી ત્વરિત તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળ તથા BRTS બસ સ્ટેન્ડ અને રૂટ પરના સીસીટીવી (CCTV) ફૂટેજ ઊંડાણપૂર્વક ચકાસ્યા હતા. સીસીટીવી વિશ્લેષણ અને હ્યુમન ઈન્ટેલિજન્સ (ખાનગી બાતમીદારો) ના નેટવર્કને સક્રિય કરતાં પોલીસને ચોક્કસ માહિતી મળી હતી.

### વિચારધારાના નામે 'વિચારધારાની પોલીસિંગ' બંધ થવી જોઇએ

## RSS-ભાજપને લોકો વાંચે એ સહેજ પણ ગમતું નથી: કોંગ્રેસના આકરા પ્રહાર

### ગુજરાતમાં હવે પુસ્તકો પણ RSS-BJPની "વિચારધારાની સેન્સરશિપ"માંથી પસાર થશે? વસ્ત્રાપુરની ઘટના લોકશાહી માટે ગંભીર ચેતવણી: ડૉ. મનીષ દોશી

અમદાવાદ

શહેરમાં એક પુસ્તક વાંચવા માટે એકઠા થયેલા લોકો પર ભાજપ સમર્થકોના થયેલા હુમલાના ઘેરા પ્રત્યાઘાત પડી રહ્યાં છે અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા આ મામલે સત્તાધારી પક્ષ ભાજપ પર આકરા પ્રહાર કરવામાં આવ્યા છે. કોંગ્રેસે દાવો કર્યો છે કે લોકો પુસ્તકો વાંચે એ ભાજપ કે તેમને સમર્થક લોકોને ગમતું નથી. નોંધનીય છે કે અમદાવાદના વસ્ત્રાપુર AUDA ગાર્ડનમાં શાંતિપૂર્ણ રીતે પુસ્તક વાંચી રહેલા નાગરિકો સાથે બજરંગ દળ અને VHP સાથે જોડાયેલા લોકો દ્વારા કરવામાં આવેલી ધમકી અને મારામારીની ઘટનાની આકરી ટીકા કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ.મનિષ દોશીએ જણાવ્યું હતું કે, આ માત્ર કાયદો-વ્યવસ્થાનો પ્રશ્ન નથી, પરંતુ વિચાર અને અભિવ્યક્તિની સ્વતંત્રતા સામેનો ગંભીર હુમલો છે. શહેરમાં બનેલી આ ઘટનાની વિગત એવી છે કે એક જાહેર બગીચામાં I Am Malala, Anne Frank સહિતનાં પુસ્તકોનું શાંતિપૂર્ણ વાંચન થઈ રહ્યું હતું. અહેવાલો મુજબ વિરોધ બાદ હિંસક પરિસ્થિતિ સર્જાઈ અને બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા. આ ઘટનામાં પોલીસે ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરી હોવાનું સામે આવ્યું છે. "પુસ્તક વાંચવું ગુનો નથી, વિચારવું ગુનો નથી અને પ્રશ્ન પૂછવો દેશદ્રોહ નથી." લોકશાહીમાં પુસ્તકનો જવાબ પુસ્તકથી, વિચારનો જવાબ વિચારથી અને મતભેદનો જવાબ ચર્ચાથી આપવાનો હોય છે લાકડી અને ટોળાશાહીથી નહીં. બંધારણના અનુચ્છેદ 19(1)(a) હેઠળ પ્રાપ્ત અભિવ્યક્તિની સ્વતંત્રતા દરેક નાગરિક માટે છે. કોંગ્રેસ પ્રવક્તા ડૉ.મનિશ દોશીએ વધુમાં કહ્યું હતું કે આરએસએસ-બીજેપીની વિચારધારાના નામે 'વિચારધારાની પોલીસિંગ' બંધ થવી જોઈએ. ગુજરાત ગાંધી અને સરદારની ભૂમિ છે; અહીં વિચારને દબાવવાની નહીં, વિચારથી જવાબ આપવાની પરંપરા છે.સંઘ અને ભાજપને લોકો સારુ વાંચે તેની સામે હંમેશો વાધો રહ્યો છે. આ વાંધો એટલ માટે છે કે આરએસએસ-ભાજપને લોકો વાંચે સહેજ પણ ગમતું નથી, જો લોકો વાંચે તો વિચાર કરતા થાય અને વિચાર કરતા થાય એટલે પ્રશ્ન કરતા થાય, એટલે મૂળ સમસ્યા લોકો પ્રશ્ન કરતા થાય અર્થાત પ્રશ્ન પૂછે તેની સામે આ વિચારધારાના સંગઠનોને વાંધો છે.

### નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનો બુલંદ દાવો!

## 2047ના વિકસિત ભારતમાં સૌથી પહેલું નામ ગુજરાતનું આવશે

ગાંધીનગર

ગાંધીનગર ખાતે યોજાયેલા એક મહત્વપૂર્ણ કાર્યક્રમ દરમિયાન રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હર્ષ સંઘવીએ દેશના ભવિષ્ય અને ગુજરાતના યોગદાન અંગે અત્યંત ઉત્સાહવર્ધક વિઝન રજૂ કર્યું છે. તેમણે દાવો કર્યો છે કે, 'જ્યારે ભારત પોતાની આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ કરશે અને ૨૦૪૭માં 'વિકસિત ભારત'નું સપનું સાકાર થશે, ત્યારે તે વિકસિત રાજ્યોની યાદીમાં સૌથી પહેલું અને અગ્રણી નામ ગુજરાતનું હશે.' તેમના આ નિવેદને રાજ્યભરના નાગરિકો અને ઉદ્યોગજગતમાં એક નવો ઊર્જાસંચાર કર્યો છે.

નાયબ મુખ્યમંત્રીએ ગુજરાતના આર્થિક અને સામાજિક મોડલની વિશેષતાઓ દર્શાવતા જણાવ્યું હતું કે, ગુજરાત માત્ર વર્તમાનમાં જ નહીં પરંતુ ભવિષ્યની ટેકનોલોજી અને ઉદ્યોગોમાં પણ દેશનું નેતૃત્વ કરી રહ્યું છે. સેમિકન્ડક્ટર ચિપ મેન્યુફેક્ચરિંગ, ગ્રીન હાઈડ્રોજન અને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે ગુજરાતે વૈશ્વિક સ્તરે રોકાણકારોને આકર્ષિત કર્યા છે.

ગાંધીનગરનું ગિફ્ટ સિટી આજે આંતરરાષ્ટ્રીય ફાઈનાન્સ અને ટેકનોલોજીનું સૌથી મોટું સેન્ટર બનીને ઉભરી રહ્યું છે. એક્સપ્રેસવે, વર્લ્ડ-ક્લાસ પોર્ટ્સ (બંદરો) અને ડિજિટલ કનેક્ટિવિટીના દમ પર ગુજરાત દેશના લોજિસ્ટિક્સ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરનું એન્જિન બન્યું છે. હર્ષ સંઘવીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કોઈ પણ રાજ્ય કે દેશનો વિકાસ ત્યારે જ શક્ય બને છે જ્યારે ત્યાં શાંતિ, સલામતી અને કાયદાનું શાસન હોય. ગુજરાત દેશનું સૌથી સુરક્ષિત છે, જ્યાં મહિલાઓ અને ઉદ્યોગકારો રાત-દિવસ નિર્ભય બનીને કામ કરી શકે છે. રાજ્યની આ મજબૂત કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જ વિદેશી રોકાણકારો માટે ગુજરાતને પ્રથમ પસંદગી બનાવે છે. રાજ્યના યુવાનોનો ઉલ્લેખ કરતા તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતના યુવાનોમાં રહેલી એન્ટરપ્રેન્યોરશિપ (સાહસિકતા) અને સ્ટાર્ટઅપ કલ્ચર ભારતને વિશ્વગુરુ બનાવવામાં સૌથી મોટો ફાળો આપશે. ૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવા માટે ગુજરાતનો પ્રત્યેક નાગરિક, વેપારી અને યુવા સખત પરિશ્રમ કરી રહ્યો છે. ગુજરાતે વીતેલા દાયકાઓમાં સતત વિકાસનો જે બેન્ચમાર્ક સેટ કર્યો છે, તેને જોતાં એ નિશ્ચિત છે કે ૨૦૪૭ના 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવામાં ગુજરાત જ સમગ્ર દેશ માટે માર્ગદર્શક મશાલચી સાબિત થશે.

## દ્વારકામાં દુષ્કાળની આહટ? ઈસુદાન ગઢવી ધરણા પર બેઠા, સરકાર સામે ઉઠાવ્યો ખેડૂતોનો મુદ્દો

### ખેડૂતનો પાક બચશે કે નહીં, સરકારની રાહત પહોંચશે કે નહીં અને દ્વારકા સહિતના વરસાદની અછતવાળા વિસ્તારો અંગે સરકાર શું નિર્ણય લેશે—આગામી દિવસોમાં આ મુદ્દો ગુજરાતની રાજનીતિમાં વધુ ગરમાઈ શકે છે

ખંભાળિયા

સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં વરસાદની અછતને લઈને રાજકીય ગરમાવો વધ્યો છે. આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ નેતા ઈસુદાન ગઢવી ખેડૂતોના પ્રશ્નોને લઈને ધરણા પર બેઠા છે. દ્વારકા સહિત જે વિસ્તારોમાં પૂરતો વરસાદ થયો નથી, તે વિસ્તારોને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે અને ખેડૂતોને રાહત આપવામાં આવે તેવી તેમની મુખ્ય માંગ છે.

વરસાદ ખેતી માટે જીવનરેખા સમાન છે. પરંતુ જ્યાં મેઘરાજાએ પૂરતી મહેર કરી નથી ત્યાં ખેડૂતો સામે પાક બચાવવાનો મોટો પડકાર ઊભો થયો છે. વરસાદ ખેંચાતા વાવેતર કરનાર ખેડૂતોની ચિંતા વધી રહી છે અને ખેતી પર થયેલા ખર્ચ સામે ઉત્પાદન અંગે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે.

આ પરિસ્થિતિ વચ્ચે ઈસુદાન ગઢવીએ સરકાર સામે સીધો મોરચો ખોલ્યો છે. ધરણા પર બેસીને તેમણે માંગ કરી છે કે માત્ર કાગળ પર વરસાદના આંકડા જોવાને બદલે જમીન પર જઈને વાસ્તવિક સ્થિતિનો સર્વે કરવામાં આવે. જે ગામો અને વિસ્તારોમાં વરસાદની ગંભીર અછત છે ત્યાં તાત્કાલિક સરકારી રાહતની જાહેરાત કરવામાં આવે. ખેડૂતોનો સૌથી મોટો સવાલ એ છે કે જો વરસાદના અભાવે પાકને નુકસાન થાય તો તેની જવાબદારી કોણ લેશે? બિયારણ, ખાતર, દવા, મજૂરી અને ટ્રેક્ટર સહિતના ખર્ચ કર્યા બાદ જો વરસાદ ન મળે તો ખેડૂતને ભારે આર્થિક નુકસાન સહન કરવું પડે છે. દ્વારકા સહિતના અસરગ્રસ્ત વિસ્તારોમાં વરસાદની સ્થિતિનું વૈજ્ઞાનિક અને તાલુકા-ગામવાર મૂલ્યાંકન, પાકની સ્થિતિનો સર્વે અને ત્યારબાદ જરૂરી રાહત પેકેજ જાહેર કરવાની માંગ ઉઠી રહી છે. ઈસુદાન ગઢવીના ધરણાથી હવે સરકાર સામે પણ રાજકીય દબાણ ઊભું થયું છે. સરકાર આ માંગને કેવી રીતે લે છે અને અસરગ્રસ્ત વિસ્તારો અંગે શું નિર્ણય કરે છે તેના પર ખેડૂતોની નજર છે.

### ડભોઇ-વેગા માર્ગ નિર્માણમાં ભ્રષ્ટાચારની પોલ ખુલી

# માત્ર એક જ મહિનામાં નવો ડામર રોડ ધોવાયો, સ્ટેચ્યૂ ઓફ યુનિટી જતા હજારો પ્રવાસીઓ પરેશાન



**ડભોઇ**

ડભોઇ ફરતી કૂઈથી વેગા સુધી તાજેતરમાં કરોડો રૂપિયાના ખર્ચે બનેલા નવા માર્ગે પહેલા જ મહિને દમ તોડી દીધો છે. માત્ર ૩૦ દિવસ અગાઉ જ કરોડોના ખર્ચે તૈયાર થયેલા આ ડામર રોડ પરથી ડામરનું નામનિશાન ગાયબ થઈ ગયું છે. ઠેર-ઠેર કાંકરીઓ ઉખડીને મોટા-મોટા ભયાનક ખાડા પડી જતાં માર્ગની હાલત અત્યંત દયનીય બની ગઈ છે. કોન્ટ્રાક્ટર દ્વારા વાપરવામાં આવેલા હલકી કક્ષાના મટીરીયલ અને સરકારી અધિકારીઓની લાપરવાહીને કારણે સરકારના લાખો-કરોડો રૂપિયા સીધા પાણીમાં ગયા હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

આ માર્ગ વિશ્વપ્રસિદ્ધ 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' (SOU) તરફ જતો મુખ્ય અને અત્યંત મહત્વનો રસ્તો હોવાથી અહીંથી રોજના હજારો વાહનો, એસ.ટી. બસો, પ્રવાસીઓની લક્ઝરી બસો અને વીઆઈપી કોન્વોય સતત પસાર થાય છે. રસ્તા પર ચોમેર પથરાયેલી અણીદાર કપચી અને કાંકરીઓના કારણે ટુ-વ્હીલર ચાલકો સતત સ્લીપ થઈને અકસ્માતનો ભોગ બની રહ્યા છે. આટલું જ નહીં, પૂરપાટ ઝડપે જતાં વાહનોના ટાયરોમાંથી ઉડતી કાંકરીઓ પાછળ આવતા વાહનચાલકો અને રાહદારીઓ માટે જીવલેણ સાબિત થઈ રહી છે. સ્થાનિક નાગરિકોના જણાવ્યા મુજબ, જ્યારે આ મહત્વકાંક્ષી માર્ગનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું હતું ત્યારે માર્ગ અને મકાન વિભાગનો (R&B) કોઈ પણ જવાબદાર એન્જિનિયર કે સરકારી અધિકારી સ્થળ પર સુપરવિઝન માટે હાજર રહેતો નહોતો. યોગ્ય સુપરવિઝનના અભાવે કોન્ટ્રાક્ટરે બિંદાસપણે ગુણવત્તા વગરનું હલકું મટીરીયલ વાપરીને લોટ-પાણીને લાકડો કરીને કામ પતાવી દીધું હતું. અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર વચ્ચેની કથિત મિલીભગતનો ભોગ આજે સામાન્ય જનતા અને પ્રામાણિક કરદાતાઓ બની રહ્યા છે.


# '112 જનરક્ષક' માટે 3 હજાર LRD જવાનોની ભરતી થશે

### ડિસેમ્બરમાં શારીરિક અને માર્ચ-2027માં લેખિત પરીક્ષા

**ગાંધીનગર**

ગુજરાત પોલીસમાં લોકરક્ષક કેડર(LRD)ની નવી ભરતીની રાહ જોઈ રહેલા ઉમેદવારો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. '112 જનરક્ષક' માટે LRDની કુલ 3000 જગ્યાઓ પર સીધી ભરતીની જાહેરાત ટૂંક સમયમાં થશે. ભરતીમાં UPC(બિન-હથિયારી પોલીસ કોન્સ્ટેબલ) -1000, APC(હથિયારી પોલીસ કોન્સ્ટેબલ)-1000 અને SRPF(સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ)-1000 જગ્યાઓનો સમાવેશની શક્યતા છે.

ભરતીની જાહેરાત સપ્ટેમ્બર/ઓક્ટોબર 2026માં જાહેર થવાની સંભાવના છે. જ્યારે ઉમેદવારોની શારીરિક કસોટી ડિસેમ્બર 2026 અથવા જાન્યુઆરી 2027માં



યોજાય શકે છે. ત્યારબાદ લેખિત પરીક્ષા માર્ચ/એપ્રિલ 2027માં હોય શકે છે. શારીરિક કસોટીની ઉમેદવારોએ અગાઉથી દોડની તૈયારી શરૂ કરવા ભરતી બોર્ડે આજે(29 ઓગસ્ટ) સલાહ આપી છે. લોકરક્ષક કેડરની ભરતીમાં ધોરણ-12 પાસ ઉમેદવારોને તક મળવાની છે. સાથે ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના નિયમ મુજબ ધોરણ-12 સમકક્ષ પરીક્ષા પાસ કરેલી હોવી જરૂરી રહેશે.

### શું તંત્ર કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહ્યું છે?

# ડભોઇમાં તંત્રની ઘોર નિંદ્રા: 50 ફૂટની ઊંચાઇએ સેફ્ટી વગર મજૂરો પાસે કરાવાતું કામ

**ડભોઇ**

ડભોઇ રેલવે સ્ટેશન ખાતે છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલા રેલવે ઓવરબ્રિજના નિર્માણ કાર્યમાં કોન્ટ્રાક્ટર અને જવાબદાર રેલવે વહીવટીતંત્રે માનવતા અને કાયદા બંનેને બાજુ પર મૂકી દીધા છે. અહીં ૪૦ થી ૫૦ ફૂટ જેટલી ભયજનક ઊંચાઈએ કામ કરી રહેલા શ્રમિકો પાસે સુરક્ષાના કોઈપણ પ્રાથમિક સાધનો વગર કામ લેવામાં આવી રહ્યું છે. ગરીબ શ્રમિકો પોતાના રોજીરોટી માટે જીવના જોખમે ઊંચા પિલરો પર ચડીને કામ કરવા મજબૂર બન્યા છે, જ્યારે બીજી તરફ તંત્ર આખ આડા કાન કરીને બેઠું છે.



શ્રમ કાયદા અને કન્સ્ટ્રક્શન સેફ્ટીના સ્પષ્ટ નિયમો અનુસાર, કોઈપણ ઊંચાઈવાળી જગ્યાએ કામ કરતી વખતે શ્રમિકો માટે સેફ્ટી હેલ્મેટ, સેફ્ટી બેલ્ટ એટલે કે હાર્નેસ, રેડિયમ જેકેટ અને સેફ્ટી શૂઝ પહેરવા અત્યંત ફરજિયાત છે. પરંતુ ડભોઇ ઓવરબ્રિજની સાઈટ પર આ તમામ નિયમોનો ખુલ્લેઆમ ઉલ્લંઘન થઈ રહ્યો છે. કોન્ટ્રાક્ટર દ્વારા વધુ નફો કમાવાની લાયસમાં ગરીબ મજૂરોની સુરક્ષાને નેવે મૂકી દેવામાં આવી છે. જો ભૂલથી પણ કોઈ શ્રમિકનો પગ લપસે, તો ૫૦ ફૂટની ઊંચાઈએથી નીચે પટકાતાં જાનહાનિ થવાની પૂરતી શક્યતા છે.

સૌથી ગંભીર બાબત તો એ છે કે આ જ ઓવરબ્રિજની કામગીરી દરમિયાન અગાઉ એક દુર્ઘટના ઘટી ચૂકી છે. તે સમયે બ્રિજ પરથી પટકાતાં બે મજૂરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. આટલી મોટી ઘટના બની હોવા છતાં, ન તો કોન્ટ્રાક્ટરે પોતાની ભૂલ સુધારી કે ન તો રેલવેના અધિકારીઓએ ઘટના સ્થળે આવીને સુરક્ષાની સમીક્ષા કરી. ભૂતકાળની ઘટનામાંથી બોધપાઠ લેવાને બદલે હજુ પણ એ જ નિષ્કાળજી સાથે કામ ચાલુ રાખવામાં આવ્યું છે.

# ગડખોલના ઉપસરપંચે સરપંચનો ચાર્જ સંભાળ્યો : મહિલા સરપંચને નાણાકીય ગેરરીતિ બદલ સસ્પેન્ડ કરાયા હતા

**ભરૂચ, રંગુની જાકીર**

અંકલેશ્વરની ગડખોલ ગ્રામપંચાયતમાં મહત્વપૂર્ણ ઘટનાક્રમ સામે આવ્યો છે. અહીંના ઉપસરપંચ કનુ ભરવાડે સરપંચ તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. આ કાર્યવાહી મહિલા સરપંચ મંજુલા પટેલને નાણાકીય ગેરરીતિના આરોપસર હોદ્દા પરથી દૂર કરાયા બાદ કરવામાં આવી છે. જિલ્લા વિકાસ અધિકારી (DDO) દ્વારા મહિલા સરપંચ મંજુલા પટેલને હોદ્દા પરથી દૂર કરવાનો આદેશ કરાયો હતો. તેમની સામે નાણાકીય ગેરરીતિના આક્ષેપો હતા, જે અંગે રજૂઆત બાદ તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસના અંતે આ કાર્યવાહી કરવામાં આવી.

ચાર્જ સંભાળ્યા બાદ ઉપસરપંચ કનુ ભરવાડે પૂર્વ સરપંચ સામે ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા છે. તેમણે ગ્રામપંચાયતના વહીવટમાં થયેલી ગેરરીતિઓ અંગે પણ સવાલો ઉઠાવ્યા છે. કનુ ભરવાડ વિકાસ પેનલના સભ્ય છે.

કનુ ભરવાડે સરપંચ તરીકે ચાર્જ સંભાળતા ગ્રામજનો, આગેવાનો અને તેમના શુભેચ્છકોએ તેમને શુભકામનાઓ પાઠવી હતી.

### ડભોઇના થુવાવી ચોકડી પાસે ભયાનક અકસ્માત

# બાઇક અને એક્ટિવા વચ્ચે જોરદાર ટક્કર, 4 લોકો ગંભીર રીતે ઘાયલ થયા

**ડભોઇ**

ડભોઇ તાલુકાના અત્યંત વ્યસ્ત ગણાતા થુવાવી ચાર રસ્તા પાસે આજે એક કાળજું કંપાવી દે તેવો માર્ગ અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવતી એક એક્ટિવા અને મોટરસાઈકલ વચ્ચે સામસામે ધડાકાભેર ટક્કર થઈ હતી. આ ગોઝારા અકસ્માતમાં બંને વાહનો પર સવાર કુલ ૪ વ્યક્તિઓ રસ્તા પર પટકાતાં ગંભીર રીતે લોહીલુહાણ થઈ ગયા હતા. ટક્કરનો અવાજ એટલો પ્રચંડ હતો કે આસપાસના સ્થાનિક રહીશો અને રાહદારીઓ જીવના જોખમે મદદ માટે દોડી આવ્યા હતા.

ઘટનાની ગંભીરતા જોઈ સ્થાનિકોએ તાબડતોબ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ઈજાગ્રસ્તોની સ્થિતિ અત્યંત નાજુક



હોવાથી સ્થાનિકોની મદદથી તમામ ચારેય ઘાયલોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતના કારણે હાઈવે પર બંને બાજુ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. બનાવની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને અકસ્માતગ્રસ્ત વાહનોને બાજુ પર ખસેડી વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો.

થુવાવી ચોકડી એ ચાર મુખ્ય રસ્તાઓને જોડતો અત્યંત મહત્વનો પોઈન્ટ છે, જ્યાંથી દિવસ-રાત હજારો વાહનો પસાર થાય છે. આમ છતાં, આ જોખમી ચોકડી પર તંત્ર દ્વારા સુરક્ષાના નામે મીંડું છે: વાહનોની અનિયંત્રિત ગતિને રોકવા માટે અહીં કોઈ ટ્રાફિક સિગ્નલ નથી. ચોકડી પર વાહનો ધીમા પડે તે માટે જરૂરી સ્પીડ બ્રેકર કે બ્લિંકર લાઈટ્સ પણ મૂકવામાં આવ્યા નથી. યોગ્ય સંકેતો અને સુરક્ષાના અભાવે અહીં અઠવાડિયે કોઈને કોઈ નાનો-મોટો અકસ્માત સર્જાય છે. અકસ્માત બાદ સ્થાનિક લોકોમાં તંત્ર સામે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

### એક્ટિવા પર હજારોનો દારૂ સુરત-નવસારીમાં ઘુસાડાયો!

# રક્ષાબંધનના દિવસે દારૂની ફૂલ હેરાફેરી: દક્ષિણ ગુજરાતમાં મહિલા બૂટલેગરો બેફામ

**સુરત**

પવિત્ર તહેવાર રક્ષાબંધનના દિવસે જ દક્ષિણ ગુજરાતમાં દારૂના કારોબારીઓએ કાયદાના ધજાગરા ઉડાવ્યા છે. ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીના હોમ ગ્રાઉન્ડ ગણાતા સુરત અને નવસારી વિસ્તારમાં મહિલા બૂટલેગરો ખુલ્લેઆમ બેફામ બની છે. પોતાના એક્ટિવા જેવા દ્વિચક્રી વાહનોમાં હજારો રૂપિયાનો ગેરકાયદેસર દારૂ ભરીને મહિલા બૂટલેગરો એક શહેરમાંથી બીજા શહેરમાં બિંદાસપણે હેરાફેરી કરી રહી છે, જ્યારે પોલીસ તંત્ર હાથ પર હાથ ધરીને તમાશો જોઈ રહ્યું છે.




સામાન્ય રીતે પોલીસ ચેકિંગ દરમિયાન મહિલાઓ પર શંકા ઓછી જતી હોય છે, તે વાતનો ગેરફાયદો ઉઠાવીને હવે બૂટલેગરોએ મહિલાઓને આગળ કરી છે. રક્ષાબંધન જેવા તહેવારના દિવસે જ્યારે સામાન્ય જનતા ઉત્સવ ઉજવી રહી હતી, ત્યારે આ મહિલા બૂટલેગરો પોતાના વાહનોમાં દારૂના જથ્થાનું સેફ ડિલિવરી નેટવર્ક ચલાવી રહી હતી.

સુરત અને નવસારીના મુખ્ય માર્ગો અને ચેકપોસ્ટો પરથી દારૂ ભરેલા વાહનો આસાનીથી પસાર થઈ જાય છે.

દારૂબંધીના નામે કડક દાવાઓ કરતી સ્થાનિક પોલીસનો બૂટલેગરોમાં કોઈ જ ખૌફ જોવા મળતો નથી.

ભૂતકાળમાં ગુજરાતમાં સર્જાયેલા ભયાનક લઠ્ઠાકાંડમાં અનેક માસુમોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. આવા ગોઝારા કિસ્સાઓ બન્યા હોવા છતાં રાજ્યમાં દારૂનું વેચાણ બંધ થવાનું નામ નથી લેતું. સ્થાનિક નાગરિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે અને લોકો ચોખ્ખા શબ્દોમાં આક્ષેપ કરી રહ્યા છે કે રાજકીય આકાઓ અને હપ્તાખોરીના કારણે જ દારૂનો આ કાળો કારોબાર ફૂલીફાલી રહ્યો છે. જે વિસ્તારના નેતાઓ જ સત્તાના શિખરે હોય, ત્યાં જ જો આટલા મોટા પ્રમાણમાં દારૂ ઘુસાડાતો હોય તો સામાન્ય જનતાએ સુરક્ષાની આશા કોની પાસે રાખવી?

તહેવારોના દિવસે દારૂની હેરાફેરી કરતી મહિલા બૂટલેગરો અને તેમની પાછળના મુખ્ય આકાઓ સામે ક્યારે પગલાં લેવાશે?

### વડાલીમાં ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાના ચશ્માંની ચોરી

# ભાઈચારો અને શાંતિ ડહોળવાનો નીચ પ્રયાસ, અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહીની ઉગ્ર માંગ!

**સાબરકાંઠા**

સાબરકાંઠા જિલ્લાના વડાલી શહેરમાંથી એક અત્યંત શરમજનક અને અસામાજિક ઘટના સામે આવી છે. વડાલીમાં સ્થાપિત ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકરની પૂર્ણકદની પ્રતિમા પરથી અજાણ્યા અસામાજિક તત્વો દ્વારા ચશ્માંની ચોરી કરવામાં આવી છે. દેશના બંધારણ નિર્માતા અને કરોડો લોકોના આરાધ્ય દેવ સમાન મહાનુભાવની પ્રતિમા સાથે આવી હલકી અને વિકૃત મનોવૃત્તિ ધરાવતી હરકત થતાં જ સમગ્ર વિસ્તારના બહુજન સમાજ અને નાગરિકોમાં ભારે આક્રોશની જ્વાળા ભડકી ઉઠી છે.

આ માત્ર સામાન્ય ચોરી કે તોડફોડનો કિસ્સો નથી, પરંતુ સમાજમાં શાંતિ, એકતા અને ભાઈચારો ડહોળવાનો એક સુનિયોજિત પ્રયાસ હોય તેમ સ્પષ્ટ જણાઈ આવે છે. આવા તત્વોનો મુખ્ય હેતુ સમાજ-સમાજ વચ્ચે તેડ પડીને દંગા



અને અશાંતિ ફેલાવવાનો હોય છે. જ્યારે પણ કોઈ વિસ્તારમાં પ્રગતિ અને શાંતિનો માહોલ હોય, ત્યારે આવા નીચ માનસિકતા ધરાવતા લોકો પ્રતીકો અને પ્રતિમાઓને નિશાન બનાવીને લોકોની લાગણીઓ ઉશ્કેરવાનો કાયરતાપૂર્ણ પ્રયાસ કરે છે.

ઘટનાની જાણ વાયુવેગે પસાર થતાં જ વડાલી અને આસપાસના ગામડાઓમાંથી મોટી સંખ્યામાં આગેવાનો અને યુવાનો પ્રતિમા સ્થળે અને વડાલી પોલીસ મથકે એકઠા થઈ ગયા હતા. લોકોએ તંત્ર સામે ભારે વિરોધ નોંધાવીને સવાલો ઉઠાવ્યા છે કે જાહેરમાં આવેલી પ્રતિમાઓ પાસે સુરક્ષાની યોગ્ય વ્યવસ્થા કેમ નથી?

સ્થાનિકોએ પોલીસ પ્રશાસન સામે આકરા પ્રહારો કરતા મુખ્ય માંગણીઓ રજૂ કરી છે.

સીસીટીવી ફૂટેજ ચકાસીને આ હલકી હરકત કરનાર અસામાજિક તત્વોની ૨૪ કલાકમાં અટકાયત કરવામાં આવે.

# સૌથી મોંઘો નંબર FC0007 રહ્યો, 3.07 લાખની બોલી : ભરૂચ આરટીઓમાં ફેન્સી નંબરનો ક્રેઝ, હરાજીમાં 25 નંબર વેચાયા

**ભરૂચ, રંગુની જાકીર**

ભરૂચમાં નવા વાહનો માટે મનપસંદ ફેન્સી નંબર મેળવવાનો વાહનચાલકોમાં ભારે ક્રેઝ જોવા મળી રહ્યો છે. ભરૂચ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા તાજેતરમાં 2-વ્હીલર અને 4-વ્હીલર માટે ફેન્સી રજિસ્ટ્રેશન નંબરોની ઓનલાઈન હરાજી યોજવામાં આવી હતી. આ પ્રક્રિયામાં વાહનમાલિકોએ મનગમતા નંબર માટે ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

ઊંચી બોલીઓ લગાવી. હરાજી પ્રક્રિયામાં કુલ 25 ફેન્સી નંબરો માટે અરજદારો દ્વારા બોલી લગાવવામાં આવી હતી. જેના થકી આરટીઓ તિજોરીમાં કુલ રૂ. 6,64,000 ની માતબર આવક જમા થવા પાત્ર બની છે.

આ હરાજીમાં સૌથી વધુ આકર્ષણ GJ16FC0007 નંબરનું રહ્યું હતું. આ વીઆઈપી નંબર મેળવવા માટે એક અરજદારે રેકોર્ડબ્રેક રૂ. 3,07,000 ની સૌથી ઊંચી બોલી લગાવી હતી. આ ઉપરાંત, અન્ય એક લોકપ્રિય નંબર GJ16FC9999 માટે રૂ. 1,21,000 ની બોલી નોંધાઈ હતી.

અન્ય ફેન્સી નંબરો માટે પણ અરજદારોએ સ્પર્ધાત્મક બોલીઓ લગાવી હતી. સંપૂર્ણ પારદર્શક રીતે યોજાયેલી આ પ્રક્રિયા બાદ આરટીઓ ભરૂચ દ્વારા નાગરિકોને ખાસ અપીલ કરવામાં આવી છે. ફેન્સી નંબર કે અન્ય વાહન સંબંધિત સેવાઓ માટે માત્ર અધિકૃત સરકારી ઓનલાઈન માધ્યમોનો જ ઉપયોગ કરવો.

### વડોદરામાં કાગળ પરની દારૂબંધીના ધજાગરા

# મદન ઝાપા રોડ પર ખુલ્લેઆમ દારૂની હેરાફેરીનો વિડિયો વાયરલ, બુટલેગરોને પોલીસનો કોઇ ખોફ નથી?

**ગાંધીનગર**

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીનો કાયદો માત્ર ચોપડે જ કડક હોય તેમ લાગી રહ્યું છે. ભાવનગરમાં સર્જાયેલા લઠ્ઠાકાંડની ગોઝારી ઘટના બાદ ગૃહ વિભાગ અને નાયબ મુખ્યમંત્રી દ્વારા સમગ્ર રાજ્યમાં દેશી-વિદેશી દારૂના અડ્ડાઓ પર કડક પ્રતિબંધ અને ઝુંબેશની વાતો કરવામાં આવી હતી. પરંતુ આ તમામ દાવોની પોલ ખોલતો એક ભયાનક વાયરલ વિડિયો વડોદરા શહેરના મધ્યમાંથી સામે આવતાં સમગ્ર પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. વડોદરા શહેરના અત્યંત વ્યસ્ત ગણાતા મદન ઝાપા રોડ પર આવેલા ચીમનભાઈ દવાખાનાની ગલીમાંથી ખુલ્લેઆમ દેશી-વિદેશી દારૂની હેરાફેરી અને વેચાણ થતું હોવાનો વિડિયો



સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. વાયરલ વિડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે બુટલેગરો કોઈ પણ જાતના ડર વિના, દહાડે દિવસે દારૂના પોટલાં અને બોટલોની હેરાફેરી કરી રહ્યા છે. દવાખાના જેવી જાહેર અને સંવેદનશીલ જગ્યા નજીક જ દારૂનો કાળો કારોબાર ફૂલ્યો-ફાલ્યો હોવાથી સ્થાનિક રહીશો પણ પરેશાન થઈ ગયા છે. ભાવનગરની મોટી દુર્ઘટનામાંથી પણ તંત્રએ કોઈ પાઠ ન શીખ્યો હોય તેમ વડોદરાના આ વિડિયો પરથી સાબિત થાય છે. વડોદરા શહેરના નાક નીચે જ જો આવી રીતે બેરોકટોક દારૂ વેચાતો હોય તો સ્થાનિક પોલીસની કામગીરી સામે અનેક વેધક પ્રશ્નો ઊભા થાય છે. શું સ્થાનિક પોલીસની રહેમનજર કે મિલીભગત વગર જાહેર રોડ પર દારૂનું નેટવર્ક ચલાવવું શક્ય છે? દારૂના અડ્ડાઓને કારણે વિસ્તારમાં અસામાજિક તત્વોનો જમાવડો રહે છે, જેનાથી મહિલાઓ અને સામાન્ય નાગરિકોની સુરક્ષા જોખમાઈ રહી છે. સોશિયલ મીડિયા પર વિડિયો વાયરલ થતાં જ વડોદરાના નાગરિકો અને સામાજિક આગેવાનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકોની માંગ છે કે માત્ર નાના બુટલેગરોને પકડીને સંતોષ માનવાને બદલે, આ વિસ્તારમાં દારૂનો કાળો કારોબાર ચલાવનારા મુખ્ય આકાઓ.

# મોડાસાના સગરવાડામાં અડધી રાત્રે કાળજું કંપાવનારી હોનારત

### રક્ષાબંધન ઉજવવા આવેલી બહેન-ભાણિયાઓ સહિત 7 લોકો પર તૂટી પડ્યો મકાનનો સ્લેબ, મોટી જાનહાનિ ટળી!

**અરવલ્લી**

અરવલ્લી જિલ્લાના મોડાસા સ્થિત સગરવાડા વિસ્તારમાં રક્ષાબંધનની રાત્રે એક અત્યંત કરુણ અને ભયાનક અકસ્માત સર્જાયો છે. રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે પોતાના ભાઈને રાખડી બાંધવા અને હર્ષોલ્લાસ સાથે તહેવાર ઉજવવા આવેલી બહેન અને તેના ભાણિયાઓ સહિત પરિવારના સભ્યો ઘરના ઉપરના ભાગે આરામ કરી રહ્યા હતા. તે દરમિયાન મોડી રાત્રે આશરે ૧૨:૩૦ વાગ્યાના સુમારે એકાએક કાચા મકાનનો ધાબાનો સ્લેબ ધડાકાભેર ધરાશાયી થયો હતો. ૧૨:૩૦ વાગ્યે ધડાકા સાથે સ્લેબ ધસી પડતાં ચીસાચીસ મચી

રાત્રિના શાંત વાતાવરણમાં અચાનક મોટો ધડાકો થતાં જ આસપાસના રહીશો ફફડી ઊઠ્યા હતા. ઉપરના ઓરડામાં સૂતેલા બહેન અને ભાણિયાઓ સહિત ૪ લોકો સ્લેબના કાટમાળ સાથે સીધા નીચે પટકાયા હતા. આટલું જ નહીં, ધડાકાભેર તૂટી પડેલા સ્લેબનો કાટમાળ નીચેના ભાગે સૂતેલા અન્ય ૩ લોકો પર પડતાં તેઓ પણ તેની અડફેટે આવી ગયા હતા. આમ, કુલ ૭ જેટલા લોકો કાટમાળ નીચે દબાતાં ઘટનાસ્થળે ભારે ચીસાચીસ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ઘટનાની જાણ થતાં જ આસપાસના પાડોશીઓ અને રાહદારીઓ પોતાના જીવની પરવા કર્યા વિના તુરંત જ મદદ અર્થે દોડી આવ્યા હતા.

## તંત્રી લેખ...


# સિસ્ટમમાં અમૂલચૂડ સુધારાની જરૂરિયાત

### કોલેજિયમ પ્રક્રિયા, યોગ્યતા (Merit) આધારિત વ્યવસ્થા અને 'એક દેશ, એક વિધાન' અંગે વાસ્તવિક મંથન

ભારતીય લોકશાહી અને શાસન વ્યવસ્થા હાલમાં એક એવા નિર્ણાયક મોડ પર ઊભી છે, જ્યાં દેશના સજાગ નાગરિકો, બુદ્ધિજીવીઓ અને નીતિ નિર્માતાઓ વર્તમાન પ્રણાલીની મર્યાદાઓ અંગે ગંભીરતાથી વિચારણા કરી રહ્યા છે. બંધારણીય હોદ્દાઓની ગરિમા જાળવવી, સામાજિક સમરસતા સુનિશ્ચિત કરવી અને પ્રજાના પ્રત્યેક વર્ગને સમાન ન્યાય આપવો એ સશક્ત ભારતના નિર્માણ માટે અતિ આવશ્યક છે. આ જ સંદર્ભમાં ન્યાયતંત્રની નિમણૂક પ્રક્રિયા, જાતિગત અનામતની નીતિઓ અને વિવિધ કાયદાઓની વ્યાપક અસર પર રાષ્ટ્રીય સ્તરે ખુલ્લી ચર્ચા ઊભી થઈ છે.

## ન્યાયતંત્ર અને કોલેજિયમ સિસ્ટમની પારદર્શિતા

ન્યાયાધીશોની નિમણૂક માટે વર્તમાન સમયમાં કાર્યરત કોલેજિયમ સિસ્ટમની પારદર્શિતા સામે વારંવાર પ્રશ્નાર્થો ઊભા થતા રહ્યા છે. ઉચ્ચ ન્યાયતંત્રમાં નિમણૂકો કયા ધોરણો પર થાય છે અને તેમાં યોગ્યતા (Merit) ને કેટલું પ્રાધાન્ય મળે છે તે અંગે સમગ્ર દેશમાં ચર્ચા ચાલી રહી છે. જ્યારે બંધારણીય કે ન્યાયિક હોદ્દા પર બેઠેલી વ્યક્તિઓ તરફથી એવા નિવેદનો કે વલણ સામે



આવે છે જેનાથી દેશના બહુમતી સમાજના આસ્થા અને ધાર્મિક મૂલ્યોને આઘાત પહોંચે, ત્યારે સમગ્ર પસંદગી પ્રણાલી સામે સવાલો ઊઠવા સ્વાભાવિક છે. સિસ્ટમ એવી હોવી જોઈએ જ્યાં વ્યક્તિગત પૂર્વગ્રહો કે જાતિગત માનસિકતાને સ્થાને માત્ર અને માત્ર બંધારણીય નિષ્ઠા અને ન્યાયિક તટસ્થતાને જ સ્થાન મળે.

## યોગ્યતા (Merit) આધારિત વ્યવસ્થા અને આરક્ષણમુક્ત ભારતનું સ્વપ્ન

દેશના સર્વાંગી વિકાસ માટે જ્ઞાતિ કે જાતિના આધારે નહીં પરંતુ વ્યક્તિની ક્ષમતા, બુદ્ધિમત્તા અને મહેનત એટલે કે 'મેરિટ'ના આધારે તકો મળવી જોઈએ તેવી માંગ હવે દેશનો યુવા વર્ગ કરી રહ્યો છે. અનામત પ્રથાના દાયકાઓ પછી પણ જો સમાજના તમામ વર્ગોને સંતોષ ન મળતો હોય, તો આ નીતિઓની પુનઃસમીક્ષા કરવાનો સમય પાકી ગયો છે. જાતિવાદમુક્ત સમાજનું નિર્માણ ત્યારે જ શક્ય બનશે જ્યારે દરેક નાગરિકને તેની યોગ્યતાના આધારે આગળ વધવાની સમાન તક મળશે. આ માટે 'આરક્ષણમુક્ત ભારત' અને યોગ્યતાને જ એકમાત્ર માપદંડ બનાવવાની દિશામાં કાયદાકીય કદમ ઊઠાવાય તે સમયની માંગ છે.

## 'એક દેશ, એક વિધાન' અને કાયદાઓનો દુરુપયોગ રોકવો

ભારતની એકતા અને અખંડિતતા માટે 'એક દેશ, એક વિધાન' (Uniform Civil Code / One Nation One Law) નો સિદ્ધાંત અત્યંત મહત્વપૂર્ણ છે. કાયદો દરેક નાગરિક માટે સમાન હોવો જોઈએ, પછી તે કોઈ પણ જ્ઞાતિ, ધર્મ કે વર્ગનો હોય. આ સાથે જ, એટ્રોસિટી એક્ટ જેવા વિશેષ કાયદાઓ કે યુજીસી (UGC) ની નીતિઓમાં સમયાનુકૂળ સુધારાની જરૂરિયાત ઊભી થઈ છે. આવા કાયદાઓનો જ્યારે કોઈ અંગત સ્વાર્થ કે વેરભાવ સાધવા માટે દુરુપયોગ થાય છે, ત્યારે સામાજિક સમરસતા છિન્નભિન્ન થઈ જાય છે અને નિર્દોષ લોકો તેનો ભોગ બને છે. તેથી, કાયદાઓનું રક્ષણ ચોક્કસ થાય પરંતુ તેનો દુરુપયોગ અટકે તેવા કડક સુધારા જરૂરી છે.

## સરકાર અને પ્રશાસન માટે સંદેશ

જો દેશને ખરેખર વિશ્વગુરુ બનાવવો હોય અને સામાજિક સમરસતા સ્થાપિત કરવી હોય, તો સરકારે અને કાયદા ઘડનારી સંસ્થાઓએ જનભાવનાને માન આપવું પડશે. જાતિગત રાજકારણથી ઉપર ઉઠીને યોગ્યતા, પારદર્શક વહીવટ અને સમાન કાયદાકીય માળખું અમલી બનાવવામાં આવે તો જ દરેક નાગરિકમાં રાષ્ટ્રપ્રથમની ભાવના વધુ પ્રબળ બનશે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ગુજરાત પોલીસના ઇતિહાસનો સૌથી કાળો અધ્યાય...

## રક્ષક જ બન્યો ભક્ષક! સ્વીટી પટેલ હત્યાકાંડની ખૌફનાક અને કંપારી છૂટી જાય તેવી આખી ઇનસાઇડ સ્ટોરી

અમદાવાદ/વડોદરા

ગુજરાત પોલીસના દાયકાઓના ઇતિહાસમાં અસંખ્ય જટિલ ગુનાઓ ઉકેલાયા છે, પરંતુ વર્ષ ૨૦૨૧માં સામે આવેલા 'સ્વીટી પટેલ હત્યાકાંડે' સમગ્ર ગુજરાત સહિત દેશભરના પોલીસ બેડા અને નાગરિકોને હચમચાવી મૂક્યા હતા. આ કિસ્સો એટલા માટે ખૌફનાક હતો કારણ કે જેની શિસ્ત, ખાખી વર્દી અને કાયદા પર જનતાને ભરોસો હતો, તે જ કાયદાનો રક્ષક અને પોલીસ ઈન્સ્પેક્ટર (PI) અજય દેસાઈ આખી સ્ક્રિપ્ટનો મુખ્ય સૂત્રધાર અને હત્યારો સાબિત થયો હતો.

### આભાસી પ્રેમ, લગ્ન અને મનમાં અંકુરિત થયેલું ભયાનક ષડયંત્ર

વડોદરા જિલ્લાના કરજણ પોલીસ સ્ટેશનમાં પી.આઈ. તરીકે ફરજ બજાવતા અજય દેસાઈ અને કરજણની સોસાયટીમાં રહેતી સ્વીટી પટેલ વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. બંને છેલ્લા કેટલાય સમયથી પતિ-પત્નીની જેમ 'લિવ-ઈન રિલેશનશિપ'માં સાથે રહેતા હતા.

પરંતુ આ સંબંધોમાં તિરાડ ત્યારે પડી જ્યારે પી.આઈ. અજય દેસાઈએ અન્ય પરિવારની યુવતી સાથે લગ્ન કરી લીધા. આ બાબતે સ્વીટી પટેલ અને અજય દેસાઈ વચ્ચે અવારનવાર તીવ્ર ઝઘડાઓ અને માનસિક તણાવ શરૂ થયો. સ્વીટી પટેલ પોતાના અધિકાર અને સામાજિક પ્રતિષ્ઠા માટે અજય દેસાઈ પર સતત દબાણ બનાવી રહી હતી. પોતાની પોલીસ કારકિર્દી અને નવી પરણેલી પત્ની સાથેના સંબંધો જોખમમાં મુકાતા જોઈ અજય દેસાઈના મનમાં સ્વીટી પટેલને કાયમ માટે પોતાના રસ્તામાંથી હટાવી દેવાનો રાક્ષસી વિચાર આવ્યો.

### મોડી રાત્રે ઘોંટેલું ગળું અને ગુનાની ઠંડા કલેજે યોજના

જૂન ૨૦૨૧ના પ્રથમ સપ્તાહની એક મોડી રાત્રે, જ્યારે આખું કરજણ શહેર ઊંઘી રહ્યું હતું, ત્યારે અજય દેસાઈએ પોતાના જ મકાનમાં સ્વીટી પટેલ સાથે ફરી ઝઘડો કર્યો. ઉશ્કેરાટ અને પૂર્વઆયોજિત ષડયંત્રના ભાગરૂપે અજય દેસાઈએ પોતાના રાક્ષસી માનસનો પરિચય આપતા સ્વીટી પટેલનું મોં અને ગળું દાબીને નિર્મમ હત્યા કરી નાખી.

હત્યા કર્યા બાદ એક શાતિર પોલીસ અધિકારીની જેમ તેણે ગુનાના તમામ પુરાવા નાશ કરવાનો પ્લાન અમલમાં મૂક્યો:

મૃતદેહનો નિકાલ: હત્યા બાદ સ્વીટી પટેલના મૃતાત્મા કે મૃતદેહની ઓળખ ન થાય તે માટે તેણે પોતાની પ્રાઈવેટ ગાડીની ડિસકીમાં લાશ મૂકી દીધી.

મિત્રની મદદ: તેણે પોતાના ખાસ મિત્ર અને આણંદ જિલ્લાના અટાલી ગામ પાસે આવેલી બંધ હોટલના માલિક કિરીટસિંહ જાડેજાનો સંપર્ક કર્યો.

ખાખીની હોશિયારીથી પુરાવા સળગાવ્યા: અટાલી ગામ પાસે અવાવરૂ જગ્યાએ લાકડાં, કેમિકલ અને પેટ્રોલનો ઉપયોગ કરીને સ્વીટી પટેલના મૃતદેહને કલાકો સુધી સળગાવવામાં આવ્યો, જેથી એક પણ હાડકું કે પુરાવો અકબંધ ન રહે.




### પોલીસને અને પરિવારને ગેરમાર્ગે દોરવાની 'માસ્ટર ગેમ'

હત્યાને અંજામ આપ્યા બાદ અજય દેસાઈએ અત્યંત ઠંડા કલેજે નાટક શરૂ કર્યું. તેણે સ્વીટી પટેલના ભાઈ અને પરિવારજનોને એવું કહ્યું કે, 'સ્વીટી ઘરમાંથી કોઈને કહ્યા વગર અચાનક ક્યાંક જતી રહી છે.'

એક પોલીસ અધિકારી હોવાના નાતે તપાસની તમામ બારીકીઓથી તે વાકેફ હતો. તેણે પોતે જ ગુમશુદગીની લિંક એવી રીતે દોરવા માંડી જેથી તપાસ ભટકી જાય. પરંતુ સ્વીટી પટેલના પરિવારે સ્થાનિક પોલીસની તપાસ સામે અસંતોષ વ્યક્ત કર્યો અને ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરી.

### એટીએસ (ATS) અને સીઆઈડી ક્રાઈમની એન્ટ્રી: શાતિર દિમાગ સામે આધુનિક સાયન્સનો વિજય

કેસની ગંભીરતા અને શંકાની સોય પોતે પોલીસ અધિકારી તરફ તાકાતાં, ગૃહ વિભાગે આ ચકચારી કેસની તપાસ CID ક્રાઈમ અને ગુજરાત ATS (એન્ટિ-ટેરરિઝમ સ્ક્વોડ) ની સંયુક્ત ટીમોને સોંપી.

આ તપાસમાં આઈપીએસ અધિકારીઓ અને અનુભવી પોલીસ અધિકારીઓની ટીમે મોરચો સંભાળ્યો:

ડીવાયએસપી ભાવના પટેલ અને ઉચ્ચ ટીમોનું સર્વેલન્સ: તપાસ ટીમનું નેતૃત્વ કરી રહેલા અધિકારીઓએ પરંપરાગત ખાનગી બાતમીદારો અને ટેકનિકલ સર્વેલન્સનો આશરો લીધો.

હાઈ-ટેક FSL ની મદદ: અટાલી ગામ ખાતેની બંધ હોટલની પાછળથી FSL (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી) ની ટીમે બારીકાઈથી તપાસ કરી રાખ અને માટીના કણો એકઠા કર્યા. ત્યાંથી માનવ શરીરના બળેલા અત્યંત નાના હાડકાં અને દાંતના અવશેષો મળી આવ્યા.

ડીએનએ પ્રોફાઈલિંગથી સચોટ પુરાવો: મેળવેલા અવશેષોના સેમ્પલ અને સ્વીટી પટેલના માતા-પિતાના ડીએનએ (DNA) મેચ કરવામાં આવ્યા. FSL ના રિપોર્ટમાં સ્પષ્ટ થયું કે બળેલા અવશેષો સ્વીટી પટેલના જ હતા.

### આકરી પૂછપરછમાં ભાંગી પડ્યો રક્ષક અને જેલના સળિયા પાછળ ધકેલાયો

ટેકનિકલ અને સાયન્ટિફિક પુરાવાઓ હાથમાં આવ્યા બાદ સીઆઈડી અને એટીએસની ટીમે તત્કાલીન પી.આઈ. અજય દેસાઈની કડક અને માનસશાસ્ત્રીય ઢબે પૂછપરછ હાથ ધરી.

પોતાને કાયદાથી ઉપર માનતો અજય દેસાઈ આખરે પોલીસની આકરી પૂછપરછ અને અકાટ્ય ડીએનએ પુરાવાઓ સામે ભાંગી પડ્યો. તેણે પોતે સ્વીટી પટેલનું ગળું ઘોંટીને હત્યા કરી હોવાની અને મિત્ર કિરીટસિંહ જાડેજાની મદદથી લાશ સળગાવી દીધી હોવાની કબૂલાત કરી લીધી.

### પાક્કો ગુજરાત ક્રાઇમ ફાઇલનું તારણ

સ્વીટી પટેલ હત્યાકાંડે બતાવી દીધું કે ગુનેગાર ભલે ગમે તેટલી હોશિયારી વાપરે, કાયદાની ખાખી વર્દીનો દુરુપયોગ કરે કે પુરાવા સળગાવી દેવાની કોશિશ કરે... પણ કાયદાની લાંબી અને મજબૂત પાંખોથી કોઈ બચી શકતું નથી. સીઆઈડી ક્રાઈમ અને એટીએસના નિષ્ઠાવાન અધિકારીઓની મહેનતથી એક બર્બર હત્યારો જેલના સળિયા પાછળ પહોંચ્યો અને પીડિત પરિવારને ન્યાય મળ્યો.

## અધૂરા સંબંધોની પૂરી વાર્તા: માણસ ચાલ્યો જાય છે, પણ હૃદયમાંથી તેની છાપ ક્યારેય ભૂંસાતી નથી!

જીવન એક એવો અખૂટ પ્રવાસ છે જ્યાં હજારો લોકો સાથે મુલાકાત થાય છે, કેટલાંક સાથે ઓળખાણ થાય છે અને કેટલાક લોકો હૃદયના સૌથી ઊંડા ખૂણામાં અવિભાજ્ય સ્થાન બનાવી લે છે. પરંતુ, એ પણ કુદરતનો કેવો વિચિત્ર નિયમ છે કે જે સંબંધો સૌથી વધુ ગાઢ, પવિત્ર અને નિષ્કપટ હોય છે, તે ઘણીવાર કોઈ ને કોઈ વળાંક પર અધૂરા રહી જાય છે! સમાજના નીતિ-નિયમો, સંજોગોની લાચારી, ભૌગોલિક અંતર કે પછી સમયની અનિવાર્યતા આગળ પ્રેમના આ સંબંધો મંઝિલ સુધી પહોંચી શકતા નથી.

પરંતુ સવાલ એ થાય છે કે, શું કોઈ સંબંધને કાયદેસરનું નામ કે મંઝિલ ન મળે તો તે નકામો થઈ જાય છે? બિલકુલ નહીં. અધૂરા રહી ગયેલા સંબંધો પણ જિંદગીભર હૃદયમાં એક મીઠી કસક અને પવિત્ર અહેસાસ બનીને જીવંત રહે છે.

૧. માણસ દૂર થાય છે, પણ તેની હાજરીનો અનુભવ કાયમી બની જાય છે

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે જો કોઈ વ્યક્તિ નજર સામેથી દૂર થઈ જાય, તો સમય જતાં તેની યાદો પણ ધૂંધળી થઈ જાય છે. પરંતુ સાચા સંબંધોમાં આ નિયમ લાગુ પડતો નથી.

પરિસ્થિતિ અને લાગણી વચ્ચેનો તફાવત: પરિસ્થિતિ બે વ્યક્તિને ભૌતિક રીતે એકબીજાથી દૂર કરી શકે છે, પરંતુ તેમણે સાથે વિતાવેલી પળો, એકબીજાને આપેલો માનસિક સહારાનો અહેસાસ અને દિલથી માણેલી ક્ષણોને કોઈ સંજોગ છીનવી શકતો નથી.

નામ વિનાનો પણ અનન્ય સંબંધ: કેટલાક સંબંધોને સમાજ કે લગ્ન જેવા બંધનોનું નામ નથી મળતું, છતાં પણ એ બે આત્માઓ વચ્ચેનું જોડાણ એટલું મજબૂત હોય છે કે તેને કોઈ અંતર તોડી શકતું નથી.

૨. યાદોનો અવિરત અને અદ્રશ્ય પ્રવાહ

જીવનમાં જ્યારે પણ કોઈ મુશ્કેલ ક્ષણ આવે છે કે પછી અચાનક કોઈ જૂનું ગીત વાગે છે, ત્યારે એ દૂર થઈ ગયેલી વ્યક્તિ ક્ષણભરમાં વિચારોમાં સામે આવીને ઊભી રહી જાય છે.

કોઈ ફરિયાદ વિનાની યાદો: જે સંબંધો પૂર્ણ નથી થઈ શકતા, તેમાં મોટાભાગે કડવાશને બદલે પરસ્પર આદર હોય છે. જ્યારે માણસ એ યાદોને વાગોળે છે, ત્યારે આંખમાં આંસુ હોવા છતાં ચહેરા પર એક નાનકડું સ્મિત આવી જાય છે.

જીવવાની નવી તાકાત: ઘણીવાર આ અધૂરી યાદો માણસને એકલતામાં પણ એકલવાયાપણું અનુભવવા દેતી નથી. એ યાદો જ તેને જિંદગીની વિષમ પરિસ્થિતિઓ સામે લડવાની અને આગળ વધવાની મૌન શક્તિ આપે છે.

૩. અધૂરાશમાં જ છુપાયેલી છે પવિત્રતા

સંપૂર્ણ થઈ ગયેલા સંબંધોમાં ઘણીવાર સમય જતાં ઘરકામ, દિનચર્યા કે સાંસારિક તણાવને કારણે કડવાશ કે કંટાળો આવી શકે છે. પરંતુ જે સંબંધો અધૂરા રહ્યા છે, તે હંમેશાં તાજા અને પવિત્ર રહે છે.

તેમાં નથી કોઈ અપેક્ષા, નથી કોઈ માગણી અને નથી કોઈ ફરિયાદ. તેમાં છે તો માત્ર ને માત્ર એકબીજા માટેની શુભકામનાઓ. દૂર રહીને પણ સામે વાળી વ્યક્તિ ખુશ રહે તે વિચાર જ આ સંબંધની સૌથી મોટી સુંદરતા છે.

નિષ્કર્ષ: અધૂરાશને સ્વીકારીને જીવવું એ જ સાચી પરિપક્વતા

જિંદગીના અંતિમ પડાઉ સુધી પહોંચતાં પહોંચતાં આપણને સમજાય છે કે, દરેક સુંદર વાર્તાનો અંત સુખદ જ હોવો જોઈએ એવું જરૂરી નથી. કેટલીક વાર્તાઓ અધૂરી રહીને જ અમર બની જતી હોય છે.

જે લોકો આપણા જીવનમાં આવ્યા, આપણને પ્રેમ અને લાગણીનો અહેસાસ કરાવ્યો અને પછી સંજોગોવશાત્ દૂર થઈ ગયા–તેમની યાદોને કોઈ પણ અફસોસ વિના હૃદયમાં સ્થાન આપવું એ જ સાચી જિંદગી છે. માણસ ભલે દૂર થઈ જાય, પણ તેની સ્મૃતિઓનો દીવો હૃદયના તાંતણે આખી જિંદગી અખંડ બળતો રહે છે.

# ₹22,000 કરોડનો મોટો સવાલ: જોખમ અમીરોનું, તો કિંમત સામાન્ય પ્રજા કેમ ચૂકવે?

અમદાવાદ

૨૨,૦૦૦ કરોડ! આ માત્ર એક આંકડો નથી, પરંતુ ભારતની બેન્કિંગ વ્યવસ્થા, પ્રશાસનિક પ્રાથમિકતાઓ અને દેશની આર્થિક નીતિઓ સામે ઊભો થયેલો એક અત્યંત ગંભીર અને સળગતો પ્રશ્ન છે. જ્યારે કોઈ મોટી કોર્પોરેટ કંપની કે ઉદ્યોગપતિ દિવાળિયા પ્રક્રિયામાં જાય છે અને હજારો કરોડના દેવા સામે વસૂલાત માત્ર નામમાત્રની થાય છે, ત્યારે દેશના દરેક કરદાતા અને સામાન્ય નાગરિકના મનમાં સવાલ ઊઠવો સ્વાભાવિક છે કે - આખરે આ ખેલ શું છે?

### રૂ. 22,006 કરોડનો દાવો અને વસૂલાત માત્ર 0.03 ટકા!

ઝી ગ્રુપ (Zee Group) ના સ્થાપક સુભાષ ચંદ્રા સાથે જોડાયેલી પર્સનલ ગેરંટી અને દિવાળિયા પ્રક્રિયામાં નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT) દ્વારા જે પુનર્ભુગતાન યોજનાને મંજૂરી આપવામાં આવી છે, તેના આંકડા ચોંકાવનારા છે.

કુલ સ્વીકૃત દાવો: ધિરાણકર્તાઓ (બેંકો) દ્વારા ૨૨,૦૦૬.૫૭ કરોડના દાવા કાયદાકીય રીતે રજૂ કરવામાં આવ્યા હતા.

વાસ્તવિક વસૂલાત: આટલા વિશાળ દેવા સામે બેંકોના ભાગે વસૂલાત પેટે માત્ર ૬.૨૫ કરોડ આવ્યા! (જ્યારે ૨૫ લાખ રૂપિયા ઈન્સોલ્વન્સી પ્રક્રિયાના ખર્ચ માટે રખાયા).

### ટકાવારીની દ્રષ્ટિએ: કુલ દાવાના મુકાબલે વસૂલાતનો દર માત્ર 0.03 ટકા રહ્યો!

તકનીકી રીતે આ કોર્પોરેટ લોન માટે આપેલી પર્સનલ ગેરંટીનો મામલો હતો. ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડ (IBC) નો ઉદ્દેશ્ય ઠપ પડેલા વ્યવસાયોનો ઉકેલ લાવવાનો છે અને વેપારમાં નિષ્ફળ જવું એ કોઈ ગુનો નથી. પરંતુ કાયદાકીય કલમોની પાછળ મુખ્ય સવાલ એ ઊભો થાય છે કે - જો અંતે આટલી મામૂલી રકમ જ વસૂલ થવાની હતી, તો શરૂઆતમાં હજારો કરોડ રૂપિયાનું જોખમ કયા આધારે લેવાયું હતું?

### સામાન્ય પ્રજાના નાણાં અને બેન્કિંગ ક્ષેત્રની જવાબદેહી

જ્યારે બેંકો કોઈ મોટા ઉદ્યોગપતિ કે કોર્પોરેટ હાઉસને હજારો કરોડ રૂપિયાની લોન આપે છે, ત્યારે તે પૈસા બેંકના ડિરેક્ટરોની પોતાની જેબના નથી હોતા. તેની પાછળ દેશના કરોડો મધ્યમવર્ગીય પરિવારો, પગારદારો, પેન્શનરો અને નાના વેપારીઓની જમાપૂંજી હોય છે.

જ્યારે કોઈ કોર્પોરેટ લોન ડૂબે છે અને તેને 'હેરકટ' કે એનપીએ (NPA) ના નિકાલ તરીકે ચોપડે દર્શાવાય છે, ત્યારે બેંકો પર દબાણ વધે છે. પરિણામે, સામાન્ય ગ્રાહકો પર નવા ચાર્જીસ ઝીંકાય છે અથવા સરકારી તિજોરીમાંથી ટેક્સપેયર્સના નાણાં આપીને બેંકોનું પુનઃપૂંજીકરણ (Recapitalisation) કરવામાં આવે છે. એટલે કે, જોખમ મોટા ઉદ્યોગપતિઓનું અને તેની કિંમત આખરે દેશની પ્રજા ચૂકવે છે.

### મોટા દેવાદારો માટે કાયદો, નાના ખેડૂતો માટે અસ્તિત્વનો જંગ!

આપણી આર્થિક વ્યવસ્થાની સૌથી મોટી વિડંબના એ છે કે મોટા ઉદ્યોગો માટે 'સીમિત દાયિત્વ' (Limited Liability), કોર્પોરેટ પુનર્ગઠન અને ઈન્સોલ્વન્સી જેવા કાયદાકીય રસ્તાઓ છે, જ્યાં કંપની ડૂબે તો માલિકની અંગત સંપત્તિ બચી જાય છે.

બીજી તરફ, એક સામાન્ય ખેડૂત કે નાનો વેપારી થોડા હજાર કે લાખ રૂપિયાની લોન લે અને પાક નિષ્ફળ જાય કે ધંધો ન ચાલે, તો તેના પર બેંકની જપ્તી, જમીન હરાજી અને સામાજિક અપમાનનો ડર મંડરાવા લાગે છે. નાના દેવાદાર માટે એક હપ્તો ચૂકવવો એ જીવન-મરણનો પ્રશ્ન બની જાય છે, જ્યારે મોટા દેવાદાર માટે હજારો કરોડનું દેવું માત્ર એક તકનીકી કાયદાકીય પ્રક્રિયા બની રહે છે!

### પેપર લીક, યુવાનોનો રોષ અને દેશની પ્રાથમિકતાઓ

આ અસમાન વ્યવસ્થાના બીજા છેડે એવા યુવાનો અને બાળકો છે જેઓ પોતાના ભવિષ્ય માટે રસ્તા પર ઉતરવા મજબૂર છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પેપર લીક અને પારદર્શિતાના મુદ્દે આંદોલન કરી રહેલા યુવાનો અને નાહકના આર્થિક બોજ હેઠળ દબાયેલા ખેડૂતો આજે એક જ વ્યવસ્થા સામે ન્યાય માંગી રહ્યા છે.

જો સરકારો અને સંસ્થાઓ કોર્પોરેટ નાણાકીય સંકટોને ઉકેલવા માટે જટિલ કાયદાકીય માળખા તૈયાર કરી શકતી હોય, તો એ જ ગંભીરતા અને સંવેદનશીલતા નિષ્પક્ષ પરીક્ષાઓ, ગુણવત્તાયુક્ત શિક્ષણ, ખેડૂતોના પાકના યોગ્ય ભાવ અને સામાન્ય નાગરિકની સુરક્ષા માટે કેમ બતાવવામાં આવતી નથી?

### આખરી સવાલ: આ આર્થિક વ્યવસ્થા કોના માટે?

કોઈપણ રાષ્ટ્રની વાસ્તવિક તાકાત માત્ર તેના જીડીપી (GDP), શેરબજાર કે અબજોપતિઓની સંખ્યાથી નક્કી નથી થતી. ખરી તાકાત એ વાતથી નક્કી થાય છે કે તેની વ્યવસ્થા સૌથી સામાન્ય અને નબળા નાગરિક સાથે કેવો વ્યવહાર કરે છે.

૨૨,૦૦૦ કરોડનો આ કિસ્સો માત્ર એક કંપની કે બેંક પૂરતો સીમિત નથી, પરંતુ સમગ્ર બેન્કિંગ સિસ્ટમની શુદ્ધિ અને જવાબદેહીની કસોટી છે. સમય આવી ગયો છે કે દેશની જનતા અને નીતિ-નિર્માતાઓ આ પ્રશ્નનો સ્પષ્ટ જવાબ શોધે: 'આ દેશની આર્થિક વ્યવસ્થા આખરે કોના માટે છે - જોખમ ઉઠાવનારાઓ માટે કે પછી એ જોખમની કિંમત ચૂકવનારી પ્રજા માટે?'

# જેને જીવનમાં માગી હતી, એની કંકોત્રી હાથમાં આવી

કેટલાક કાગળ માત્ર કાગળ નથી હોતા... કેટલાક શબ્દો માત્ર શબ્દો નથી હોતા... અને કેટલીક કંકોત્રીઓ લગ્નનું આમંત્રણ નહીં, પરંતુ કોઈના હૃદય પર લખાયેલો અંતિમ વિયોગપત્ર બનીને આવે છે. એ દિવસે હાથમાં એક કંકોત્રી આવી. લિફાફો ખોલ્યો અને નજર પ્રથમ નામ પર પડી... નામ એ જ હતું, જે ક્યારેક મારી પ્રાર્થનામાં આવતું હતું; પરંતુ આજે એ નામની આગળ મારું નામ નહોતું. જેને જીવનમાં માગી હતી, એની કંકોત્રી હાથમાં આવી.

કંકોત્રીના અક્ષરો સુંદર હતા, પણ મારી આંખો માટે એ અક્ષરો ધીમે ધીમે ધૂંધળા થતા ગયા. કારણ કે હું એમાં લગ્નની તારીખ નહોતો વાંચી રહ્યો; હું તો આપણા અધૂરા સંવાદોની તારીખો શોધી રહ્યો હતો.

યાદ આવ્યું–એ પ્રથમ મુલાકાતનું નિર્દોષ સ્મિત, એ આંખોમાં છુપાયેલો સંકોચ, એ લાંબી વાતો, એ નાની-નાની ફરિયાદો, એ અઘોષિત વચનો અને ભવિષ્યને લઈને જોયેલા અસંખ્ય સપનાઓ... ત્યારે ક્યાં ખબર હતી કે એક દિવસ આ જ સપનાઓની રાખમાંથી કોઈ બીજાના લગ્નની કંકોત્રી હાથમાં લઈને બેસવું પડશે? પ્રેમ હંમેશાં મેળવવાનું નામ નથી. ક્યારેક પ્રેમ એટલે કોઈને પોતાના હૃદયમાં એટલી નિષ્ઠાથી સાચવી રાખવો કે તે વ્યક્તિ જીવનમાં ન હોય છતાં તેની યાદો જીવનનો અવિભાજ્ય ભાગ બની જાય. તું મારી બની નહીં, પણ તારી યાદ મારી રહી.

કદાચ આપણા રસ્તા અલગ થવાના જ હતા. કદાચ તારા નસીબમાં કોઈ બીજાનું નામ લખાયેલું હતું અને મારા ભાગે તારી યાદો.

પરંતુ મન આજે પણ એક પ્રશ્ન પૂછે છે–

"જો અંતે તું મારી બનવાની નહોતી, તો મારી જિંદગીમાં આવી શા માટે?" આ પ્રશ્નનો જવાબ આજે પણ મારી પાસે નથી. કંકોત્રી હાથમાં હતી અને મનમાં હજારો પ્રશ્નો હતા. છતાં એમાંથી એક પણ પ્રશ્ન તારા સુધી પહોંચાડવો નહોતો. કારણ કે હવે તું કોઈની જીવનસંગિની બનવાની હતી. અને સાચો પ્રેમ ક્યારેક પોતાના અધિકાર કરતાં સામેની વ્યક્તિની ખુશીને મોટું માને છે. એટલે મેં કંકોત્રી બંધ કરી. એક ઊંડો શ્વાસ લીધો. અને મનમાં એટલું જ કહ્યું– "તું જ્યાં છે ત્યાં ખુશ રહેજે... મારી સાથે નહીં, તો શું થયું? કોઈની સાથે તો તારા ચહેરા પર એ જ હાસ્ય રહે." આ શબ્દો કહેવા જેટલા સરળ હતા, પણ સ્વીકારવા એટલા જ મુશ્કેલ. હૃદયને સમજાવવું સહેલું નથી. હૃદય તર્કથી નહીં, લાગણીથી ચાલે છે. ક્યારેક વિચાર આવે છે– જો પરિસ્થિતિ થોડી જુદી હોત, જો સંજોગોએ થોડો સાથ આપ્યો હોત, જો સમય થોડો આપણો હોત, તો કદાચ આ કંકોત્રીમાં તારા નામની બાજુમાં મારું નામ હોત. પરંતુ જીવનમાં "જો"નું કોઈ ઘર નથી હોતું. જે બની ગયું છે, તે સ્વીકારવું પડે છે. કેટલાક લોકો આપણાથી દૂર થઈ જાય છે, છતાં આપણા અંતરમાંથી ક્યારેય દૂર થતા નથી. તેઓ જીવનસાથી નથી બનતા, પરંતુ જીવનભરની સ્મૃતિ બની જાય છે. તું પણ એવી જ એક સ્મૃતિ છે. આજે કદાચ તું કોઈ બીજાના હાથમાં હાથ મૂકી નવા જીવનની શરૂઆત કરી રહી હશે. અને હું? હું મારી અધૂરી વાર્તાનું એક પાનું ધીમેથી બંધ કરી રહ્યો છું.

પરંતુ આખી વાર્તા નહીં...

કારણ કે કેટલીક વાર્તાઓ પૂરી થતી નથી; તેઓ માત્ર જીવંત સંબંધમાંથી નીકળી સ્મૃતિના પુસ્તકમાં સ્થાન લઈ લે છે.

તારી કંકોત્રી મારા માટે કદાચ એક આમંત્રણપત્ર હતી, પરંતુ મારા હૃદય માટે એ આપણા પ્રેમનો અંતિમ અધ્યાય હતી.

હવે તારી રાહ નહીં જોઉં.

પણ તારી ખુશીની પ્રાર્થના જરૂર કરીશ.

કારણ કે તને મેળવવામાં હું સફળ ન થયો હોઉં, પરંતુ તને સાચા હૃદયથી ચાહ્યો હતો–એ સત્ય મારી પાસે હંમેશાં રહેશે.

જેને જીવનમાં માગી હતી, એની કંકોત્રી હાથમાં આવી... અને એ કંકોત્રી સાથે મારી એક અધૂરી પ્રેમકથા પણ હૃદયમાં ફરી જીવંત થઈ ગઈ.

**- રૂપેશ સોલંકી**




# ગુજરાતમાં પહેલી વાર માછીમારોની ફિશિંગ નેટમાં લાગશે ટર્ટલ ડિવાઈસ

## સીફૂડ ઉધોગને વૈશ્વિક સ્તરે ઓળખ અપાવવા રાજ્ય સરકારની પહેલ, માછીમારોને વિનામૂલ્યે અપાશે

ગાંધીનગર

ગુજરાતના 1600 કિ.મી. લાંબા દરિયાકાંઠે માછીમારી પ્રવૃત્તિ દરમિયાન દરિયાઈ કાચબાઓના સંરક્ષણ અને સીફૂડ એક્સપોર્ટને વૈશ્વિક સ્તરે વેગ આપવા માટે રાજ્ય સરકારે ક્રાંતિકારી પહેલ હાથ ધરી છે. ગુજરાતમાં સૌપ્રથમવાર માછીમારોની ટ્રોલ ફિશિંગ નેટમાં આધુનિક 'ટર્ટલ એક્સક્લુડર ડિવાઈસ' (TED) ફીટ કરવામાં આવશે.



કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના અંતર્ગત રાજ્યના 8,925 માછીમારોને કુલ 20.96 કરોડના ખર્ચે 100 ટકા સરકારી સબસિડી સાથે આ ડિવાઈસ સંપૂર્ણપણે વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવશે. મત્સ્યોદ્યોગ મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ અંગે જણાવ્યું હતું કે, આ પગલાથી દરિયાઈ જીવસૃષ્ટિના રક્ષણ સાથે ગુજરાતના સીફૂડ ઉદ્યોગ માટે આંતરરાષ્ટ્રીય બજારોના દ્વાર વધુ સુગમ બનશે. ટર્ટલ એક્સક્લુડર ડિવાઈસ (TED) ખાસ કરીને ઝીંગા (Shrimp) પકડવા માટે ઉપયોગમાં લેવાતી બોટની ટ્રોલનેટમાં લગાવવામાં આવે છે. આ ખાસ ટેકનોલોજી આધારિત જાળમાં ઝીંગા અને અન્ય નાની માછલીઓ અંદર ફસાઈને રહે છે, જ્યારે કાચબા જેવા મોટા દરિયાઈ જીવો તેમાં લાગેલા વિશેષ 'એક્ઝિટ ફ્લેપ' મારફતે જાળમાંથી સરળતાથી બહાર નીકળીને ઊંડા દરિયામાં પાછા તરી જાય છે. આ ટેકનોલોજીના અમલથી માછીમારી દરમિયાન જાળમાં ફસાઈ જવાને લીધે થતાં દરિયાઈ કાચબાઓના અકાળ મૃત્યુની ઘટનાઓમાં મોટો ઘટાડો નોંધાશે. કેન્દ્ર સરકાર દ્વારા દેશભરના દરિયાકાંઠાના રાજ્યો પૈકી સૌથી વધુ 8,925 TED યુનિટ્સ એકલા ગુજરાત રાજ્ય માટે મંજૂર કરવામાં આવ્યા છે. આ ખાસ ઉપકરણનું મૉડેલ કોચી સ્થિત ICAR-સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિશરીઝ ટેકનોલોજી (CIFT) દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું છે. આ નિર્માણ અમેરિકાના નેશનલ ઓસેનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન (NOAA) દ્વારા નિર્ધારિત વૈશ્વિક સુરક્ષા માપદંડોને સંપૂર્ણપણે ધ્યાને રાખીને આંતરરાષ્ટ્રીય સ્તરનું બનાવવામાં આવ્યું છે. દરિયાઈ માછીમારી દરમિયાન કાચબાઓને થતું નુકસાન અગાઉ ભારતીય વાઈલ્ડ કોટ શ્રિમ્પની નિકાસ માટે આંતરરાષ્ટ્રીય માર્કેટમાં એક મોટો અવરોધ બનતું હતું. ટ્રોલનેટમાં TED લગાવવાના કારણે જરૂરી વૈશ્વિક ઈકો-ફ્રેન્ડલી સર્ટિફિકેશન મેળવવામાં મોટી સફળતા મળશે. આ પ્રમાણપત્ર મળવાથી અમેરિકા સહિતના વિકસિત દેશોમાં ગુજરાતના પ્રીમિયમ ઝીંગાની નિકાસમાં ધરખમ ઉછાળો આવશે, જેનો સીધો આર્થિક ફાયદો રાજ્યના લાખો સાગરખેડૂતો અને સીફૂડ એક્સપોર્ટર્સની આવક વધારવામાં થશે. રાજ્ય સરકારની આ યોજના પર્યાવરણ સંતુલન અને બ્લુ ઈકોનોમીના સમન્વયનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. દુર્લભ દરિયાઈ કાચબાઓની પ્રજાતિઓનું જતન કરવાની સાથે સાથે માછીમારોને આધુનિક સાધન-સામગ્રીથી સજ્જ કરીને ગુજરાતના સીફૂડ ક્ષેત્રને ગ્લોબલ લીડર બનાવવાની દિશામાં આ પ્રોજેક્ટ એક સીમાચિહ્નરૂપ સાબિત થશે.

---

વિકસિત ગુજરાત, 'તોડબાજ' પોલીસ

# અરજીઓની આડમાં ઉઘાડી લૂંટના આક્ષેપોથી પોલીસ મથકો ચર્ચામાં

ગાંધીનગર

રાજ્યમાં એક તરફ 'વિકસિત ગુજરાત' અને આધુનિક સ્માર્ટ પોલીસિંગની વાતો કરવામાં આવે છે, તો બીજી તરફ સામાન્ય નાગરિકો અને અરજદારો દ્વારા પોલીસ મથકોની કામગીરી સામે ગંભીર આક્ષેપો ઊઠી રહ્યા છે. કાયદો અને વ્યવસ્થા જાળવવાની જેમના શિરે જવાબદારી છે, તેવા પોલીસ સ્ટેશનોમાં અરજીઓની આડમાં તોડબાજી થતી હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે.




નાગરિકો જ્યારે કોઈ વિવાદ, નાણાકીય લેવડ-દેવડ કે અંગત ઝઘડા અંગે પોલીસ સ્ટેશનમાં અરજી આપે છે, ત્યારે કાયદાકીય તપાસ કરવાને બદલે બંને પક્ષોને બોલાવીને સેટલમેન્ટ કરાવવાના નામે મોટી રકમના 'તોડ' થતા હોવાના આરોપો અવારનવાર સામે આવે છે. સાચા અરજદારને ન્યાય અપાવવાને બદલે અથવા સામા પક્ષ સામે કડક કાર્યવાહી કરવાની ધમકી આપીને વચગાળાનો રસ્તો કાઢવાના નામે 'વહીવટ' કરવામાં આવતો હોવાની ફરિયાદો વ્યાપક બની છે. કેટલાક પોલીસ મથકોમાં સ્થાનિક ખાનગી માણસો કે એજન્ટો મારફતે સેટલમેન્ટનો ખેલ રચાતો હોવાની ચર્ચા છે. જો સામાન્ય નાગરિક ન્યાય માટે પોલીસ સ્ટેશનના પગથિયાં ચઢતાં ડરે કે તેને નાણાં વેડફવાનો વારો આવે, તો પ્રશાસનની પારદર્શિતા સામે સવાલો ઊઠવા સ્વાભાવિક છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને ગૃહ વિભાગ દ્વારા આવા આક્ષેપો સામે ગુપ્ત વિજિલન્સ તપાસ કરાવવામાં આવે તે અત્યંત જરૂરી બન્યું છે. જે પોલીસ મથકો કે અધિકારીઓ સામે અરજીઓના નિકાલમાં ગેરરીતિની ફરિયાદો મળે, તેમની સામે સસ્પેન્શન સહિતની કડક દંડાત્મક કાર્યવાહી હાથ ધરવી જોઈએ. રાજ્યના નાગરિકોનો ખાખી વર્દી પરનો વિશ્વાસ અકબંધ રહે તે માટે તંત્ર દ્વારા સ્વચ્છ અને ભ્રષ્ટાચારમુક્ત પોલીસિંગની દિશામાં નક્કર પગલાં ભરવામાં આવે તે સમયની માંગ છે.

---

# ચીખલીમાં દારૂના ધંધાનો પર્દાફાશ: 4,484 બોટલ ઝડપાઈ, 6ની શોધખોળ

નવસારી

નવસારી જિલ્લાના ચીખલી પોલીસ મથકની હદમાં સ્ટેટ મોનીટરીંગ સેલે વિદેશી દારૂની હેરાફેરી સામે જોરદાર કાર્યવાહી કરી 10.20 લાખની કિંમતનો 4,484 બોટલનો IMFL જથ્થો ઝડપી પાડ્યો છે. મલીયાધારા ગામની સીમમાં અટગામથી ચીખલી તરફ આવતા રોડ પર SMCની ટીમે રેડ કરી દારૂ-બીયરની આશરે 120 પેટી કબજે કરી હતી. દારૂ ઉપરાંત અન્ય મુદ્દામાલ મળી કુલ 30.40 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.



SMCના પો.સબ. ઈન્સ્પેક્ટર જે.એસ. રાજપૂતની આગેવાની હેઠળ થયેલી કાર્યવાહીમાં જીતુ ઉર્ફે યતિન કિશોરભાઈ રાઠોડ (વાપી) અને મીત ઉર્ફે મીતલો નટવરભાઈ માહયાવંશી (પારડી) એમ બે આરોપીઓને ઝડપી લેવાયા હતા. જ્યારે દારૂના આ નેટવર્ક સાથે સંકળાયેલા હોવાનું સામે આવેલા નવસારી, સુરત અને દમણના કુલ છ આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે. પોલીસ તપાસમાં નવસારીના નસીમુદ્દીન ઉર્ફે આઝાદ લંગડો, સુરતનો વિવેક, દમણના શાહબાજ અને પગલો સહિતના આરોપીઓની સંડોવણી સામે આવી છે. ઉપરાંત ઉધના, સુરત ખાતે ઇંગ્લિશ દારૂનો જથ્થો મંગાવનાર શખ્સ તથા ટોયોટા ફોર્ચ્યુનરનો માલિક પણ વોન્ટેડ છે. સમગ્ર મામલે ચીખલી પોલીસ મથકે પ્રોહિબિશન એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

---

# પોરબંદરમાં ટ્રાફિક પોલીસનું મેગા ચેકિંગ : 54 રીક્ષાઓ ખામીયુક્ત મળી, રૂ.25 હજારથી વધુ દંડ

## માર્ગ અકસ્માતો અટકાવવા અને વાહનચાલકોની સુરક્ષા માટે ટ્રાફિક પોલીસની કડક કાર્યવાહી

ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદર શહેર તથા જિલ્લામાં માર્ગ અકસ્માતોમાં ઘટાડો થાય અને વાહનચાલકોની સુરક્ષા જળવાઈ રહે તે હેતુસર પોરબંદર ટ્રાફિક પોલીસ દ્વારા વાહન ચેકિંગની વિશેષ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. ખામીયુક્ત વાહનો ચલાવતા વાહનચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા તથા નાયબ પોલીસ અધિક્ષક ઋતુ રાબાની સૂચના અને માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હતી.



આ સૂચનાના અનુસંધાને પોરબંદર ટ્રાફિક પોલીસ સ્ટેશનના પોલીસ સબ- ઈન્સ્પેક્ટર કે.બી. ચૌહાણના નેતૃત્વમાં ટ્રાફિક શાખાના સ્ટાફ દ્વારા શહેરના વિવિધ વિસ્તારો માં સઘન વાહન ચેકિંગ હાથ ધરાયું હતું. શહેરની ટ્રાફિક વ્યવસ્થા સુચારુ રહે તેમજ વાહનચાલકો ટ્રાફિક નિયમોનું પાલન કરે તે હેતુસર ખાસ કરીને રીક્ષાઓનું ચેકિંગ કરવામાંઆવ્યું હતું. ટ્રાફિક પોલીસે કુલ ૭ ટીમો બનાવી શહેરના અલગ-અલગ સ્થળોએ ચેકિંગ હાથ ધર્યું હતું. દરમિયાન વાહનોના જરૂરી દસ્તાવેજો, વાહનની સ્થિતિ તેમજ ટ્રાફિક નિયમોના પાલન અંગે તપાસ કરવામાં આવી હતી. ચેકિંગ દરમિયાન કુલ ૫૪ ખામીયુક્ત રીક્ષાઓ મળી આવતા સંબંધિત રીક્ષા ચાલકો સામે ટ્રાફિક નિયમો મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન રૂ.૨૫ હજારથી વધુનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

પોરબંદર ટ્રાફિક પોલીસે વાહનચાલકોને અપીલ કરી છે કે, પોતાના વાહનની નિયમિત ચકાસણી કરાવે, જરૂરી દસ્તાવેજો સાથે રાખે અને ટ્રાફિકના તમામ નિયમોનું પાલન કરીને વાહન ચલાવે. વાહનચાલકોની સાવચેતી અને નિયમોના પાલનથી શહેરની ટ્રાફિક વ્યવસ્થા વધુ સુચારુ બનવાની સાથે માર્ગ અકસ્માતોને પણ અટકાવી શકાય છે.

---

# અંકલેશ્વર GIDCનો વોન્ટેડ આરોપી નેત્રંગમાં ઝડપાયો : NDPS કેસનો આરોપી 7 લાખથી વધુના મુદ્દામાલ સાથે પકડાયો

ભરૂચ, રંગુની જાકીર

નેત્રંગ પોલીસે વાહન ચેકિંગ દરમિયાન અંકલેશ્વર GIDC પોલીસ મથકના NDPS કેસના વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યો છે. આરોપી પાસેથી નંબર પ્લેટ વગરની કાર સહિત કુલ રૂ. 7.07 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. માંડવી રડ પર ચેકિંગ દરમિયાન એક નંબર પ્લેટ વગરની કાળા રંગની ફોર વ્હીલર કાર આવતા પોલીસે તેને રોકવાનો ઈશારો કર્યો હતો. જોકે, કાર ચાલકે ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને કારને કોર્ડન કરી ચાલકને ઝડપી લીધો હતો.

પકડાયેલા શંકાસ્પદ ઈસમની પૂછપરછ કરતા તે સંતોષકારક જવાબ આપી શક્યો ન હતો. તપાસ કરતા તેની ઓળખ



દિપ્તેશભાઈ ઉર્ફે દીપુ અશોકભાઈ પટેલ, રહે. ગોટુ વિદ્યાલય પાસે, GIDC, અંકલેશ્વર તરીકે થઈ હતી. તે અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશનના NDPS કેસમાં વોન્ટેડ હતો. આ ઉપરાંત, તેના વિરુદ્ધ ડેડિયાપાડા અને અંકલેશ્વર ખાતે NDPS તથા જુગારના ગુનાઓ પણ નોંધાયેલા હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે ઝડપાયેલા ઈસમ પાસેથી રોકડા રૂપિયા, બે મોબાઈલ ફોન અને એક ફોર વ્હીલર ગાડી સહિત કુલ રૂ. 7,07,420 નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

મોટરસાઇકલ, મોબાઈલ સહિત રૂ. 73,325નો મુદ્દામાલ જપ્ત

# માણાવદર પોલીસે વાડસડા ગામેથી વિદેશી દારૂ ઝડપ્યો: બે ઝડપાયા, એક ફરાર

માણાવદર, જીજ્ઞેશ પટેલ

માણાવદર પોલીસે વાડસડા ગામેથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહીમાં બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે એક ફરાર થઈ ગયો છે. પોલીસે મોટરસાઈકલ અને મોબાઈલ સહિત કુલ રૂ. ૭૩,૩૨૫/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ સુરેશ ગરચર, વિક્રમભાઈ કડછા અને રમેશભાઈ ગલને મળેલી ચોક્કસ બાતમીના આધારે આ દરોડો પાડવામાં આવ્યો હતો. માણાવદર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એમ.ડી. ચૌધરીની સૂચના અને પીએસઆઈ ડી.કે. ઝાલાના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસ તપાસ મુજબ, આરોપી રાકેશભાઈ મગનભાઈ માકડીયા (રહે. વાડસડા, તા. માણાવદર) પોતાની હોન્ડા મોટરસાઈકલ (નંબર GJ-11-EC-1959) પર ગેરકાયદેસર પાસ-પરમિટ વગર વિદેશી દારૂની એક બોટલ લઈ જતો હતો. તેના વાડામાં આવેલી ઓરડીમાંથી પણ અન્ય બોટલો મળી આવી હતી. કુલ ૭૩ બોટલ વિદેશી દારૂ કબ્જે કરવામાં આવ્યો હતો.




પોલીસે રૂ. ૩૮,૩૨૫/- ની કિંમતનો દારૂ, રૂ. ૫,૦૦૦/- નો મોબાઈલ ફોન અને રૂ. ૩૦,૦૦૦/- ની મોટરસાઈકલ સહિત કુલ રૂ. ૭૩,૩૨૫/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં રાકેશ મગન મારડિયા અને દેવાયત ડાયાભાઈ ગરચરની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે કરણ નાથભાઈ કોડીયાતર (રહે. થાપલા) હાજર મળી આવેલ નથી તેના વિરુદ્ધ પણ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ સફળ રેડને પાર પાડવામાં પોલીસ ટીમમાં રમેશભાઈ ગલ, વિક્રમભાઈ કડછા, સુરેશભાઈ ગરચર, ચાપરાજસિંહ સિંધવ, રણજીતભાઈ દુદકીયા અને અશોકભાઈ વરૂએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

---

# છોટાઉદેપુરમાં યુવાનની શંકાસ્પદ હાલતમાં લાશ મળતાં ચકચાર મચી

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર શહેર નજીક આવેલા વાઘસ્થળ ડુંગરની તળેટીમાંથી એક યુવાનની શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. મૃતકની ઓળખ માણકા ગામના મેહુલ રાઠવા તરીકે થઈ હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ, વાઘસ્થળ ડુંગરની તળેટી વિસ્તારમાં યુવાનનો મૃતદેહ મળી આવતાં સ્થાનિકોમાં અનેક તર્કવિતર્ક શરૂ થયા હતા. ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

યુવાનનું મોત કયા સંજોગોમાં થયું તે અંગે હાલ રહસ્ય ઘેરાયું છે. પોલીસ દ્વારા ઘટનાસ્થળની તપાસ સહિત આસપાસના વિસ્તાર અને અન્ય સંભવિત પાસાઓ અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ જ યુવાનનું મોત અકસ્મિક રીતે થયું છે, આત્મહત્યા છે કે અન્ય કોઈ કારણસર, તે અંગે વધુ સ્પષ્ટતા થઈ શકશે. હાલ પોલીસે સમગ્ર મામલે તપાસ આગળ ધપાવી છે.

---

ટેમ્પામાંથી માલ ચોરીનો પ્રયાસ, ઈસમ CCTVમાં કેદ

# નસવાડીના કવાંટ રોડ વિસ્તારમાં રાત્રિના સમયે ચોરીનો પ્રયાસ થતાં વેપારીઓમાં ચિંતા

નસવાડી, ઇમરાન મિર્ઝા

નસવાડીના કવાંટ રોડ વિસ્તારમાં રાત્રિના સમયે ટેમ્પામાંથી માલ ચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. સમગ્ર ઘટનામાં એક ઈસમ ટેમ્પા ઉપરની તાડપત્રી હટાવી અંદર ભરેલા માલની ચોરી કરવાનો પ્રયાસ કરતો CCTV કેમેરામાં કેદ થયો છે.



મળતી માહિતી મુજબ, રાત્રિના સમયે ટેમ્પો રોડ પર ઊભો રાખવામાં આવ્યો હતો. તે દરમિયાન એક ઈસમ ટેમ્પા પાસે પહોંચ્યો હતો અને ટેમ્પા ઉપરની તાડપત્રી હટાવી અંદર ભરેલા માલ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાના CCTV ફૂટેજ સામે આવતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો છે.

વેપારીઓ દ્વારા ટ્રાન્સપોર્ટ મારફતે માલ મોકલવામાં આવતો હોય છે ત્યારે રસ્તામાં માલની ચોરી થાય તો ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે સંકળાયેલા લોકોને પણ જવાબદારીનો સામનો કરવો પડતો હોય છે. આ ઘટનાને પગલે વેપારીઓ તેમજ ટ્રાન્સપોર્ટરોમાં ચિંતા જોવા મળી રહી છે.

હાલ CCTVમાં કેદ થયેલા ઈસમની ઓળખ કરવા તેમજ સમગ્ર ઘટનાની હકીકત જાણવા પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે. પોલીસ તપાસ બાદ જ માલની ચોરી થઈ છે કે ચોરીનો માત્ર પ્રયાસ કરવામાં આવ્યો હતો તે અંગે વધુ હકીકત સામે આવશે.

---

સમાજના વરિષ્ઠ મહાનુભાવોનું શાલ અને પુષ્પગુચ્છ વડે ભાવભીનું અભિવાદન કરાયું

# શૈક્ષણિક સહાયક ઈલાબેન શાહનું વિશેષ સન્માન: પુરસ્કાર અર્પણ કરી સમાજ સમક્ષ પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું

નસવાડી

સમાજ દ્વારા આયોજિત એક એક વિશેષ અને ગૌરવપૂર્ણ કાર્યક્રમમાં શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રે ઉમદા યોગદાન આપનાર બેનશ્રી ઈલા જેન્તીભાઈ શાહનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. શૈક્ષણિક સહાય પેટે પ્રાપ્ત થયેલી રૂ. ૨૫૦૦/- ની રકમનો તેમણે પોતાના અંગત વપરાશને બદલે વિદ્યાર્થીઓના પ્રોત્સાહન અને પુરસ્કાર સમર્પિત કરવા માટે ઉપયોગ કર્યો હતો. તેમની આ ઉદાત્ત ભાવના અને સમાજ પ્રત્યેના સમર્પણને ઉપસ્થિત તમામ લોકોએ તાળીઓના ગડગડાટ સાથે બિરદાવી હતી. કાર્યક્રમ દરમિયાન સમાજ ઉત્કર્ષમાં સતત માર્ગદર્શન પૂરું પાડતા વરિષ્ઠ અગ્રણીઓ




અને મહાનુભા વો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમાજ પ્રત્યે ની તેમની અવિરત સેવાઓ અને યોગદાન બદલ ત મામ ઉપસ્થિત વરિષ્ઠ મહાનુભાવો નું શાલ ઓઢાડીને તેમજ પુષ્પગુચ્છ (ફૂલબુકે) આપીને ગૌરવપૂર્વક બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત વક્તાઓએ જણાવ્યું હ તું કે ઈલાબેન શાહનું આ પગલું સમાજના અન્ય લોકો માટે પણ પ્રેરણારૂપ સાબિત થશે. સમગ્ર કાર્યક્રમ અત્યંત ઉત્સાહપૂર્ણ, પ્રેરણાદાયી અને ગરિમાપૂર્ણ માહોલમાં સંપન્ન થયો હતો, જેમાં સમાજના શ્રેષ્ઠીઓ અને મોટી સંખ્યામાં સભ્યોએ હાજરી આપી હતી.

---

# રક્ષાબંધન કરવા નીકળેલા પરિવારને રસ્તામાં જ કાળ ભરખી ગયો : પાછળથી બાઇક અથડાતાં પત્નીનું મોત

સાગબારા

રક્ષા બંધનના પાવન પર્વે પરિવાર સાથે ખુશીની પળો માણવા નીકળેલા પરિવાર પર રસ્તામાં જ કાળ તૂટી પડ્યો હતો. સાગબારા તાલુકાના ભોગવડ ગામના ફાટક પાસે બે બાઈક વચ્ચે થયેલા ગમખ્વાર અકસ્માતમાં પતિ સાથે બાઈક પર બેઠેલા હિનાબેનને માથા ના પાછળના ભાગે ગંભીર ઈજા થતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે પતિ સહિત બે બાળકો અને સામેથી આવેલી બાઈકચાલક તથા તેની પુત્રીને પણ ઈજા પહોંચી હતી.



પાનખલા કોલેજ ખાતે સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા વિપેશભાઈ વસંતભાઈ વસાવા (ઉં.વ. 32) પરિવાર સાથે રક્ષાબંધન કરવા બાઈક નં. GJ-22-K-2036 પર જઈ રહ્યા હતા. દરમિયાન ભોગવડ ફાટક પાસે બહાદુરભાઈ વિરસિંગભાઈ વસાવા બાઈક નં. GJ-22-F-5329 પુરઝડપે હંકારી લાવી વિપેશભાઈની બાઈકને પાછળથી જોરદાર ટક્કર મારી હતી.

ટક્કર એટલી જોરદાર હતી કે વિપેશભાઈની પાછળ બેઠેલા હિનાબેન રસ્તા પર પટકાતાં તેમના માથાના પાછળના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી અને ઘટનાસ્થળે જ તેમનું મોત થયું હતું. પતિ વિપેશભાઈ તથા પુત્ર રીહાન અને પુત્રી નિયતીને પણ શરીરે ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જનાર બહાદુરભાઈ અને તેમની પુત્રી રિસીતાબેનને પણ ઈજા થતાં સારવાર માટે ખસેડાયા હતા.

પરિવાર રક્ષાબંધનના પર્વે ખુશીથી નીકળ્યો હતો, પરંતુ ભોગવડ ફાટક પાસે થયેલા અકસ્માતે એક જ ઝાટકે પરિવારની ખુશીને માતમમાં ફેરવી નાખી હતી.

ઘટનાને પગલે સાગબારા પોલીસે બહાદુરભાઈ વસાવા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## સિદ્ધાર્થ મલ્હોત્રા પણ યૂઝર્સના નિશાને ચઢ્યો

# યશ સાથેના બોલ્ડ સીનને લઈને હવે ટ્રોલ થઈ અભિનેત્રી કિયારા અડવાણી

મુંબઈ

અભિનેત્રી કિયારા અડવાણી હાલમાં પોતાની ફિલ્મ 'ટોક્સિક'ને લઈને ચર્ચામાં છે. ફિલ્મમાં કિયારા અડવાણી અને સાઉથ સુપરસ્ટાર યશ વચ્ચેના બોલ્ડ અને ઈન્ટિમેટ સીન સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યા છે. કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે આ સીનને લઈને કિયારાને ટ્રોલ કરી છે.

હવે આ મામલામાં કિયારાના પતિ અને અભિનેતા સિદ્ધાર્થ મલ્હોત્રાને પણ નેટીઝનોએ નિશાના પર લીધો છે. 'ટોક્સિક'ના ટ્રેલર અને ગીત 'તબાહી'માં યશ અને કિયારા વચ્ચેની કેમેસ્ટ્રી જોવા મળી હતી. બંનેના કેટલાક ઈન્ટિમેટ દ્રશ્યો સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર અલગ-અલગ પ્રકારની પ્રતિક્રિયાઓ જોવા મળી હતી. કેટલાક યુઝર્સે કિયારાના આ સીન પર સવાલ ઉઠાવ્યા હતા, તો કેટલાકે સિદ્ધાર્થ મલ્હોત્રાને ટેગ કરીને તેમની પ્રતિક્રિયા જાણવા પ્રયાસ કર્યો હતો. સિદ્ધાર્થે કિયારાના કામની કરી પ્રશંસા આ સમગ્ર ચર્ચા વચ્ચે સિદ્ધાર્થ મલ્હોત્રાએ પત્ની કિયારાના કામને સપોર્ટ કર્યો છે.

સિદ્ધાર્થે કિયારાની 'ટોક્સિક'માં કામગીરીની પ્રશંસા કરતા તેને પોતાના શ્રેષ્ઠ કામોમાંનું એક ગણાવ્યું હતું. સોશિયલ મીડિયા પર તેમની આ પ્રતિક્રિયા સામે આવ્યા બાદ કિયારાને પતિ તરફથી મળેલા સપોર્ટની પણ ચર્ચા શરૂ થઈ છે. જોકે, સિદ્ધાર્થની આ પોસ્ટ બાદ પણ કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે તેમને પણ ટ્રોલ કરવાનો પ્રયાસ કર્યો હતો. કેટલાક લોકોએ કિયારા અને યશના ઈન્ટિમેટ સીનને લઈને સિદ્ધાર્થની પ્રતિક્રિયા પર સવાલો ઉઠાવ્યા હતા.

યશે પણ કિયારાનો કર્યો બચાવ

કિયારાને લઈને થઈ રહેલી ટીકાઓ વચ્ચે યશ પણ અભિનેત્રીના સમર્થનમાં આગળ આવ્યો હતો. ફિલ્મના ટ્રેલર લોન્ચ દરમિયાન યશે કિયારાના કામ અને તેના પાત્રનો બચાવ કર્યો હતો. યશે અગાઉ પણ કહ્યું હતું કે ફિલ્મના ટ્રેલર અથવા થોડા દ્રશ્યોના આધારે સમગ્ર ફિલ્મ અંગે નિર્ણય ન લેવો જોઈએ. યશે કિયારાના પાત્રની પ્રશંસા કરતાં કહ્યું હતું કે દર્શકો ફિલ્મમાં અભિનેત્રીને એક અલગ અંદાજમાં જોશે. ફિલ્મમાં કિયારા 'નાદિયા'ના પાત્રમાં જોવા મળે છે અને આ ભૂમિકા તેના અગાઉના કામ કરતાં અલગ હોવાનું જણાવવામાં આવ્યું છે.

**ફિલ્મમાં કિયારા 'નાદિયા'ના પાત્રમાં જોવા મળે છે અને આ ભૂમિકા તેના અગાઉના કામ કરતાં અલગ હોવાનું જણાવવામાં આવ્યું છે**

# સારા તેંડુલકરે ગ્લોઈંગ સ્કિનનું રાઝ ખોલ્યું

## સારાએ બોલિવૂડમાં ભલે એન્ટ્રી ન કરી હોય પણ તે રીયલમાં કોઈ એક્ટ્રેસથી કમ નથી

મુંબઈ

સારા તેંડુલકર સોશિયલ મીડિયા પર ખૂબ એક્ટિવ છે. પોતાના ગ્લેમરસ લૂકને લઈને સતત ચર્ચામાં રહે છે. એક ચોક્કસ સમય બાદ એની બ્યૂટી પાછળનું સિક્રેટ શું છે એ સામે આવ્યું છે.

આ જાણવા માટે ઘણા સમયથી ફેન્સ પણ એક્સાઈટેડ હતા. કેટલાક યુઝરે તો એને ડાયરેક્ટ સવાલ કરી લીધો હતો કે, બ્યૂટી ટીપ્સ શૅર કરશો? હવે તેણે એક વીડિયો શૅર કરીને જણાવ્યું હતું કે, આખરે તેની આટલી સુંદરતા પાછળનું રહસ્ય શું છે? વીડિયો શૅર કરતા સારાએ જણાવ્યું હતું કે, તે દૈનિક ધોરણે ગ્રીન સ્મૂધી પીવે છે, જેમાં કુલ 35 ગ્રામ પ્રોટીન હોય છે. પોતાની ફિટનેસ અને ગ્લો સ્કિનના કારણે તે ફરીવાર ચર્ચામાં આવી છે. સારાએ બોલિવૂડમાં ભલે એન્ટ્રી ન કરી હોય પણ તે રીયલમાં કોઈ એક્ટ્રેસથી કમ નથી. ખાસવાત એ છે કે, સ્મૂધી માત્ર કોઈ રીફ્રેશમેન્ટ ડ્રિંક નથી, માત્ર સ્વાદ માટે પીવામાં આવતી નથી પણ એમાં પ્રોટીનનું પણ પ્રમાણ હોય છે. સારાના જણાવ્યા અનુસાર ઈલાસ્ટિસિટીને સપોર્ટ કરવા માટે એની ફિટનેસને પણ બુસ્ટ કરવા આ પીણું ફાયદેમંદ છે. હેલ્ધી ડ્રિંક બનાવવા માટે 1-2 ખજૂર, 1 સ્કૂપ વનીલા પ્રોટીન 1 કપ અનસ્વીટેન્ડ આલમંડ મિલ્ક, 1 સ્કૂપ કોલેજન પેપ્ટાઈડ્સ, 1 ચમચ માચા નામ, 1-2 ચમચ અનસ્વીટેન્ડ આલ્મન્ડ બટર નામ, ક્યુબ્સનો સમાવેશ થાય છે. સારાના મતે, આ માચા સ્મૂધી ત્વચાની સ્થિતિસ્થાપકતા માટે ફાયદાકારક માનવામાં આવે છે. તેમાં પ્રોટીનનું પ્રમાણ તેને ફિટનેસ ડાયટ માટે ઉત્તમ પસંદગી બનાવે છે. આ સ્મૂધીમાં લગભગ 35 ગ્રામ પ્રોટીન હોય છે અને માચાનો સમાવેશ તેને એન્ટીઑકિસડન્ટોથી સમૃદ્ધ બનાવે છે.



# ઝરીના વહાબ દાઉદને રાખડી બાંધતી હોવાના દાવા પર આદિત્ય ભડક્યો

## ઝરીનાએ પોતાની માતાને સમજાવતા કહ્યું હતું, 'મા, હિંદુ-મુસલમાન બધા એક જેવા છે

મુંબઈ

2000ના દાયકામાં કેટલાક હિન્દી અખબારો અને મીડિયા રિપોર્ટ્સમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે, મુંબઈમાં આદિત્ય પંચોલીની 'દાદાગીરી' એટલા માટે ચાલે છે કારણ કે તેની પત્ની અને એક્ટ્રેસ ઝરીના વહાબ અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમને રાખડી બાંધે છે. આ દાવા પર આદિત્ય પંચોલીએ સખત નારાજગી વ્યક્ત કરી હતી. 'આપ કી અદાલત'માં આપેલા એક જૂના ઈન્ટરવ્યુમાં તેણે કહ્યું હતું, 'મારી પત્ની 17 વર્ષની ઉંમરથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહી છે. આજ સુધી તેના પર એક પણ આંગળી ઉઠી નથી. તે એક મુસ્લિમ સ્ત્રી છે. હું કહું છું, તે પવિત્ર છે, દેવી છે.' તેણે આગળ કહ્યું હતું, 'તેના વિશે લખવામાં આવ્યું હતું કે તે એટલા માટે દાદાગીરી કરે છે કારણ કે આદિત્ય પંચોલીની પત્ની ઝરીના વહાબ, દાઉદ ઈબ્રાહિમને રાખડી બાંધે છે. અરે મૂર્ખાઓ, લખતા પહેલા વિચારો, શું એક મુસલમાન, મુસલમાનને રાખડી બાંધે છે?' આદિત્ય પંચોલી અને ઝરીના વહાબની લવ સ્ટોરી બોલિવૂડની સૌથી ચર્ચિત અને અનોખી વાર્તાઓમાંની એક છે. બંનેની પહેલી મુલાકાત વર્ષ 1986માં નારી હીરાની વીડિયો ફિલ્મ 'કલંક કા ટીકા'ના સેટ પર થઈ હતી. ઝરીના વહાબના મતે, આદિત્ય તેનાથી ઉંમરમાં લગભગ 5 વર્ષ નાનો હતો અને પહેલી મુલાકાતમાં જ તેને ખૂબ હેન્ડસમ લાગ્યો હતો. ફિલ્મના શૂટિંગ દરમિયાન બંને એકબીજાની નજીક આવ્યા અને તેમને પ્રેમ થઈ ગયો. બંનેનો પ્રેમ એટલો પ્રગાઢ બન્યો કે પહેલી મુલાકાતના માત્ર 15 થી 20 દિવસની અંદર જ બંનેએ વર્ષ 1986માં લગ્ન કરી લીધા. આ લગ્ન તે સમયે એટલા માટે પણ ખૂબ ચર્ચામાં રહ્યા કારણ કે ઝરીના મુસ્લિમ હતી અને આદિત્ય હિંદુ. ઝરીનાએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તેમની માતા શરૂઆતમાં આ સંબંધને લઈને ખૂબ ચિંતિત હતી, કારણ કે આદિત્ય બીજા ધર્મના હતા અને ઉંમરમાં નાના હતા. પરંતુ ઝરીનાએ પોતાની માતાને સમજાવતા કહ્યું હતું, 'મા, હિંદુ-મુસલમાન બધા એક જેવા છે.






# ક્રિતી સેનન બાદ હવે સેલિના જેટલીના લૂકને કારણે થઈ ટ્રોલ

## સેલિના જેટલીનો આ વિવાદ એવા સમયે સામે આવ્યો છે જ્યારે તાજેતરમાં ક્રિતી સેનનના ફેશન લુકને લઈને સો. મીડિયા પર ચર્ચા અને વિવાદ થયો હતો

મુંબઈ

બોલીવુડની જાણીતી અભિનેત્રી સેલિના જેટલી રક્ષાબંધનના અવસર પર પોતાના લુકને કારણે સોશિયલ મીડિયા પર ચર્ચામાં આવી છે. મુંબઈમાં યોજાયેલા રક્ષાબંધનના એક ખાસ કાર્યક્રમમાં સેલિના ફ્લોરલ સાડી અને લાલ રંગના ડીપનેક બ્લાઉઝમાં જોવા મળી હતી. તેમનો આ લુક સામે આવ્યા બાદ સોશિયલ મીડિયાના કેટલાક યુઝર્સે તેમના પહેરવેશ અંગે સવાલો ઉઠાવવાનું શરૂ કર્યું. સેલિનાના આ લુકને લઈને સોશિયલ મીડિયા પર અલગ-અલગ પ્રકારની પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. કેટલાક યુઝર્સે રક્ષાબંધન જેવા ધાર્મિક-સાંસ્કૃતિક તહેવાર દરમિયાન તેમના પહેરવેશને ભારતીય પરંપરા સાથે જોડીને ટીકા કરી. કેટલાક યુઝર્સે એવો સવાલ પણ કર્યો કે તહેવારની ઉજવણી કરતી વખતે તેના સાંસ્કૃતિક સ્વરૂપ અને પરંપરાગત પ્રતીકોનું ધ્યાન રાખવું જોઈએ કે નહીં. ક્રિતી સેનન પછી સેલિના નિશાને સેલિના જેટલીનો આ વિવાદ એવા સમયે સામે આવ્યો છે જ્યારે તાજેતરમાં અભિનેત્રી ક્રિતી સેનનના એક ફેશન લુકને લઈને પણ સોશિયલ મીડિયા પર ચર્ચા અને વિવાદ થયો હતો. હવે કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે સેલિનાના રક્ષાબંધન લુકને પણ એ જ ચર્ચા સાથે જોડ્યો છે. કેટલાક લોકોએ તેમના પર હિંદુ તહેવારની પરંપરાઓનું પૂરતું સન્માન ન કરવાનો આરોપ લગાવ્યો છે.

યુઝર્સે શું કહ્યું? એક સોશિયલ મીડિયા યુઝરે રક્ષાબંધનના પ્રસંગે સેલિનાના પહેરવેશને ભારતીય સંસ્કૃતિ અને પરંપરાના સંદર્ભમાં યોગ્ય ન ગણાવ્યો. આ ચર્ચામાં બિંદી, સિંદૂર, બંગડીઓ જેવા પરંપરાગત પ્રતીકોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો. અન્ય એક યુઝરે સવાલ ઉઠાવ્યો કે જ્યારે તહેવારોના લૂકને લઈને અગાઉ પણ વિવાદ થઈ ચૂક્યા છે, ત્યારે બોલિવૂડમાં ફરી આવી સ્થિતિ કેમ ઊભી થાય છે. જોકે આ તમામ ટિપ્પણીઓ સોશિયલ મીડિયા યુઝર્સનો વ્યક્તિગત મત છે.

# પેરિસમાં બીમાર પડી પ્રીતિ ઝિંટા, અજાણ્યા પરિવારે ઘરેથી બનાવી મોકલ્યા 'કઢી-ભાત'

મુંબઈ

બોલીવૂડની 'ડિમ્પલ ગર્લ' પ્રીતિ ઝિંટા (Preity Zinta) હાલ પેરિસમાં છે અને પ્રીતિ ઝિન્ટા સોશિયલ મીડિયા પર એક્ટિવ રહે છે. તાજેતરમાં તેણે સોશિયલ મીડિયા પર પેરિસનો એક અત્યંત હૃદયસ્પર્શી કિસ્સો શેર કર્યો છે. વિદેશની ધરતી પર ભારે તાવમાં સપડાયેલી પ્રીતિ ઝિંટાની સ્થિતિ જાણીને એક સ્થાનિક પરિવારે તેમના માટે ઘરનું દેશી ભોજન બનાવીને મોકલ્યું હતું. અજાણ્યા પરિવારના આ સ્નેહ અને પંજાબી મહેમાનગતિથી અભિનેત્રી અત્યંત ભાવુક બની ગઈ હતી. સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલી પ્રીતિ ઝિંટાની પોસ્ટ પર ફેન્સ લાઈક્સ અને કમેન્ટ કરીને વ્હાલ વરસાવી રહ્યા છે. પ્રીતિ ઝિન્ટાએ પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પર એક વિડિયો શેર કર્યો હતો, જેમાં તેઓ ટિફિન બોક્સ ખોલતાં જોવા મળે છે. ટિફિનમાં આલૂ-ગોભીનું શાક અને તેમનું સૌથી ફેવરિટ 'કઢી-ભાત' જોઈને પ્રીતિ અત્યંત ખુશ થઈ ગઈ હતી. વાઈરલ થઈ રહેલા વીડિયોમાં ટિફિનમાં આવેલું દેસી ફૂડ જોઈને પ્રીતિ ઝિન્ટા કહે છે કે ઓહ માય ગોડ, કઢી-ચાવલ! જ્યારે તમે બીમાર હો ત્યારે તમને માત્ર આવું દેશી કમ્ફર્ટ ફૂડ જ ભાવે છે. પેરિસના આ સૌથી પ્રેમાળ પરિવારનો ખૂબ ખૂબ આભાર. પંજાબી હોસ્પિટાલિટી દુનિયામાં બેસ્ટ કેમ ગણાય છે તેનો આ પુરાવો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારે પ્રીતિ ઝિંટાએ પેરિસ સ્થિત સુપ્રસિદ્ધ ગણેશ મંદિરમાં જઈને પૂજા-અર્ચના કરી હતી. સફેદ પરિધાનમાં સજ્જ પ્રીતિએ મંદિરમાં દીવો પ્રગટાવીને પ્રાર્થના કરી હતી, જેની ઝલક પણ તેમણે સોશિયલ મીડિયા પર શેર કરી હતી. એક્ટ્રેસના વર્કફ્રન્ટની વાત કરીએ તો પ્રીતિ ઝિંટાએ તાજેતરમાં ડિરેક્ટર રાજકુમાર સંતોષીની ફિલ્મ 'બંટવારા 1947' દ્વારા આઠ વર્ષના લાંબા અંતરાલ બાદ બોલિવૂડમાં કમબેક કર્યું છે. 14મી ઓગસ્ટના રિલીઝ થયેલી આ ફિલ્મમાં પ્રીતિ ઝિંટા સાથે સની દેઓલ, શબાના આઝમી અને અલી ફઝલ મુખ્ય ભૂમિકામાં જોવા મળ્યા છે.



### દોઢ મહિના સુધી વિચારતો રહ્યો કે આવું કેવી રીતે થયું

# કેપ્ટનશીપ ગુમાવ્યા બાદ પહેલીવાર સૂર્યકુમારે મૌન તોડ્યું

વૉશિંગ્ટન

ભારતના પૂર્વ ટી-20 કેપ્ટન સૂર્યકુમાર યાદવે પ્રથમ વખત પોતાની કેપ્ટનશીપ છીનવાઈ જવા પર મૌન તોડ્યું છે. તેમણે કહ્યું- 'હું લગભગ દોઢ મહિના સુધી ઘરે બેસીને એ જ વિચારતો રહ્યો કે આવું કેવી રીતે થઈ શકે છે.'

પૂર્વ ક્રિકેટર આકાશ ચોપરાની યુટ્યુબ ચેનલ પર વાતચીતમાં સૂર્યકુમારે કહ્યું- મેં વિચાર્યું હતું કે 2028 લોસ એન્જલસ ઓલિમ્પિક અને આગામી ટી20 વર્લ્ડ કપ સુધી ભારતીય ટીમને સંભાળીશ.' અજિત અગરકરની આગેવાની હેઠળની સિલેક્શન કમિટીએ ટી-20 વર્લ્ડકપ 2026 જીત્યા પછી સૂર્યકુમારને કેપ્ટનશીપ પરથી હટાવી દીધા હતા. તેમની



જગ્યાએ શ્રેયસ ઐયર નવા કેપ્ટન બન્યા. અહીં સુધી કે આયર્લેન્ડ અને ઇંગ્લેન્ડની ટીમમાં પણ તેમને સામેલ કરવામાં આવ્યા ન હતા. સિલેક્ટર્સે તેમના ખરાબ ફોર્મને તેનું કારણ જણાવ્યું. સૂર્યકુમારે જણાવ્યું કે ટીમાંથી બહાર કરવામાં આવતા પોતાને સિલેક્ટર્સની જગ્યાએ રાખીને વિચાર્યું. સમજવાની કોશિશ કરી કે તેઓ તેમનાથી આગળ વધીને ભવિષ્ય માટે નવી ટીમ શા માટે બનાવવા માંગે છે. તેમણે કહ્યું- 'જ્યારે મારું નામ ટીમમાં નહોતું, ત્યારે હું હસ્યો. મેચ દરમિયાન જ્યારે પણ દબાણની સ્થિતિ આવી, મેં પોતાને શાંત રાખવાની કોશિશ કરી. મેં વિચાર્યું નહોતું કે આવું થશે.' સૂર્યાએ પોતાને મળેલી તકો માટે આભાર પણ માન્યો. સૂર્યાએ કહ્યું કે ટીમના એલાનથી ત્રણ દિવસ પહેલાં સિલેક્શન કમિટીએ મારી સાથે વાત કરી હતી. મને કહેવામાં આવ્યું હતું, 'ઇંગ્લેન્ડ સામેની સિરીઝ માટે ટીમમાં મારું નામ નહીં હોય. હવે આગળ વધવાનો સમય છે. મેં પ્રતિક્રિયા આપી નહીં, કારણ કે તેમાં મારી ભૂલ નહોતી.' આના પર સૂર્યાએ સિલેક્ટર્સને કહ્યું- 'જે નિર્ણય લેવામાં આવ્યો, તે ચોક્કસપણે ટીમ માટે વધુ સારો હશે.

## નીરજ એશિયન ગેમ્સમાંથી ઈજાના કારણે બહાર

નવી દિલ્હી

નીરજ ચોપરા સપ્ટેમ્બરમાં યોજાનાર એશિયન ગેમ્સમાંથી બહાર થઈ ગયો છે. તેણે શનિવારે સોશિયલ મીડિયામાં પોસ્ટથી આ માહિતી આપી હતી. નીરજે પોસ્ટમાં લખ્યું, લોઝેન ડાયમંડ લીગમાં સીઝનનો બેસ્ટ થ્રો કર્યાના થોડા સમય બાદ ટ્રેનિંગ દરમિયાન એંકલમાં ઈજા થઈ હતી. આનાથી લિગામેન્ટ ફાટી ગયું છે. આ ઈજાના કારણે નીરજ 5 સપ્ટેમ્બરે બ્રસેલ્સમાં યોજાનાર ડાયમંડ લીગ ફાઈનલમાં પણ ભાગ લઈ શકશે નહીં. આ સિવાય 11થી 13 સપ્ટેમ્બર સુધી બુડાપેસ્ટમાં યોજાનાર પ્રથમ વર્લ્ડ એથલેટિક્સ અલ્ટીમેટ ચેમ્પિયનશીપમાંથી પણ બહાર રહેશે. નીરજે લખ્યું- લય મેળવવાની નજીક હતો, હવે રિકવરી પર ધ્યાન

નીરજે કહ્યું કે ભારે મહેનત પછી તેને લાગી રહ્યું હતું કે તે પોતાની લય મેળવી રહ્યો છે. લોઝેનમાં 88.05 મીટરનો થ્રો પણ આ જ વાતનો સંકેત હતો. નીરજ લોઝેન ડાયમંડ લીગમાં બીજા સ્થાને રહ્યો હતો. તેણે શુક્રવારે જ ડાયમંડ લીગ ફાઈનલ માટે ક્વોલિફાય કર્યું હતું. તેણે આ સીઝનમાં બે ડાયમંડ લીગ સ્પર્ધાઓ રમી અને બંનેમાં બીજા સ્થાને રહ્યો. 19 જૂને દોહા અને 21 ઓગસ્ટે લોઝેનમાં બીજા સ્થાને રહેવાથી તેને કુલ 12 પોઈન્ટ મળ્યા. તે સ્ટેન્ડિંગમાં છઠ્ઠા સ્થાને રહ્યો અને 5 સપ્ટેમ્બરે બ્રસેલ્સમાં યોજાનાર ફાઈનલ માટે ક્વોલિફાય કર્યું. હવે ઘૂંટણ/એંકલની ઈજાના કારણે તે આ ફાઈનલમાં ભાગ લઈ શકશે નહીં. નીરજ ગયા વર્ષે સપ્ટેમ્બરથી પીઠના નીચલા ભાગની ઈજા (લોઅર બેક ઈન્જરી)થી પરેશાન હતો.

### દુલીપ ટ્રોફીમાં ત્રણ ઓવરમાં 2 વિકેટ લીધી હતી

## વૈભવ સૂર્યવંશીએ કહ્યું- ઈશાનભાઈને નથી ખબર હું વિકેટ-ટેકર છું

નવી દિલ્હી

દુલીપ ટ્રોફીમાં નોર્થ-ઈસ્ટ ઝોન સામે 2 વિકેટ લેનાર વૈભવ સૂર્યવંશીએ એક કિસ્સો શેર કર્યો છે. વૈભવે કહ્યું- 'વિકેટ પડી રહી ન હતી, તેથી ઈશાન ભાઈએ મને 2-3 ઓવર બોલિંગ કરવા કહ્યું. તેમને લાગ્યું કે મને બોલ આપવો જોખમી છે. પરંતુ તેમને ખબર ન હતી કે હું વિકેટ લેનાર બોલર છું.' ઈસ્ટ ઝોનના વાઈસ-કેપ્ટન વૈભવે 3 ઓવરમાં 11 રન આપીને 2 વિકેટ લીધી. જોકે, બેટર તરીકે તે પ્રથમ ઈનિંગ્સમાં માત્ર 8 રન બનાવી શક્યો. ઈસ્ટ ઝોને મેચ એક ઈનિંગ્સ અને 210 રનથી જીતીને સેમિફાઈનલમાં સ્થાન



બનાવ્યું. ટીમ ટૉપ-4માં સાઉથ ઝોન સામે 30 ઓગસ્ટથી રમશે. વૈભવે કહ્યું- હું 5 વિકેટ પણ લઈ લઉં, તો પણ ત્રણ ઓવર જ આપશે. વૈભવે BCCI ડોમેસ્ટિકએ શેર કરેલા વીડિયોમાં કહ્યું કે દરેક બેટરને બોલિંગ કરવી ગમે છે. સાથે જ તેણે મજાકિયા અંદાજમાં કહ્યું કે મેં જાણી જોઈને એટલી સારી બોલિંગ ન કરી, જેટલી સારી હું કરી શકતો હતો. તેણે કહ્યું- 'હું જો 5 વિકેટ પણ લઈ લઈશ, તો પણ મને ત્રણ ઓવર જ બોલિંગ માટે આપશે.' તેણે જણાવ્યું- 'હું વારંવાર બોલને એક જ જગ્યાએ નાખવાનો પ્રયાસ કરી રહ્યો હતો. એમાં ખૂબ મજા આવી રહી હતી. છેલ્લી મેચમાં મેં બેટથી સારું પ્રદર્શન નહોતું કર્યું, તેથી બોલિંગમાં યોગદાન આપીને ખૂબ સારું લાગ્યું.' IPLમાંથી T-20 ક્રિકેટમાં પોતાની ઓળખ બનાવી ચૂકેલા વૈભવને હજુ રેડ-બોલમાં પોતાને સાબિત કરવાનું છે. દુલીપ ટ્રોફી ટેસ્ટ તેમના માટે એક તક છે. તેણે IPL 2026માં સૌથી વધુ 776 રન બનાવ્યા હતા.

## પેનલ્ટી શૂટઆઉટમાં બેલ્જિયમ સામે ભારત હાર્યું

### મેન્સ હોકી વર્લ્ડકપ: હરમનપ્રીત સિંહ ટીમનો ટૉપ ગોલ સ્કોરર રહ્યો

મુંબઈ

ભારત મેન્સ હોકી વર્લ્ડ કપમાં શુક્રવારે બેલ્જિયમ સામે પેનલ્ટી શૂટઆઉટમાં હારી ગયું. આ સાથે ટીમ ટુર્નામેન્ટમાં આઠમા સ્થાને રહી. બેલ્જિયમ મેચની છેલ્લી મિનિટ સુધી 3-2થી આગળ હતું. મેચ પૂરી થવામાં 26 સેકન્ડ બાકી હતી, ત્યારે ભારતને પેનલ્ટી કોર્નર મળ્યો. કેપ્ટન હરમનપ્રીત સિંહે તેને ગોલમાં ફેરવીને મેચને શૂટઆઉટમાં પહોંચાડી, જ્યાં ટીમ 3-4થી મુકાબલો હારી ગઈ. કેપ્ટન હરમનપ્રીત સિંહે આ મેચમાં 2 ગોલ કર્યા. તેઓ ટુર્નામેન્ટમાં 8 ગોલ સાથે ભારતનો ટૉપ સ્કોરર રહ્યો. અભિષેકે છઠ્ઠી મિનિટે ગોલ કરીને ભારતને 1-0ની



શરૂઆતની લીડ અપાવી. જોકે, બેલ્જિયમે શાનદાર વાપસી કરતા 22મી અને 23મી મિનિટે બે ગોલ કરીને 2-1ની લીડ બનાવી લીધી. હાફ ટાઈમના તરત બાદ 31મી મિનિટે કેપ્ટન હરમનપ્રીતે પેનલ્ટી કોર્નરથી ગોલ કરીને સ્કોર 2-2થી બરાબર કરી દીધો. ત્યારબાદ 47મી મિનિટે બેલ્જિયમના ડી કેરપેલે ગોલ કરીને સ્કોર 3-2 કરી દીધો. શૂટઆઉટમાં હરમનપ્રીત ગોલ કરી શક્યો નહીં શૂટઆઉટમાં ભારત માટે શિલાનંદ લાકડા, દિલપ્રીત સિંહ અને અભિષેકે પહેલા 3 શોટ પર ગોલ કર્યા. જોકે ભારત માટે છેલ્લા 2 શોટ પર હરમનપ્રીત અને સુખજીત સિંહ ગોલ કરી શક્યા નહીં. જ્યારે બેલ્જિયમ માટે ટોમ બૂન, આર્થર ડી સ્લોવર, એલેક્ઝાન્ડર હેન્ડ્રિક્સ અને રોમન ડુવેકોટે ગોલ કર્યા. વિક્ટર ફોરબર્ટ પોતાનો પ્રયાસ ગોલમાં ફેરવી શક્યો નહીં. અંતિમ ક્વાર્ટરમાં બેલ્જિયમના લાબુશેરનો ઝડપી શોટ મનપ્રીત સિંહના ચહેરા પર આંખની ઉપર વાગ્યો. તે ગંભીર રીતે ઘાયલ થઈને મેદાનમાંથી બહાર નીકળી ગયો. જોકે, પેનલ્ટી શૂટઆઉટ દરમિયાન તે મેદાન પર પાછો ફર્યો, પરંતુ શોટ લીધો નહીં. ભારતીય ટીમ 51 વર્ષ પછી વર્લ્ડકપ મેડલ જીતવાનું સપનું લઈને ટુર્નામેન્ટમાં ઉતરી હતી. ભારત માટે શરૂઆત સારી રહી. ટીમે પહેલા રાઉન્ડમાં વેલ્સને 3-1 અને પાકિસ્તાનને 5-3થી હરાવ્યું, પરંતુ ઈંગ્લેન્ડ સામે 2-4થી હારનો સામનો કરવો પડ્યો. બીજા રાઉન્ડમાં ભારતીય ટીમ એક પણ પોઈન્ટ મેળવી શકી નહીં. ટીમે નેધરલેન્ડ્સ સામે છેલ્લી 19 મિનિટમાં ત્રણ ગોલ ખાધા અને 1-3થી મેચ હારી ગઈ. આ પછી આર્જેન્ટિના સામે મળેલી 3-5ની હારે તેની સેમિફાઈનલમાં પહોંચવાની આશાઓ પણ સમાપ્ત કરી દીધી.




### પંપના નોઝલ અને પેટ્રોલ બિલ પર ઈથેનોલની માત્રા લખવી પડશે

## ઈથેનોલ બ્લેન્ડિંગ પર સુપ્રીમમાં 31 ઓગસ્ટે સુનાવણી

મુંબઈ

સુપ્રીમ કોર્ટ 31 ઓગસ્ટે તે જનહિત અરજી પર સુનાવણી કરશે, જેમાં દેશના તમામ પેટ્રોલ પંપના નોઝલ અને પેટ્રોલ બિલ પર ઈથેનોલની ચોક્કસ માત્રા એટલે કે ટકાવારી લખેલી હોવાની માંગ કરવામાં આવી છે. PTI મુજબ જસ્ટિસ એમ.એમ. સુંદરેશ અને જસ્ટિસ પ્રસન્ના બી. વરાલેની બેન્ચ આ મામલાની સુનાવણી કરશે. આ અરજી નરેન્દ્ર કુમાર ગોસ્વામી દ્વારા કરવામાં આવી છે. પંપના નોઝલ અને પેટ્રોલ બિલ પર ઈથેનોલની માત્રા લખવી પડશે અરજીમાં કેન્દ્ર સરકાર અને સંબંધિત અધિકારીઓને એ નિર્દેશ આપવા




વિનંતી કરવામાં આવી છે કે પેટ્રોલ પંપના દરેક ડિસ્પેન્સિંગ નોઝલ પર ઈથેનોલ બ્લેન્ડિંગની ટકાવારી સ્પષ્ટપણે લખવામાં આવે. આ સાથે જ, જ્યારે પણ કોઈ ગ્રાહક પેટ્રોલ ખરીદે, તો તેને મળતી રસીદ પર પણ ફરજિયાતપણે લખેલું હોય કે તે ઈંધણમાં કેટલા ટકા ઈથેનોલ ભેળવેલું છે. વાહનો માટે ઓનલાઈન સુસંગતતા ડેટાબેઝ બનાવવાની માંગ અરજદારે કોર્ટને વિનંતી કરી છે કે સરકાર એક સત્તાવાર અને સાર્વજનિક ઓનલાઈન ડેટાબેઝ તૈયાર કરે. આ ડેટાબેઝમાં વાહન ઉત્પાદક, મોડલ, એન્જિનના પ્રકાર અને ઉત્પાદનના વર્ષ પ્રમાણે સર્ચ કરવાની સુવિધા હોવી જોઈએ. આનાથી સામાન્ય નાગરિકો સરળતાથી જાણી શકશે કે તેમનું વાહન E20 અથવા અન્ય ઈથેનોલ મિશ્રણ માટે અનુકૂળ છે કે નહીં. E20 પેટ્રોલની અસર તપાસવા માટે નિષ્ણાત સમિતિનો સુઝાવ અરજીમાં એક સ્વતંત્ર નિષ્ણાત સમિતિ બનાવવાની પણ માંગ કરવામાં આવી છે.

### ₹37,700 કરોડ એકત્ર કરવાનો પ્લાન

## જિયોનાં IPOને સેબીની લીલીઝંડી: કંપની 27 કરોડ નવા શેર બહાર પાડશે

મુંબઈ

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની ડિજિટલ અને ટેલિકોમ શાખા, જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડના IPOને માર્કેટ રેગ્યુલેટર સેબી તરફથી મંજૂરી મળી ગઈ છે. સેબીએ આજે 28 ઓગસ્ટે આ અંગેની જાણકારી આપી. આ સાથે જ નેશનલ સ્ટોક એક્સચેન્જના ઓફિશિયલ પોર્ટલ પર પણ જિયોના ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસનું સ્ટેટસ 'એપ્રુવ્ડ' દેખાવા લાગ્યું છે. જોકે, હજુ એ નક્કી નથી કે IPO માર્કેટમાં ક્યારે આવશે. પરંતુ, જાણકારોનું અનુમાન છે કે દિવાળીની આસપાસ તેને લોન્ચ કરી શકાય છે. આ જ વર્ષે 19 જૂને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની 49મી વાર્ષિક બેઠકમાં કંપનીના ચેરમેન મુકેશ




અંબાણીએ જાહેરાત કરી હતી કે કંપની જિયો પ્લેટફોર્મ્સનો IPO પણ લાવવા જઈ રહી છે. તેમણે જણાવ્યું હતું કે કંપની 27 કરોડ નવા શેર જાહેર કરશે અને IPO દ્વારા લગભગ 4 બિલિયન ડોલર એટલે કે 37,700 કરોડ એકત્ર કરવાની યોજના છે. આ ભારતનો અત્યાર સુધીનો સૌથી મોટો IPO બની શકે છે. જોકે, શેરની કિંમત શું રહેશે તેની માહિતી આપવામાં આવી ન હતી. આ IPOની જાહેરાત ગયા વર્ષની AGMમાં પણ કરવામાં આવી હતી, પરંતુ પશ્ચિમ એશિયામાં યુદ્ધને કારણે તેને મુલતવી રાખવામાં આવ્યો હતો. આકાશે કહ્યું હતું - જિયોના 52.4 કરોડથી વધુ ગ્રાહકો આકાશ અંબાણીએ કહ્યું હતું કે જિયો ભારત માટે પોતાનું સેટેલાઈટ ઈન્ટરનેટ નેટવર્ક વિકસાવવાની દિશામાં કામ કરી રહ્યું છે અને આ માટે વૈશ્વિક સેટેલાઈટ કંપનીઓ સાથે ભાગીદારી કરવામાં આવી રહી છે. આકાશે કહ્યું કે કંપનીએ AI એજન્ટ્સ માટે 'જિયો ટેલિફ્રેમ' પ્લેટફોર્મ રજૂ કર્યું છે.

### આ કાર્યવાહી એક ગ્રાહકની ફરિયાદથી શરૂ થઈ હતી.

## એવરેસ્ટની હીંગ પર પ્રતિબંધ: FSSAIને ગરમ મસાલા-ચિકન મસાલામાં પણ ગડબડ મળી

### લાલજી ગોધુની યુનિટથી લીધેલી અસલી હિંગની છ જાતોની તપાસમાં સ્ટાર્ચની માત્રા 15થી 32 ટકા સુધી મળી, જ્યારે નિયમ પ્રમાણે તે 1 ટકાથી વધુ ન હોવી જોઈએ.

નવી દિલ્હી

ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણ (FSSAI)એ બે મોટા મસાલા બ્રાન્ડ્સ - એવરેસ્ટ ફૂડ પ્રોડક્ટ્સ અને લાલજી ગોધુ એન્ડ કંપની (LG બ્રાન્ડની કમ્પાઉન્ડેડ હિંગ (અસાફોએટિડાના વેચાણ પર તાત્કાલિક પ્રતિબંધ મૂક્યો છે. લેબોરેટરી તપાસમાં આ પ્રોડક્ટ્સ યોગ્ય ધોરણથી નીચે મળ્યા હતા. શું છે સમગ્ર મામલો? આ કાર્યવાહી એક ગ્રાહકની ફરિયાદથી શરૂ થઈ હતી. ત્યારબાદ FSSAIએ બજારમાં ઉપલબ્ધ મોટા હિંગ બ્રાન્ડ્સના સેમ્પલ લીધા. મુંબઈની સેન્ટ્રલ લાઈસન્સ યુનિટ્સ અને ગુજરાતના ઉમરગામમાં એવરેસ્ટની યુનિટથી પણ સેમ્પલ લેવામાં આવ્યા. તમામ સેમ્પલમાં ગુણવત્તા નક્કી કરેલા ધોરણથી ઓછી મળી. લેબ ટેસ્ટમાં શું ખુલાસો થયો? નિયમ પ્રમાણે કમ્પાઉન્ડેડ હિંગમાં અસલી










હિંગને ગુંદર, સ્ટાર્ચ અને લોટ સાથે મિશ્ર કરવામાં આવે છે, પરંતુ તેમાં ઓછામાં ઓછા 5 ટકા આલ્કોહોલ સોલ્યુબલ એક્સટ્રેક્ટ હોવા જોઈએ. તપાસમાં એવરેસ્ટ અને લાલજી ગોધુના પ્રોડક્ટ્સમાં આ માત્રા માત્ર 0થી 3-4 ટકા જ મળી. એટલે કે અસલી હિંગની માત્રા નિર્ધારિત માત્રાથી આશરે 30થી 40 ટકા ઓછી હતી. વધુમાં, લાલજી ગોધુની યુનિટથી લીધેલી અસલી હિંગની છ જાતોની તપાસમાં સ્ટાર્ચની માત્રા 15થી 32 ટકા સુધી મળી, જ્યારે નિયમ પ્રમાણે તે 1 ટકાથી વધુ ન હોવી જોઈએ. FSSAIએ સ્પષ્ટ કર્યું છે કે આ પ્રતિબંધ ફક્ત હિંગ પ્રોડક્ટ્સ પર લાગુ થાય છે. એવરેસ્ટના અન્ય મસાલા જેમ કે અંડા કરી મસાલા, ચિકન કરી મસાલા કે ગરમ મસાલા પર કોઈ રોક નથી. જોકે, એવરેસ્ટના આ ત્રણ મસાલામાં પણ કેટલીક નોન-કમ્પ્લાયન્સ (જેમ કે લેબલ પર મીઠાની માત્રા વગેરે) જણાઈ હતી, પરંતુ તેના પર બેન નથી મૂકાયો. આ પગલું ગ્રાહકોની સ્વાસ્થ્ય સુરક્ષા માટે લેવામાં આવ્યું છે. બંને કંપનીઓને સૂચના આપવામાં આવી છે કે તેઓ સુધારાત્મક કાર્યયોજના રજૂ કરે અને આગળથી નક્કી કરેલા ધોરણ મુજબ હિંગ બનાવે. સાથે જ બજારમાં હાજર નબળી ગુણવત્તાની હિંગ પોતે પાછી ખેંચી લે તેવી સલાહ આપવામાં આવી છે.

## ચાંદી આ અઠવાડિયે ₹2,738 સસ્તી થઈ, ₹2.44 લાખ પર આવી

- **સોનું ₹1,042 ઘટીને ₹1.60 પર આવ્યું, ઓલ ટાઈમ હાઈથી 1.42 લાખ રૂપિયા ઘટી ચાંદી**

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં આ અઠવાડિયે ઘટાડો જોવા મળ્યો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદીનો ભાવ 2,738 રૂપિયા ઘટીને 2.44 લાખ રૂપિયા થઈ ગયો છે. આ પહેલા તે ગયા અઠવાડિયે એટલે કે 21 ઓગસ્ટે 2.47 લાખ રૂપિયા પર હતો. જ્યારે, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 1,60,620 રૂપિયાથી ઘટીને 1,59,578 લાખ રૂપિયા પર આવી ગયો છે. એટલે કે તેની કિંમત 1,042 રૂપિયા ઓછી થઈ. ટ્રાન્સપોર્ટેશન અને સિક્યોરિટી: એક શહેરથી બીજા શહેરમાં સોનું લઈ જવામાં ઈંધણ અને સુરક્ષા ખર્ચ ઉમેરાય છે, જેનાથી અંતર વધવા પર ભાવ વધે છે. ખરીદીની માત્રા: દક્ષિણ ભારતમાં વધુ વપરાશ (લગભગ 40%) ને કારણે જ્વેલર્સ મોટી ખરીદી કરે છે, પરંતુ છૂટનો ફાયદો મર્યાદિત રહે છે. લોકલ જ્વેલરી એસોસિએશન: રાજ્ય અને શહેરના જ્વેલરી એસોસિએશન સ્થાનિક માગ-પુરવઠાના આધારે ભાવ નક્કી કરે છે. જૂનો સ્ટોક અને ખરીદ કિંમત: જ્વેલર્સનો ખરીદી ભાવ નક્કી કરે છે કે તેઓ ગ્રાહકોને કેટલી કિંમતમાં વેચશે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે.

### પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તા સામે ફરિયાદ નોંધવા માગ, પગલાં ન લેવાય તો સોમવારે યુનિવર્સિટી બંધની ચીમકી

# ગુજરાત યુનિ.ના સત્તાધીશોને NSUIનું અલ્ટીમેટમ



**10 કર્મચારીઓ સસ્પેન્ડ, તપાસ કમિટીની રચના**

ચારે તરફથી ભારે હોબાળો મચ્યા બાદ યુનિવર્સિટી પ્રશાસને ગેરકાયદે રખાયેલા તમામ 10 કર્મચારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધા હતા. સમગ્ર મામલાની તપાસ માટે એક ખાસ કમિટીની રચના કરવામાં આવી છે, જેનો રિપોર્ટ આવ્યા બાદ કસૂરવારોને ટર્મિનેટ કરી નાણાંની વસૂલાત કરવામાં આવશે.

અમદાવાદ

ગુજરાત યુનિવર્સિટીમાં PMJVKની કરોડોની ગ્રાન્ટના કૌભાંડ મામલે દ્વારા પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તાનો વિરોધ કરવામાં આવ્યો હતો.NSUIએ માગણી કરી કે,નીરજા ગુપ્તા સામે ફરિયાદ નોંધવામાં આવે.જોકે રજીસ્ટ્રારે કોઈ જવાબ ના આપતા NSUI ના કાર્યકરે રજીસ્ટર ને લાફો મારવાની ધમકી પણ આપી હતી.આ ઉપરાંત સાંજ સુધીમાં કાર્યવાહી કરવામાં ન આવે તો યુનિવર્સિટી બંધનું એલાન આપવામાં આવ્યું છે.

પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તાએ પોતાની સત્તાનો દુરુપયોગ કરી પોતે જ પોતાની પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમમાં પ્રિન્સિપાલ ઈન્વેસ્ટિગટર તરીકે નિમણૂક કરી હતી જેમાંથી દર મહિને પોતાનો 4.20 લાખ પગાર નક્કી કરીને મેળવ્યો હતો.આ ઉપરાંત પોતાના દીકરાના ખાતામાં 9.84 લાખ ટ્રાન્સફર કર્યા હતા અને કન્સલ્ટન્ટ સમીર શુક્લાના ખાતામાં 10 લાખ ટ્રાન્સફર કર્યા હતા.આ મુદ્દે NSUI દ્વારા ફરિયાદ કરીને 72 કલાકમાં કાર્યવાહીની માંગણી કરી હતી.

72 કલાક બાદ પણ કોઈ કાર્યવાહી ન થતા NSUI દ્વારા આજે ફરીથી નીરજા ગુપ્તાનો વિરોધ કરવામાં આવ્યો હતો.રજીસ્ટ્રાર પિયુષ પટેલને રજુઆત કરવામાં આવી હતી.જોકે પિયુષ પટેલે કોઈ જવાબ ન આપતા NSUIના કાર્યકરોએ રજીસ્ટ્રારને કહ્યું હતું કે સાહેબ લાફો



મારી દઈશું પછી કેસ કરી દેજો,તમે નીરજા ગુપ્તા સામે તો કેસ કરી શકવાના નથી.

NSUIના નેતા વિક્રમસિંહ ગોહિલે જણાવ્યું હતું કે 72 કલાકનો સમય આપ્યો છતા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.ગુજરાત યુનિવર્સિટી નીરજા ગુપ્તાને છાવરી રહી છે.આજે સાંજ સુધીમાં કોઈ કાર્યવાહી કરવામાં ન આવે તો સોમવારે યુનિવર્સિટી બંધનું એલાન આપવામાં આવશે.

### ગેરકાયદે નિમણૂકો અને ઉંચા પગારનો આક્ષેપ

મળતી માહિતી અનુસાર, નીરજા ગુપ્તાએ કાર્યભાર સંભાળ્યા બાદ UGCના નિયમોની અવગણના કરીને પોતાના મળતિયા એવા 10 લોકોને ડિરેક્ટર જેવા ઉચ્ચ પદો પર ગોઠવી દીધા હતા. આ લોકોને કુલપતિના પોતાના પગાર કરતા પણ વધુ મહેનતાણું વિદ્યાર્થીઓની ફીના નાણાંમાંથી ચૂકવવામાં આવતું હોવાનો દાવો પૂર્વ સિન્ડિકેટ સભ્ય ઈન્દ્રવિજયસિંહ ગોહિલે કર્યો છે.

આ કૌભાંડમાં સૌથી ચોંકાવનારી બાબત પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ અંતર્ગત મળેલી 40 કરોડ રૂપિયાની ગ્રાન્ટના દુરુપયોગની છે. આ પ્રોજેક્ટમાં નીરજા ગુપ્તાએ પોતાને જ પ્રિન્સિપાલ ઈન્વેસ્ટિગેટર નિમીને નિયમિત પગાર ઉપરાંત 4.20 લાખ રૂપિયાનું ભથ્થું મેળવી લીધું હતું. આ ઉપરાંત, ગ્રાન્ટ ખાતામાંથી 9.84 લાખ રૂપિયા તેમના જર્મની સ્થિત પુત્રના ખાતામાં ટ્રાન્સફર કરાયા હોવાનો ઘટસ્ફોટ થયો છે. હાલમાં 40 કરોડ રૂપિયામાંથી 50 ટકાથી વધુ રકમનો કોઈ જ હિસાબ યુનિવર્સિટી પ્રશાસન પાસે ઉપલબ્ધ નથી.

### ઇન્ચાર્જ કુલપતિએ શું કહ્યું?

ઈન્ચાર્જ કુલપતિ જગદીશ જોશીએ જણાવ્યું હતું કે, 'ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ હેઠળ એક સભ્યની તપાસ કમિટીની રચના કરી છે. જેમાં નિવૃત જજ દીપક વ્યાસ દ્વારા તપાસ કરવામાં આવશે. સમિતિ દ્વારા નિષ્પક્ષ અને સ્વતંત્ર તપાસ કરાશે. કથિત અનિયમિત નિમણૂક, ભંડોળનો ઉપયોગ, સત્તાનો દુરુપયોગ, PMJVKની ગ્રાન્ટ બાબતની તપાસ કરવામાં આવશે. સમિતિનો મુખ્ય ઉદ્દેશ્ય દસ્તાવેજો અને નિમણૂકોની તપાસ કરવાનો રહેશે. 3 મહિનામાં તપાસ કમિટી રિપોર્ટ રજૂ કરશે.' ચારે તરફથી ભારે હોબાળો મચ્યા બાદ યુનિવર્સિટી પ્રશાસને ગેરકાયદે રખાયેલા તમામ 10 કર્મચારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધા હતા. સમગ્ર મામલાની તપાસ માટે એક ખાસ કમિટીની રચના કરવામાં આવી છે, જેનો રિપોર્ટ આવ્યા બાદ કસૂરવારોને ટર્મિનેટ કરી નાણાંની વસૂલાત કરવામાં આવશે.

## સરદારનગરમાં પોલીસને ખુલ્લી ચેલેન્જ? હાથમાં દારૂની બોટલ સાથે યુવાનનો વીડિયો ફરી વાયરલ

અમદાવાદ

સરદારનગર વિસ્તારમાંથી સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા એક વીડિયોએ પોલીસની કામગીરી સામે સવાલો ઊભા કર્યા છે. વાયરલ વીડિયોમાં એક યુવાન હાથમાં દારૂની બોટલ સાથે જોવા મળી રહ્યો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ વીડિયો સામે આવ્યા બાદ સ્થાનિક સ્તરે ચર્ચા તેજ બની છે કે આખરે કાયદાનો ડર ક્યાં સુધી રહ્યો છે?

મળતી માહિતી મુજબ, આ યુવાનનો અગાઉ પણ જાહેરમાં દારૂ પીવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. અગાઉ વીડિયો વાયરલ થયા બાદ પોલીસ દ્વારા તેની સામે કાર્યવાહી કરવામાં આવી હોવાની માહિતી સામે આવી હતી. જોકે, કાર્યવાહી બાદ પણ ફરી એકવાર કથિત રીતે દારૂની બોટલ સાથેનો વીડિયો સામે આવતા પોલીસની કાર્યવાહી કેટલી અસરકારક રહી તે અંગે સવાલો ઊભા થયા છે.

સામાન્ય રીતે પોલીસ કાર્યવાહી બાદ આવા કૃત્યો કરનારાઓમાં કાયદાનો ભય ઊભો થવો જોઈએ. પરંતુ અહીં તો અગાઉ કાર્યવાહી થઈ હોવા છતાં ફરી વીડિયો સામે આવ્યો હોવાનો દાવો છે. જેના કારણે સવાલ એ ઊભો થાય છે કે શું પોલીસની કાર્યવાહીનો કોઈ ડર રહ્યો નથી?

જો કોઈ વ્યક્તિ જાહેરમાં દારૂનું સેવન કરતો હોય અથવા દારૂની બોટલ સાથે સોશિયલ મીડિયા પર વીડિયો બનાવીને વાયરલ કરતો હોય, તો આવા કૃત્યો માત્ર કાયદો-વ્યવસ્થાનો જ નહીં પરંતુ સમાજ માટે પણ ગંભીર ચિંતાનો વિષય બની શકે છે. આ સમગ્ર મામલામાં સૌથી ચર્ચાસ્પદ બાબત એ છે કે વીડિયો બનાવવાનો અને તેને સોશિયલ મીડિયામાં વાયરલ કરવાનો હેતુ શું હતો?


**AMC મુખ્યમથકના જ દ્રશ્યોએ 'સ્વચ્છ સિટી'ના દાવાઓની પોલ ખોલી**

## રૂ.18,500 કરોડનું વાર્ષિક બજેટ, પણ શૌચાલયમાં ગંદકીનું સામ્રાજ્ય!

અમદાવાદ

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત જે 'સ્માર્ટ સિટી' અમદાવાદને સ્વચ્છતા માટે નેશનલ એવોર્ડ મળ્યા છે, તે જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના મુખ્યમથકમાંથી સામે આવેલા દ્રશ્યોએ તંત્રના દાવાઓની ધજાગરા ઉડાવી દીધા છે. જે મુખ્ય ઈમારતમાં શહેરના પ્રથમ નાગરિક એટલે કે મેયર હિતેશ બારોટ અને મ્યુનિસિપલ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ બેસે છે, તે જ કચેરીના શૌચાલયની ગંદી અને દુર્ગંધયુક્ત હાલતે વહીવટી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. એક તરફ





અમદાવાદ શહેર માટે વાર્ષિક રૂ. ૧૮,૫૦૦ કરોડથી વધુનું જંગી બજેટ ફાળવવામાં આવે છે અને સફાઈના નામે કરોડો રૂપિયાના કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે. પરંતુ જ્યારે કોર્પોરેશનની પોતાની મુખ્ય કચેરીમાં જ શૌચાલયની આવી બદતર હાલત હોય, ત્યારે સામાન્ય નાગરિકો માટે બનેલા જાહેર શૌચાલયોની શું સ્થિતિ હશે તે કલ્પના કરવી જ મુશ્કેલ છે. AMC હેડક્વાર્ટરના વાયરલ થયેલા દ્રશ્યોમાં શૌચાલયમાં અસ્વચ્છતા, જાળવણીનો અભાવ અને દુર્ગંધ સ્પષ્ટપણે જોઈ શકાય છે. કચેરીએ આવતા સેંકડો અરજદારો અને મુલાકાતીઓ આ દુર્દશાનો સામનો કરવા મજબૂર બન્યા છે. આ ઘટના સામે આવ્યા બાદ જાગૃત નાગરિકો અને વિપક્ષ દ્વારા વહીવટી તંત્ર સામે આકરા પ્રહારો કરવામાં આવી રહ્યા છે: જો ૧૮,૫૦૦ કરોડ રૂપિયાનું બજેટ ધરાવતું કોર્પોરેશન પોતાની કચેરીના શૌચાલયો સ્વચ્છ રાખી શકતું ન હોય, તો આટલું મોટું બજેટ કયા કામોમાં વપરાય છે તે તપાસનો વિષય છે. દરરોજ આ જ ઈમારતમાં બેસતા મેયર, કમિશનર અને હેલ્થ વિભાગના ઉચ્ચ અધિકારીઓની નાક નીચે જ સફાઈના નામે મીંડું જોવા મળી રહ્યું છે.

## જામીન પર બહાર આવેલા આજીવન કેદના કિલરનો ખૂની ખેલ

### કૃષ્ણનગરમાં જૂની અદાવતમાં યુવકને ચાકુના ઘા ઝીંકી પતાવી દીધો!

અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા કૃષ્ણનગરમાં કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાવતી એક સનસનાટીભરી હત્યાની ઘટના સામે આવી છે. ભૂતકાળમાં હત્યાના જ એક ગંભીર ગુનામાં કોર્ટ દ્વારા આજીવન કેદની આકરી સજા પામેલો એક રીઢો ગુનેગાર જેલમાંથી જામીન પર બહાર આવ્યો હતો. બહાર આવતા જ તેણે પોતાના સાથીદાર સાથે મળીને જૂના ઝઘડાનું વેર વાળવા એક નિર્દોષ યુવક પર લોહિયાળ હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દેતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી સાથે ભયનો માહોલ વ્યાપી ગયો છે. મળતી વિગતો અનુસાર, જામીન પર મુક્ત થયેલા આ આરોપીને મૃતક યુવક સાથે અગાઉથી બોલાચાલી અને અદાવત ચાલી રહી હતી. આ જૂની ખારસ રાખીને



આરોપી પોતાના સાથીદાર સાથે ત્રાટક્યો હતો. વાતચીત દરમિયાન ઉગ્ર બોલાચાલી થતાં જ કિલરે તીક્ષ્ણ ચાકુ કાઢીને યુવક પર અંધાધૂંધ હુમલો કરી દીધો હતો. યુવકના શરીર પર એક પછી એક ચાકુના ત્રણ ઘા ઝીંકી દેવાતા યુવક રક્તરંજિત હાલતમાં રસ્તા પર ઢળી પડ્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવકનું ઘટનાસ્થળે જ અરેરાટીભર્યું મોત નિપજ્યું હતું. દિનદહાડે થયેલી આ ભયાનક હત્યાના સમાચાર મળતા જ કૃષ્ણનગર પોલીસ મથકનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

## નરોડા GIDC ના ફેઝ-3માં આવેલી ફેક્ટરીમાં ભીષણ આગ

### સવારના સમયે અચાનક અગનજ્વાળાઓ ઊઠી, ફાયર બ્રિગેડે ભારે જહમત બાદ આગ પર કાબૂ મેળવ્યો!

અમદાવાદ

અમદાવાદના નરોડા જીઆઈડીસી (GIDC) વિસ્તારમાંથી સવારના સમયે આગની એક ભયાનક ઘટના સામે આવી છે. નરોડા GIDC ના ફેઝ-૩ માં આવેલા પ્લોટ નંબર ૨૮૮ માં સ્થિત ફેક્ટરીમાં અચાનક વિકરાળ આગ ભભૂકી ઊઠી હતી. ફેક્ટરીમાંથી અચાનક ધુમાડાના કાળાડીબાંગ ગોટેગોટા અને અગનજ્વાળાઓ નીકળતી જોઈને આસપાસના અન્ય કારખાનાઓમાં કામ કરતા શ્રમિકો અને સ્થાનિક લોકોમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. ઘટના અંગે તાત્કાલિક અમદાવાદ ફાયર બ્રિગેડને કંટ્રોલ રૂમ દ્વારા જાણ કરવામાં આવી હતી. કૉલ મળતાં જ ફાયર બ્રિગેડની ટીમો ફાયર ફાઈટર્સ અને વોટર બ્રાઉઝરો સાથે તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. લાયબંબાના જવાનોએ વહેલી તકે ચારેય તરફથી પાણીનો મારો ચલાવીને આગને વધુ પ્રસરતી અટકાવવાનો અને કાબૂમાં લેવાનો યુદ્ધના ધોરણે પ્રયાસ હાથ ધર્યો હતો.



ફાયર ટીમોની સતત અને સરાહનીય જહમત બાદ આખરે ભીષણ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવાયો હતો. સૌથી રાહતના સમાચાર એ છે કે આ ભયાનક અકસ્માતમાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી કે કોઈ કર્મચારી ઈજાગ્રસ્ત થયો નથી. ઘટના સવારના સમયે બની હોવાથી ફેક્ટરીમાં શ્રમિકોની સંખ્યા ઓછી હતી અથવા સમયસર લોકોને બહાર નિકાળી લેવામાં આવ્યા હતા. જોકે, આગ એટલી ભીષણ હતી કે ફેક્ટરીમાં રાખવામાં આવેલો લાખો રૂપિયાનો કાચો તથા તૈયાર માલસામાન અને મશીનરી બળીને ખાખ થઈ ગયા હોવાનું પ્રાથમિક તારણ છે.

ફેક્ટરીમાં આગ શોર્ટ સર્કિટના કારણે લાગી કે અન્ય કોઈ કેમિકલ કે પ્રોસેસના કારણે, તે અંગે પોલીસ અને ફાયર વિભાગ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે. શું ફેક્ટરીમાં આગ બુઝાવવાના પ્રાથમિક સાધનો અને ફાયર સેફ્ટીની યોગ્ય વ્યવસ્થા કાર્યરત હતી કે કેમ, તે પણ તપાસનો વિષય બન્યો છે.

## વટવામાં કળયુગી પતિની વિકૃતિ: લગ્નના ચાર જ દિવસમાં પત્ની પાસે વર્જિનિટી ટેસ્ટની માંગ..!!

અમદાવાદ

અમદાવાદના વટવા વિસ્તારમાં રહેતી પરિણીતા સાથે લગ્નના ગણતરીના દિવસોમાં જ અમાનુષી અત્યાચાર ગુજારાયો હોવાની ગંભીર ફરિયાદ વટવા પોલીસ મથકે નોંધાઈ છે. લગ્નની શરણાઈઓના સૂર શમ્યા નહોતા ત્યાં જ પતિની વિકૃત મનોવૃત્તિ અને સાસરિયાઓની અસલીયત સામે આવી ગઈ હતી. લગ્નના માત્ર ચાર જ દિવસમાં પતિએ પત્નીને અત્યંત અપમાનજનક શબ્દોમાં કહ્યું હતું કે, 'હું પહેલાં તારી વર્જિનિટી ચકાસીશ, તું પવિત્ર છે કે નહીં તેની ખાતરી થયા બાદ જ આપણી વચ્ચે શારીરિક સંબંધ બંધાશે.' પતિના આ વિકૃત અને માનસિક હુમલાથી પરિણીતા સ્તબ્ધ થઈ ગઈ હતી. પીડિત મહિલાને લગ્ન બાદ ટૂંક સમયમાં જ જાણવા મળ્યું હતું કે તેનો પતિ પહેલેથી જ અન્ય મહિલા સાથે અનાચાર અને પ્રેમ સંબંધ ધરાવે છે. જ્યારે પત્નીએ આ ગેરકાયદેસર સંબંધો અંગે પતિ સામે વિરોધ દર્શાવ્યો અને વાત કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે પતિએ પોતાની ભૂલ સ્વીકારવાને બદલે પત્ની પર ગુસ્સો ઠાલવીને ઢોર માર માર્યો હતો. પત્નીના પોતાના અધિકાર અને સન્માનની વાત સાસરિયાઓને પણ મંજૂર નહોતી. પત્નીના અવાજને દબાવી દેવા માટે પતિ સહિત સાસરિયાઓએ માનસિક અને શારીરિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. સાસરિયાઓએ વધુ દહેજની માંગણી કરી પરિણીતાને મેણાં-ટોણાં મારી અસહ્ય યાતનાઓ આપી હતી.

**અમદાવાદના રિવરફ્રન્ટ પર સ્ટંટબાજોનો આતંક**

## એક જ બાઈક પર 5 યુવકોની મોતની સવારી, નંબરપ્લેટ ગાયબ!

### રિવરફ્રન્ટ જેવા સીસીટીવીથી સજ્જ માર્ગ પર દિવસદહાડે આવી રફતાર અને ખતરનાક મુસાફરી થાય છતાં ટ્રાફિક પોલીસ શું કરી રહી છે?

અમદાવાદ

અમદાવાદ શહેરના અત્યંત વ્યસ્ત અને હાઈસ્પીડ ગણાતા રિવરફ્રન્ટ રોડ પર આજે બપોરે કાયદા અને પોતાના જીવના ધજાગરા ઉડાડતો એક અત્યંત ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ગાંધી બ્રિજ નીચેથી પસાર થઈ રહેલી એક બાઈક પર એક-બે નહીં, પરંતુ પૂરા પાંચ યુવકો જોખમી રીતે સવારી કરતા નજરે પડ્યા હતા. આ ઘટનાનો વીડિયો અને વિગતો સામે આવતા જ ટ્રાફિક પોલીસની કામગીરી અને આવા બેફામ વાહનચાલકો સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. આજે બપોરે આશરે ૧૨:૩૦ વાગ્યાના સુમારે રિવરફ્રન્ટ રોડ પરથી પસાર થતા વાહનચાલકો તે સમયે સ્તબ્ધ થઈ ગયા, જ્યારે તેમણે એક બાઈક પર પાંચ યુવકોને સવાર



જોયા. બાઈકની મુખ્ય સીટ પર ચાર યુવકો ગીચોગીચ બેઠા હતા, જેમાંથી એક યુવક હેન્ડલ સંભાળીને રાઈડિંગ કરી રહ્યો હતો. આટલું ઓછું હોય તેમ, પાછળ બેઠેલા ત્રણ યુવકોમાંથી એક યુવકે સાઈડમાંથી બાઈકને પકડીને અત્યંત જોખમી અને ભયાનક રીતે લટકીને મુસાફરી કરી હતી. સહેજ પણ બેલેન્સ બગાડત તો એક જ ક્ષણમાં પાંચેય યુવકો રસ્તા પર પટકાઈને કાળનો કોળિયો બની શક્યા હોત. મોટર વ્હિકલ એક્ટના નિયમો અનુસાર બાઈક પર માત્ર બે વ્યક્તિઓ જ મુસાફરી કરી શકે છે. બેથી વધુ લોકો બેસવા એ કાયદાકીય રીતે ગંભીર ગુનો છે, ત્યારે આ યુવકોએ તમામ નિયમોને નેવે મૂકી દીધા હતા. વધુમાં, આ યુવકો પોલીસના સીસીટીવી કે ઈ-ચલણથી બચવા માટે ખુલ્લેઆમ ગેરકાયદેસરતા આચરી રહ્યા હોય તેવું સ્પષ્ટ દેખાઈ આવ્યું હતું. બાઈકની પાછળ કોઈ માન્ય નંબરપ્લેટ જ નહોતી! નંબરપ્લેટની જગ્યાએ માત્ર 'રામાધણી' લખેલી એક તકતી લગાવેલી હતી. આ દર્શાવે છે કે આ યુવકોને ટ્રાફિક પોલીસ કે કાયદાનો સહેજ પણ ભય રહ્યો નથી.


**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI